રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## માનવજાતનો ખંત



પર્સિવરન્સ રોવરનું તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ થયેલું મંગળ પર મંગળ ઉતરાણ...

વર્ષ: ૭૪ અંક : ૦૮ ૧૫ માર્ચ, ૨૦૨૧

તા.૦૩થી ૦૫ દરમિયાન ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી અંતર્ગત ચાલતાં ગુજરાતભરનાં ત્રીસેક લોક વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડીનેટર્સનો એક ત્રિદિવસીય વર્કશોપ લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રના આયોજનમાં યોજાઈ ગયો. ચારુસેટ યુનિવર્સિટીના કુલપતિ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રસિદ્ધ ખગોળ વિજ્ઞાની ડૉ. પંકજ જોશીએ બહુ જ રસપ્રદ રીતે 'વિજ્ઞાન, ભવિષ્ય અને ગાંધી' વિષય અન્વયે ચાવીરૂપ વ્યાખ્યાન રજૂ કર્યું.















# કોડિયું

વર્ષ : ૭૪ | માર્ચ : ૨૦૨૧ | અંક : ૦૮


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **શુભ 'મંગલ' હો!**<br>કોડિયું ટીમ | ...૩૧૪ |
| ૦૨ | **ગાંધીકુળનું મારું હિંદુત્વ**<br>મહેશ પઢારિયા | ...૩૧૫ |
| ૦૩ | **AlphaGo આવે છે...**<br>ચિરાગ કંટારિયા | ...૩૧૭ |
| ૦૪ | **'...એ શબ્દકોષ મારી ગરીબીનો આધાર છે!'**<br>ભદ્રાયુ વછરાજાની | ...૩૧૮ |
| ૦૫ | **ખેતમજૂરોને સ્વાવલંબન તથા આરોગ્ય આપતું પ્રાણી : બકરી**<br>નાનકભાઈ ભટ્ટ | ...૩૨૦ |
| ૦૫ | **સૂર્યપ્રકાશ' નો વધુ લાભ કઈ રીતે લઈશું?**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૨૨ |
| ૦૬ | **બાહુબળથી અદકેરું આત્મબળ**<br>રણછોડ શાહ | ...૩૨૬ |
| ૦૬ | **વસંત ઋતુનાં આહાર-વિહાર અને ઔષધ**<br>વૈદ્ય પ્રદીપ આસ્તિક | ...૩૨૮ |
| ૦૭ | **યુ.જી. કૃષ્ણમૂર્તિ અને 'ધ નેચરલ સ્ટેટ...'**<br>વિજય સોની | ...૩૨૯ |
| ૦૮ | હરેન પંચાલઃ કોલેજ ગયા વગર બન્યો કૃષિઓજારોનો સંશોધક<br>નિશા જન્સારી | ...૩૩૧ |
| ૦૯ | **મને ખુબ જ ગમતો મારો લેખ – 'મારી લોકભારતી!!!'**<br>જુગલકીશોર વ્યાસ | ...૩૩૪ |
| ૦૯ | **પ્રેરણાદાયી દાદા**<br>હસમુખ બોરાણિયા | ...૩૩૮ |
| ૧૦ | **કિન્નરોના દેશમાં – ૨**<br>ભાણદેવજી | ...૩૩૯ |
| ૧૧ | **પુનિત મહારાજનું આફ્રિકામાં દાન...**<br>રમેશ તન્ના | ...૩૪૫ |
| ૧૨ | **એક જ વાક્યમાં...**<br>કોડિયું ટીમ | ...૩૪૬ |
| ૧૩ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૪૭ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## તંત્રી સ્થાનેથી...

### પ્રગતિનું વિજ્ઞાન...

છેલ્લાં ૧૦૦ વર્ષમાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજી દ્વારા માનવજાતે જે પ્રગતિ સાધી છે, તે આપણી કુલ ઉત્ક્રાંતિમાં સાધેલી પ્રગતિ કરતાં સેંકડો ગણી વધારે છે. યુદ્ધો અને અભાવોએ આપણને નવીનવી શોધો કરવા પ્રેર્યા-મજબૂર કર્યા. સૌ પ્રથમ આપણે જરૂરિયાત આધારિત સંશોધનો કરતાં, એટલે મહદંશે પ્રક્રિયાઓ ઝડપી બની અને માનવશ્રમ ઘટ્યો. આપણી આસપાસ હજારો પ્રકારનાં સાધનો ખડકાયાં છે અને "સુખ-કેન્દ્રી" જીવનશૈલીની લગભગ સૌને ટેવ પડી ગઈ છે અને આપણે તેને વિકાસ કહીએ છીએ. પણ હવે ધીમે ધીમે માનવનો શારીરિક અને બૌદ્ધિક શ્રમ ઘટાડવા માટે જ વૈજ્ઞાનિક શોધો કરવામાં આવી રહી છે. અહીંયા થોડીવાર થંભીને વિચારવું જોઈએ. દરેક શોધ કોઈને કોઈ સમસ્યાના ઉકેલ તરીકે આપણી સામે આવી છે; પણ જે એક સમયે ઉકેલ હતી એ બાબત આજે અથવા આવતી કાલે નવી સમસ્યા બને તો? ઉદાહરણ તરીકે, ઉનાળાની કાળજાળ ગરમીમાંથી રાહત મેળવવા માટે એરકંડીશનર તો શોધ્યું પણ એનાથી બહારના વાતાવરણમાં જે ગરમી વધી એનું શું? સેટેલાઈટની મદદથી આજે દૂર-સંચાર ખૂબ જ સુલભ બન્યું છે પણ અવકાશ-પ્રદૂષણ આપણી પૃથ્વીને કોઈ જ અસર નહીં જ કરે એવું લાગે છે? આજે જે મોબાઈલ આપણે વાપરીએ છીએ તેમાંથી નીકળતું રેડીએશન આપણા શરીરને આવતાં ૨૦-૩૦ વર્ષમાં કેવી અસર કરશે એ આપણે જાણીએ છીએ? મંગળ પર પહોંચેલું પર્સીવરન્સ હોય કે પછી ગુગલ અલ્ફા-ગો હોય, આ બધી જ વિકાસ-યાત્રાઓ આપણને એક નિશ્ચિત દિશામાં વિચારવા પ્રેરે છે.

આ દિશા એટલે 'પ્રગતિનું વિજ્ઞાન' જેમાં પ્રગતિને લગતા તમામ નિર્ણયોને અનેક વિદ્યાશાખાઓના અભિગમથી તપાસવામાં આવે. આ એ જ વિજ્ઞાન છે જેણે આપણને બરાબર સમજાવ્યું કે 'ટકાઉ-વિકાસ' એ અધૂરી સંકલ્પના છે, વૈજ્ઞાનિક રીતે તો આપણે 'સંપોષિત-વિકાસ' તરફ જવાનું છે. હવે આપણે શાળા-કૉલેજોમાં આ વિજ્ઞાન શીખવવું પડશે તો અને તો જ આવનારી પેઢી માટે તંદુરસ્ત સમાજ અને પૃથ્વી બચશે. અત્યારે "વિકાસ" એટલે 'કૃષિ'માંથી મેન્યુફેક્ચરિંગ એકમો શરૂ કરવા એવી વ્યાખ્યા સ્વીકૃત બની છે. આમાં, સૌથી મોટા ત્રણ જોખમો છેઃ ૧) પ્રકૃતિ અને મનુષ્યની તંદુરસ્તીનો ભોગ લેવાય, ૨) એક જ પેઢીને મેન્યુફેક્ચરિંગનો લાભ મળશે કેમ કે ધીમેધીમે ઑટોમેશન દ્વારા વધુ ઉત્પાદન લેવામાં આવે છે, એટલે ભવિષ્યમાં રોજગાર એ મોટી સમસ્યા બનશે અને ૩) કૃષિ ઉપર નિર્ભર એવો મોટો વર્ગ મેન્યુફેક્ચરિંગની જરૂરી આવડતો ધરાવતો જ નથી, તો એમનું રી-સ્કીલિંગ કેવી રીતે કરીશું?

વધુ સુખ સગવડથી જે લોકો શરીરશ્રમ ઘટાડી/બંધ કરી રહ્યાં છે, એનાથી ધીમેધીમે એનું બૌદ્ધિક કૌશલ્ય, જે આપણે સદીઓથી કામ કરતાં-કરતાં જ પ્રાપ્ત કર્યું છે, એ ગુમાવી દઈશું. આ નુકસાન આખી માનવજાતનું છે. કારણ કે ઉત્ક્રાંતિવાદ સાક્ષી પૂરે છે કે માણસ અથવા કોઈપણ જીવ જે અંગ/યોગ્યતાનો ઉપયોગ કરવાનું બંધ કરી દે તે અંગ/યોગ્યતાને પ્રકૃતિ ધીમે ધીમે એમની પાસેથી પાછું લઈ લે છે (જુઓને આપણું પૂંછડું તો ગયું જ ને)! એટલે આપણે હવે કાં તો વૈજ્ઞાનિક રીતે શક્ય તેટલાં વધુ પાસાંઓને ધ્યાનમાં લઈને વિકાસને લગતા નિર્ણયો કરવા પડશે અથવા તો એની એક ચોક્કસ કિંમત ચૂકવવા તૈયાર રહેવું પડશે!

— [signature]

## શુભ 'મંગલ' હો!

**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

૧૯૬૦થી ૨૦૨૧ સુધીમાં મંગળ પર જવાના કુલ ૪૬ પ્રયત્નો વિવિધ દેશો દ્વારા થયા છે. જે પૈકી ભારત સહિતનાં ૨૧ પ્રયત્નો સફળ રહ્યા. પર્સીવરન્સ એ માનવજાતનો ૨૧મો સફળ-મંગળ પ્રયત્ન છે !

પ્રથમ રોવર ૧૯૯૭માં મંગળ પર ઊતરેલું. આજની તારીખમાં, ચાર રોવર્સ - Sojourner, Spirit, Opportunity અને Curiosity - બધાં સફળતાપૂર્વક આપણા લાલ ગ્રહ પર પર ઊતર્યાં છે. મંગળ પર સફળતાપૂર્વક ઉતરવા અને અભ્યાસ કરવા માટે પર્સિવરન્સ એ હવે પાંચમું રોવર છે.

Mars -૨૦૨૦ પર્સિવરન્સ મિશનનું મુખ્ય લક્ષ્ય પ્રાચીન જીવનની શોધ છે! આ કામ માટે રોવર મંગળ પરની જમીનના નમૂનાઓ એકત્રિત કરશે અને પૃથ્વી પર પરત ફરશે. આ ઉપરાંત મંગળ પરની આબોહવા અને ભૂસ્તરશાસ્ત્રનો પણ અભ્યાસ કરશે અને મંગળ પર ભવિષ્યમાં માનવજીવન શક્ય છે કે નહીં તે નિર્ધારિત કરવામાં મોટી મદદ કરશે.

વળી,આ વખતના રોવરમાં એક ખાસ બાબત એવી છે કે એમાં ઇનજેન્યુટી નામનું નાનું હેલિકોપ્ટર યાત્રામાં સાથે મોકલવામાં આવ્યું છે. આ હેલિકોપ્ટર મંગળ ગ્રહ પરની પહેલી રૉબોટિક સ્પેસ ફ્લાઇટનું પરીક્ષણ કરશે!

પર્સિવરન્સ એ મંગળ પર ઉતરનાર સૌથી આધુનિક રોવર છે એટલું જ નહીં, પણ તે સૌથી ભારે પણ છે! આ યાનનું વજન ૨૨૬૦ પાઉન્ડ (૧૦૨૫ કિલો) છે. આ સંદર્ભમાં, અન્ય રોવરના વજન અનુક્રમે Sojourner ૨૩ પાઉન્ડ, Spirit ૩૭૪ પાઉન્ડ, Opportunity ૩૭૪ અને Curiosity ૧૯૮૨ પાઉન્ડ હતા.

આ રોવરનું નામ પર્સિવરન્સ એટલે કે ખંત/ધૈર્ય રાખવા પાછળ પણ એક સુંદર ઘટના છે. નાસાએ ૨૦૧૯માં અમેરિકાના ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલું જેનો ઉદ્દેશ્ય આ રોવરને યોગ્ય નામ મળે એવો હતો. કુલ ૨૮૦૦ સ્પર્ધકોમાંથી ધોરણ-૭માં અભ્યાસ કરતા એલેક્ઝાન્ડર મેથર નામના વિદ્યાર્થીનો નિબંધ પસંદ કરવામાં આવ્યો અને આમ આ રોવરને 'પર્સિવરન્સ' નામ મળ્યું! એ બાળકના નિબંધનો એક અંશ જોઈએ:

"આપણે મનુષ્ય તરીકે એવી રીતે વિકસ્યા છીએ કે કોઈપણ પરિસ્થિતિમાં અનુકૂળ થવાનું શીખી જાય છે, પછી ભલે તે ગમે તેટલું કઠોર હોય. આપણે સંશોધકોની એક એવી પ્રજાતિ છીએ જેને મંગળ તરફ જવાના માર્ગમાં આપણે ઘણી મુશ્કેલીઓ પડવાની છે. પણ આપણે ખંતથી (પર્સિવરન્સ)થી આગળ વધીશું. એક નાનકડા દેશ તરીકે નહીં પણ માણસ તરીકે આપણે હાર માનીશું નહીં. માનવજાત ભવિષ્યમાં હંમેશાં મક્કમ રહેશે." - એલેક્ઝાન્ડર મેથર

પર્સિવરન્સ જ્યાં ઊતર્યું છે એ જગ્યા (જેઝેરો ક્રેટર) મહત્ત્વની છે. એવું માનવામાં આવે છે અહીંયા ભૂતકાળમાં એક વિશાળ તળાવ હતું એટલે અહીંયા પ્રાચીન જીવ-અવશેષો મળવાની સંભવાના છે. આ તળાવ ૨૮ માઇલ પહોળું છે અને તેમાં પ્રાચીન નદીનો ડેલ્ટા છે જેમાંથી આપણું આ રોવર નમૂનાઓ એકત્રિત કરશે.

મંગળ પર કેવો અવાજ આવતો હોય એ છે રેકોર્ડ કરવા માટે પર્સિવરન્સ બે માઇક્રોફોનથી સજ્જ છે જે આપણને મંગળ પરના અવાજના રેકોર્ડિંગ મોકલશે. મંગળનો અભ્યાસ કરવા માટે પર્સિવરન્સ ત્યાં ૬૮૭ દિવસ રહેશે. મંગળ પરના એક દિવસને 'સોલ' કહે છે જેનો સમય પૃથ્વી પરના દિવસ કરતા ૩૯ મિનિટ વધુ હોય છે. આ પહેલાનું

**(અનુસંધાન પાના નં. ૩૧૬ ઉપર)**

## ૦૨. સાંપ્રત

**ગાંધીકુળનું મારું હિંદુત્વ**
**મહેશ પઢારિયા**

---

હિંદુ હોવાનું અનહદ ગૌરવ અનુભવું છું, સાથેસાથે જજિયાવેરો વેઠીને પણ પોતાનો સ્વધર્મ જાળવી રાખવા માટે મારા પૂર્વજો પ્રત્યે પૂજ્યભાવ પણ જાગે છે.

એક સ્પષ્ટતા પણ ખરી કે મારું હિંદુત્વ ગાંધીકુળનું છે અને એટલે જ મારું હિંદુત્વ વિધર્મીઓને ભાંડવામાં જ સમાઈ જતું નથી.

મારું હિંદુત્વ મને ગોધરાકાંડ કે અનુગોધરાકાંડ બંનેમાંથી એકેયની તરફેણ કરવાની છૂટ નથી આપતું.

પાકિસ્તાનમાં આવેલી આપણા પ્રાચીન શિક્ષણની ધરોહર સમી તક્ષશીલા વિદ્યાપીઠ મારે મન પારકી નથી... લાહોર, કરાંચી કે પેશાવર મને લંડન-પેરિસ જેટલાં પારકાં નથી લાગતાં. અફઘાનિસ્તાનનો ગાંધાર પ્રાંત મને સતિત્વે ઉજ્જ્વળ એવી પ્રાતઃસ્મરણીય સતી ગાંધારીનું પુણ્યસ્મરણ કરાવી જાય છે. હિન્દુકુશ પર્વતમાળા મને ભારતની સરહદ ત્યાં સુધી લંબાતી હોવાનો વહેમ આપી જાય છે. આવો વહેમ મને સેવવો ગમે છે-મરઘી પોતાના ઈંડાને સેવે તેમ.

મિત્ર અનિશ ઈદની ખીર સ્નેહપૂર્વક આપી જાય છે, એ વધુ સ્વાદિષ્ટ લાગે છે. પવિત્ર રમઝાન માસના પૂરા ત્રીસ દિવસના તપ પછી આવતી ઈદની મુબારકબાદી મારા મુસ્લિમ મિત્રોને પહોંચાડવાની ઉતાવળ મને રહે છે. સામા પક્ષે બેસતા વર્ષના પ્રભાતે આવા મિત્રો તરફથી મળતી શુભેચ્છાઓની પ્રતીક્ષા કરવી પણ મને ગમે છે.

હિન્દુ તરીકે શાકાહાર મારો આદર્શ છે, પરંતુ શાકાહાર કે માંસાહારને હું કોઈ ધર્મ સાથે જોડતો નથી. માંસાહારી કરતાં શાકાહારી માણસ વધુ પવિત્ર હોય જ એવો વહેમ મને નથી જ નથી. મારે મન માણસની પવિત્રતા માપવા માટેના માપદંડ પ્રામાણિકતા, સહિષ્ણુતા, ભાઈચારો વગેરે વગેરે છે.

સ્વામીનારાયણ સંપ્રદાયની અસરથી મારા ઘેર ડુંગળી-લસણની પણ પાબંધી હોવા છતાં ડુંગળી-લસણ નહીં ખાતો માણસ ઑફિસમાં લાંચ ખાય એ મારે મન માંસાહારી જ છે.

ઘોંઘાટની બાબતે આઝાન અને આરતીના ઘંટારવને સરખા માર્ક આપું છું. રથયાત્રા, ગણેશ-વિસર્જન કે તાજિયામાં આખું વહીવટીતંત્ર પ્રજા કલ્યાણનાં કામો પડતાં મૂકીને ખડે પગે રહે તે મનને બેચેન બનાવનારું લાગે છે.

રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ કે અન્ય કોમી રમખાણોમાં બિચારી 'ગંગા સ્વરૂપ ભારતીયતા'ને ખૂણો પાળતી જોઈને મારું હૃદય કલ્પાંત કરી ઊઠે છે.

હિન્દુ તરીકે કોઈપણ નિર્દોષ પ્રાણીની હત્યા મને મંજૂર નથી. એટલે ગાયની હત્યા તો મંજૂર ન જ હોય! એ સહજ બાબત છે.

ગાયની હત્યાના સમાચાર મારા રૂંવાડાં ખડાં કરી દે છે. સાથે-સાથે પ્લાસ્ટિકના ડૂચા ચાવતી-નિષ્પ્રાણ ગાય જોઈને મારું હિંદુત્વ કકળી ઊઠે છે. ગોપાલકૃષ્ણને પૂજવાવાળા આપણે આ દૃશ્ય કેમ સહન કરતાં હોઈશું? એ મારો અનુત્તર રહેવા સર્જાયેલો યક્ષપ્રશ્ન છે.

ગોપાલકૃષ્ણએ ગૌશાળાનો આદર્શ આપ્યો. જ્યારે આપણો વર્તમાન સડે છે પાંજરાપોળમાં. ગૌશાળા અને પાંજરાપોળ વચ્ચે કૂવા અને ખાળકૂવા વચ્ચે હોય એટલું જ અંતર હોવાનું.

મને ગૌરક્ષા માટેના જલદ આંદોલનો કરતાં ડૉ. વર્ગિસ કુરિયનનો-કૃત્રિમ બીજદાન દ્વારા ગાયોની ઓલાદ સુધારી વધુ દૂધ ઉત્પાદન આપતી ગાયો તૈયાર કરવાવાળો

રચનાત્મક રસ્તો વધુ શ્રદ્ધેય લાગે છે. (ડૉ. કુરિયનની આત્મકથા 'મારું સ્વપ્ન' દરેક ગાયપ્રેમીએ વાંચવી રહી)

ગાયની જેમ આપણે આપણી સંસ્કૃતિના વાહક એવા તહેવારો-ઉત્સવોને પણ હડફેટે લેવામાં પાછા પડ્યા નથી. યુગપુરુષ કૃષ્ણના જન્મદિવસ જન્માષ્ટમીને આપણે જુગારાષ્ટમીમાં ફેરવી નાંખી એના માટે મુસ્લિમો જવાબદાર ખરાં?

જગદંબાની ઉપાસના પર્વ નવરાત્રીને આપણે વ્યવસાયિક બનાવીને, અંગ પ્રદર્શન દ્વારા વિકૃત બનાવી દીધી છે, ત્યારે કેમ કહેવાતા હિંદુત્વ ના ઠેકદારોના પેટનું પાણી પણ હલતું નથી?

ગણેશ ઉત્સવ દરમિયાન ઠેર-ઠેર ટ્રાફિકજામ દ્વારા ગણપતિને 'વિઘ્નહર્તા'ને બદલે 'વિઘ્નકર્તા' કરી મૂક્યા ત્યારે કોઈ વિરોધનો સૂર ઊઠ્યાનું મારી જાણમાં નથી.

'લવજેહાદ' વાસ્તવિક હોય તો તેના લીધે હિન્દુ તરુણીઓની વાજબી ચિંતા યોગ્ય ગણાય જ. એનો વિરોધ ન્યાયસંગત ગણી શકાય. સાથે-સાથે દક્ષિણના હિન્દુ મંદિરોમાં લગભગ વેશ્યાઓ (આ શબ્દ મંદિર જેવા પવિત્ર શબ્દ જોડે મૂકતાં મારો હાથ ધ્રૂજે છે) જેવું જીવન વ્યતિત કરતી દેવદાસીઓની ચિંતા પણ હિન્દુઓએ કરવી રહી.

મને પારાવાર આશ્ચર્ય તો એ વાતનું લાગે છે કે આદિ શંકરાચાર્યજીનો 'અદ્વૈતવાદ' અને 'અસ્પૃશ્યતા' બન્ને પરસ્પર વિરોધી બાબતો બહેનપણીઓની જેમ આપણે ત્યાં સાથે-સાથે ચાલ્યા... જામ્યા... અને હિન્દુ ધર્મના આત્યંતિક અનુયાયી, પોતાની જાતને 'સનાતની હિન્દુ' તરીકે ઓળખાવતા મહાત્મા ગાંધીને પણ કલંકિતતાનું પ્રમાણપત્ર આપવા મજબૂર કર્યા.

જન્મથી જ અમુક વર્ગને હીન ગણવાથી આ રાષ્ટ્રે કેટલું મોટું નુક્સાન વેઠ્યું છે એનો અંદાજ લગાવવા માટે સ્વામી સચ્ચિદાનંદજીનું પુસ્તક 'અધોગતિનું મૂળ વર્ણ વ્યવસ્થા' જોઈ જવા ભલામણ છે.

ઘરમાં ભગવદગીતા, રામાયણ કે મહાભારત ગેરહાજર હોય ત્યાં આપણું હિંદુત્ત્વ ખાસું બોલકણું હોય છે. એવો મારો વહેમ સાવ પાયા વગરનો તો નથી જ.

પાંચ ઉપનિષદોનાં નામો તાત્કાલિક આપી શકે એવા હિન્દુ યુવાનો કેટલા? આનો જવાબ કેટલો કંગાળ હોય શકે એનો અંદાજ મને છે.

હિંદુત્વની અસલી સુવાસ આપનારા ઉપનિષદો, મહાકાવ્યોના અભ્યાસુ યુવાનોની સંખ્યા જેટલી વધે તેટલું હિન્દુત્ત્વ પણ તેજસ્વી-ઓજસ્વી બનવાનું છે.

એ દિવસો શક્ય એટલા વહેલા આવે એવી પ્રભુપ્રાર્થના સાથે અટકું....

જય જગત.

**(અનુસંધાન પાના નં. ૩૧૪ ઉપરથી)**

ક્યુરિયોસિટી રોવર ૩૦૦૦થી વધુ સોલ્સથી મંગળનો અભ્યાસ કરી રહ્યું છે.

પર્સિવરન્સ રોવર ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ લગભગ ૩ વાગ્યે પર મંગળ પર ઊતર્યું અને સમગ્ર અમેરિકામાં અને દુનિયામાં અન્ય ઘણી જગ્યાએ લોકોએ ઉત્સવની જેમ આ ઘટનાને માણી છે. તેના ઉતરાણનો વીડિયો ખૂબ જ વાયરલ થયો છે. નાસા આ પ્રોજેક્ટ માટે ૧૧ વર્ષના સમયગાળા માટે કુલ ૨.૭૫ બીલિયન ડોલરનો ખર્ચ કરશે.

આ સમગ્ર મિશન વર્ષ ૨૦૨૦માં શરૂ થવાનું હતું પણ કોરોનાએ એને એક વર્ષ પાછળ ધકેલ્યું છે. પરંતુ કોરોના કાળમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ કરનારાં સૌને એક વિશેષ સન્માન આપવા માટે દુનિયાભરમાં સ્વાસ્થ્ય સેવાનું જે પ્રતીક છે એવા Rod of Asclepiusની એક નાનકડી પ્લેટ ઉપર બનાવીને તેને રોવર પર લગાવવામાં આવી છે. આ સમગ્ર મિશનના વડા મેટ વોલેસ જણાવે છે કે,લખ્યું છે કેઃ

"મંગળ પર જનારી ભવિષ્યની પેઢીઓ ૨૦૨૦માં જે સ્વાસ્થ્ય સેવા કર્મીઓએ યોગદાન આપ્યું છે એને યાદ કરે."

માનવતા દિવસેને દિવસે અવકાશમાં હરણફાળ ભરી રહી છે ત્યારે આ મિશન દ્વારા શુભ મંગલ થશે એવી આશા બંધાય છે!

## AlphaGo આવે છે...

**ચિરાગ કંટારિયા**
chiragvkantariya@gmail.com

---

આપણે ધીમે ધીમે આપણી બૌદ્ધિક ક્ષમતાઓ કમ્પ્યુટરને આપી રહ્યા છીએ. આ યાત્રામાં આપણે કેલક્યુલેટરથી શરૂ કરીને આજે AlphaGo સુધી પહોંચ્યા છીએ.

Go નામની રમતની શરૂઆત ચીનમાં ૩,૦૦૦ વર્ષ પહેલાં થઈ હતી. આ શતરંજ જેવી બોર્ડ ગેમ છે, જેને જીતવા માટે વ્યૂહાત્મક વિચારસરણીનાં અનેક સ્તરો જરૂરી હોય છે. આમાં સફેદ અથવા કાળા પત્થરો (કૂકરી)નો ઉપયોગ કરીને બે ખેલાડીઓ રમે છે. દરેક ખેલાડી પોતાના પથ્થરો એવી રીતે ગોઠવે છે કે જેથી સામેનાના પથ્થરોની ફરતે કોઈ પ્રકારની વાડ બનાવે. અને આમ કરવા જતાં પોતાના પથ્થરો સામેનાની કિલ્લાબંધીમાં આવી તો નથી જતાંને એ જુએ છે. આમ રમતાં રમતાં જેના પથ્થરો સૌથી વધુ બચે એ જીતે છે. આ રમતની વિશેષતા એ છે કે બ્રહ્માંડમાં જેટલા અણુઓ છે એટલી ચાલ આમાં ચાલી શકાય.

૧૯૯૬માં IBM કંપનીએ એવો સોફ્ટવેર બનાવેલો જેણે એ વખતનાં શતરંજના વિશ્વ વિજેતા એવા ગેરી કાસ્પારોવને હરાવેલો. ગુગલ આ રમતના વિશ્વ વિજેતા ખેલાડીઓ સામે એક સોફ્ટવેર મૂકે છે, જેનું નામ છે AlphaGo. કારણ કે આ રમતમાં માનવીય બુદ્ધિના મહત્તમ પાસાંઓનો ઉપયોગ થાય છે. એટલે હવે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ દ્વારા માનવ-બુદ્ધિની આ ચરમસીમાને મશીનમાં ફીટ કરવાની કવાયત ચાલી. આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ માટે પણ આ રમત સૌથી મોટો પડકાર બનીને સામે આવી કારણ કે કરોડો ચાલને એક એલ્ગોરીધમમાં કેદ કરવી એ નાનીસુની વાત નથી.

પણ ચમત્કાર કક્ષાનું કામ ન થાય તો એ આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ ન કહેવાય! સાઉથ કોરિયન Go ચેમ્પિયન લી સે-ડોલે આ રમતમાંથી વ્યાવસાયિક નિવૃત્તિ જાહેર કરી. કારણ કે એ AlphaGo સાથેની પાંચ રમતોમાંથી ચાર હારી ગયો. AlphaGo પ્રોફેશનલ Go ખેલાડીને હરાવનાર પ્રથમ કમ્પ્યુટર પ્રોગ્રામ છે, જે Go વર્લ્ડ ચેમ્પિયનને હરાવેલો પ્રથમ છે, અને લી સે-ડોલે ઇતિહાસનો સૌથી મજબૂત Go ખેલાડી છે.

આમાં મુખ્યત્વે સર્ચ-ટ્રીનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી સામેનો માણસ કઈ ચાલ ચાલી શકે અને તેના શક્ય તેટલાં પરિણામો (૧૦૦૦૦થી પણ વધારે) કેવા આવી શકે તેના આધારે પોતાની ચાલનો નિર્ણય કરવામાં આવે છે. બીજું, આ સોફ્ટવેરમાં રમતાં રમતાં શીખવાની ગજબની આવડત છે જે સામાન્ય રીતે માણસમાં જ હોય છે. લી સે-ડોલ સાથેની મેચમાં AlphaGo એક એવી ચાલ (જેને ચાલ નંબર ૩૭ કહે છે) ચાલી જેને શરૂઆતમાં તજજ્ઞો દ્વારા (લાઈવ કોમેન્ટ્રીમાં) વખોડવામાં આવી. બધા ખૂબ હસ્યા. પણ જ્યારે લી સે-ડોલ એ ચાલના લીધે થઈને જ હાર્યો ત્યારે AlphaGoના રચયિતાઓ પણ આશ્ચર્યચકિત થયા. કેમ કે ચાલ નંબર ૩૭ માણસ દ્વારા ૧૦૦૦૦ ચાલમાં એક વખત વપરાતી સર્જનાત્મક ચાલ છે!

AlphaGo સાથે રમત રમવાનો પોતાનો અનુભવ કહેતાં લી જણાવે છે કે 'શરૂઆતમાં તો મને લાગ્યું કે હું વિશ્વવિજેતા છું અને મારી સામે એક સોફ્ટવેર હશે જેને હું આસાનીથી હરાવીશ પણ ધીમે ધીમે મને સમજાયું કે હું ખોટો હતો. એક એવી વસ્તુ છે જેની સામે હું જીતી ન શકું!' આ વાક્યમાં ઘણું બધું કહેવાયું છે. માણસને પોતાનાં ચાતુર્ય વિશે જે અભિમાન હતું એનો હવે અંત આવ્યો છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં કહેવાય.

તો ગૂગલે આ કેવી રીતે કર્યું? તે AlphaGo રમવા

**(અનુસંધાન પાના નં. ૩૨૧ ઉપર)**

## ૦૪. કેળવણીના નવા આયામો

### '...એ શબ્દકોષ મારી ગરીબીનો આધાર છે!'

**ભદ્રાયુ વછરાજાની**

bhadrayu2@gmail.com

---

*સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ટંકારિયાની અર્ધશતાબ્દીએ હૃદયસ્પર્શી વાતો.*

સરકારી ઉત્તમ બુનિયાદી વિદ્યાલય, ટંકારિયાને પચાસ વર્ષ થયાં. તે નિમિતે એક સ્મરણ-ગ્રંથ તૈયાર થયો અને તેને મઠારવાનું ને સંવર્ધિત કરવાનું બીડું ઝડપ્યું દ્વારિકાવાસી પ્રેમાળ શિક્ષક ડૉ. ઈશ્વર પરમારે... જો કે, ઈશ્વરે લિખિત લાગણીઓ પર કાતર ન ફેરવી અને તેથી આ પુસ્તક શિક્ષકો અને વિદ્યાર્થીઓની નિજી સંવેદનાયાત્રા બની ગયું.

સામતભાઈ ડી. કાલરિયા નામના મક્કમ માસ્તરે લખ્યું: 'મારી પોતાની શિક્ષણની વ્યાખ્યા આપું તો એટલું જ કહી શકું કે "જીવન જીવવાના અનુભવોમાંથી પસાર થવું તે શિક્ષણ." મારી વિદ્યાર્થિનીઓને પણ હું કહેતો કે તમારી નોટમાં લખો કે પંદર વર્ષ પછી સાસરે જશો ત્યારે કામરિયા સાહેબને યાદ કરવા જ પડશે. ચાલો, હું સહી કરી દઉં. પાઠમાં આવતાં પ્રસંગોને અનુરૂપ વ્યવહારમાં સસરા પક્ષે ઊભા થતા પ્રશ્નોની હું છણાવટ કરતો અને તેમાંથી કેમ પાર ઊતરવું તે મારા અંગત જીવનના પ્રશ્નો ઉપરથી તારણ કાઢીને વિદ્યાર્થિનીઓને સમજાવતો. અમારા આચાર્ય સુરસંગભાઈને હું હંમેશા માસ્તર સંબોધનથી જ બોલાવતો. ખરેખર તેમણે મને સાચવ્યો છે. મારા અંદાજમાં કહેતો કે, 'સુરસંગભાઈ, હિન્દી કાવ્યો કેમ ભણાવવા તે મને નોકરીના ૧૫-૨૦ વર્ષે સમજાયું. આમ હું ભૂલનો એકરાર પણ કરી લેતો.'

બાબુભાઈ રાવલ એ ભણેલા-ગણેલા. એ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ ધરાવનાર. અને બીજા મસરીભાઈ. મસરીભાઈ એટલે ગામડાંમાં રહેતા શાળાનું શિક્ષણ પણ ન લીધું હોય તેવા, માત્ર ઘરે બેસીને અક્ષરજ્ઞાન મેળવીને લખતા વાંચતા શીખેલા એવા મસરીભાઈ. પણ આ બંને વચ્ચેની દોસ્તીને કારણે આ ટંકારિયાની શાળાને બહુ ફાયદો થયો. બંને વચ્ચેની સમાનતા કઈ? તો કે ગાંધી વિચારસરણી, ગ્રામોદ્યોગ, ખાદી, ખેડૂતો, નાના વર્ગની સેવા કરવાની વૃત્તિ, શિક્ષણ આપવાનો અભિગમ અને માનવતા. આ સદગુણો બંનેમાં સરખા અને આ સમાનતાને લઈને બંને નજીક આવ્યા... હવે સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલય ટંકારિયાના લેટરપેડ ઉપર બાબુભાઈએ જ મસરીભાઈને એક ચિઠ્ઠી લખી. એ ચિઠ્ઠીનાં પાંચ વાક્યો સાંભળવા જેવાં છે, આ વાત રાજશીભાઈ વારોતરિયા ટાંકે છે. ચિઠ્ઠી આ પ્રમાણે છે: 'આપણી મૈત્રી એવા પ્રકારની છે કે શરીર બે, પણ આત્મા એક. જેથી આપણી વચ્ચે નથી કદાપિ ગેરસમજ થઈ કે નથી ભવિષ્યમાં થવાની. આપણા વિચારોમાં કે માન્યતાઓમાં ક્યાંક અસમાનતા, માન્યતાભેદ વર્ષોથી છે. દરેક વ્યક્તિના ઘડતર પ્રમાણે એ રહે પણ. એ માન્સ્તાભેદ પ્રામાણિક હોવાથી આપણે એકબીજા ઉપર આપણી માન્યતાઓ દબાણ કરીને લડતા નથી, નિભાવી લઈએ છીએ. આપણે બંને તો એક નદીના બે કાંઠા છીએ!' આટલી નિખાલસતા અને સાલસતા શોધી જડે ખરી?

માલદેભાઈ વારોતરિયા લખે છેઃ 'ગરીબાઈ ઘરમાં બરોબરની ભરડો લઈ ગયેલી. મારા બે ભાઈઓ જે મારાથી મોટા તે સાથીપો કરે, બા બાપુજી મજૂરી કામ કરે, બહેનો પણ મજૂરી કામ કરે, જેમાં ઘરનો ગુજારો ચાલે. મારા ભણતર માટેનાં પાઠયપુસ્તકો તેમ જ પૂરક પુસ્તકો જેવાં કે નવનીતો, સ્વાધ્યાયપોથીઓ, નકશાપૂર્તિઓ, શબ્દકોશ વગેરે સાહિત્ય લેવાના પણ પૈસા નહિ. શનિ-રવિની રજાઓમાં હું મજૂરી કરીને આ ખર્ચાઓ પૂરા પાડવા પ્રયત્ન કરતો. ગરીબાઈ એટલી બધી કે ક્યારેક તો ઘરમાં ખાવાનાં પણ સાસાં. કપડાંમાં તો ચડ્ડી અને ટૂંકી બાયનો શર્ટ પહેરીને શાળાએ જવાનું. આમાં વળી પગમાં પગરખાંનો તો વિચાર જ કેમ કરવો! અને એવામાં શાળાના એક ભાષાશિક્ષકે એક ફતવો વધુમાં સંભળાવ્યો કે ધોરણ ૯ના વિદ્યાર્થીઓએ શબ્દકોશ ફરજિયાત વસાવવાનો છે. આખા વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૪ ભાષાશિક્ષક પાસે જમા કરાવવાના. ત્રણ દિવસની મહેતલ આપવામાં આવી. મારી મૂંઝવણમાં વધારો થયો કારણ કે ઘરે તો રૂપિયાની વાત જ થાય કેમ? ઘરમાં ફૂટી કોડી પણ નહીં. એક દિવસ ગયો, બીજો દિવસ ગયો અને ત્રીજો દિવસ પણ વાંજિયો ગયો. આખા વર્ગના રૂપિયા એકઠા કરી ભાષાશિક્ષકે યાદી વાંચી. બધાના રૂપિયા એકઠા થઈ ગયેલા પણ આ યાદીમાં મારું નામ નહીં. ન જ હોય ને! મારાથી ૪ રૂપિયા પણ ન બની શક્યા. સાહેબે યાદી હાથમાં રાખી મને વર્ગમાં જ ઊભો કર્યો. એમના સ્વભાવ પ્રમાણે મીઠો ઠપકો પણ આપ્યો. 'ભાઈ, ૪ રૂપિયા નથી બનતા તો શું કામ નિશાળે ધક્કા ખાય છે?' હું કંઈ જવાબ આપી ન શક્યો. શિક્ષક એની રીતે ખીજાતા જતા હતા અને હું વીલા મોઢે ઠપકો સાંભળી રહ્યો હતો. અને સજળ નેત્રે શિક્ષક સામે જોઈ મારી લાચારી વર્ગ સામે જ બતાવી રહ્યો હતો. હવે બન્યું એવું કે અમારી આ વાતચીત કાર્યાલય-કમ-સ્ટાફરૂમમાં બેઠાં બેઠાં અમારાં શિક્ષિકા કલાબેને સાંભળી. તેમણે ભાષાશિક્ષકને સ્ટાફરૂમમાં બોલાવ્યા અને સાચી વિગત સમજવા કહ્યું. મને પણ બોલાવ્યો અને આ ૪ રૂપિયા ન લાવવાનું સાચું કારણ કહેવા માટે જણાવ્યું. મને સ્ટાફરૂમમાં સાચી સ્થિતિ બતાવવામાં કોઈ સંકોચ ન થયો. મેં મારી પૈસા ન ભરી શકવાની મજબૂરીની સાચી હાલત બતાવી. મેં મારી સંપૂર્ણ ગરીબીની સ્થિતિનું વર્ણન તેમની સામે કર્યું અને કહ્યું, ''બેન ઘરમાં ક્યારેક જમવાનું પણ મળતું નથી. દુષ્કાળના વર્ષો છે પાઠ્યપુસ્તકો માંડ માંડ લેવાય છે. પણ બહેન, હું બીજાના શબ્દકોશમાંથી શબ્દો ચોક્કસ શીખી લઈશ, પણ મારાથી અત્યારે ૪ રૂપિયા તો ભરાય એમ નથી.'' એ બહેને મારી આપવીતી સાંભળી સજળ નેત્રે ભાષા શિક્ષક, કે જે કલાબહેનનાં પતિદેવ હતા, તેમને કહ્યું આ માલદેના શબ્દકોષના રૂપિયા આપણે ભરી દઈએ. તમે એની સ્થિતિ તો સમજો! સૌની સાથે મારા માટે પણ શબ્દકોષ આવી ગયો, જેને આજે ૪૫ વર્ષે પણ આ પ્રસંગની યાદી રૂપે મેં મારા જીવની જેમ સાચવી રાખ્યો છે. એ શબ્દકોષ મારી ગરીબીનો આધાર છે. ભલે અત્યારે હું ખૂબ જ સુખી છું. મારી આર્થિક સમૃદ્ધિ પણ સારી છે, પણ વારે પ્રસંગે એ શબ્દકોશને નિહાળીને મારી પાછળની સ્થિતિ અને હાલતને હું વાગોળું છું. આ પ્રસંગ મારા જીવન વિકાસનું એક પગથિયું બની ગયો છે.'

## ખેતમજૂરોને સ્વાવલંબન તથા આરોગ્ય આપતું પ્રાણી : બકરી

નાનકભાઈ ભટ્ટ
mail@shishuvihar.org

---

વિશ્વખાદ્ય સંસ્થાના અહેવાલ મુજબ એશિયા અને આફ્રિકાના ૪૨ ટકા લોકો બકરીના દૂધનો ઉપયોગ કરે છે. ઓછી મૂડી, ઓછી જમીન અને ઓછા ચારા ઉપર નિભાવ કરતી બકરી કુટુંબનાં બાળકો અને વૃદ્ધો સાથે સરળ રીતે મૈત્રી કરી શકતું દુધાળું પ્રાણી છે. વર્ષમાં ૧૭૦થી ૩૨૦ લિટર દૂધ આપતી બકરીની યોગ્ય માવજત થઈ શકે છે. અને તેના જૈવિક ગુણધર્મમાં નજીવો ફેરફાર કરતાં તે વર્ષમાં ૨૬૦ દિવસ સુધી દૂધ આપી શકે છે. વૃક્ષનાં પાન, થડ અને મૂળ-શિંગ કે ફળ ખાઈ શકતી બકરી સાથે અનુકૂળ ધાર્મિક લાગણીઓ જોડાયેલ ન હોઈ તે પાળવામાં અને તે વેચી નાખવામાં કે તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં અનુકૂળતા રહે છે.

ગુજરાત જેવા દૂધની ખેતી માટે જાણીતા પ્રદેશોમાં આજે ૫૩ ટકા ખેડૂતો નાના અને સીમાંત કદના છે. તેમની પાસે ખેત ઉદ્યોગમાં ટકી રહેવા જેટલી જમીન, પાણી અને મૂડી નથી. આથી તેઓ પોતાના ખેતરમાં ઊંચુ ઘાસ કે ચારો ઉગાડી શકતા નથી. આ સ્થિતિમાં ૧ ગાયના નિભાવ ખર્ચમાં પાળી શકાતી ૬થી ૮ બકરીઓ એક વર્ષ થતાં દર સાડા પાંચ મહિને ૨થી ૪ બચ્ચાં આપે છે. એક એકર જેટલી જમીન પર અત્યંત ઓછા પાણીથી ઉછરતાં સુ-બાવળ (લ્યુસીના)નાં નાનાં નાનાં કદનાં ૧,૦૦૦ વૃક્ષો ઉછેરી શકાય છે, જેનાં પ્રોટીનયુક્ત પાન ઉપર ૧૦૦ બકરીઓનો નિભાવ થઈ શકે છે.

સરેરાશ દોઢ લિટર દૂધ આપતી બકરીના દૂધમાં ફેટનું પ્રમાણ ઓછું અને પ્રોટીન અને મિનરલ્સનું પ્રમાણ વધુ હોઈ બાળકોના આરોગ્ય માટે સર્વશ્રેષ્ઠ રહે છે. દિવસમાં એક કરતાં વધુ વખત દોહી શકાતી બકરી તાજાં જન્મેલાં બાળકો માટે માતાના દૂધની ગરજ સારે છે. ઉપરાંત ઘટ્ટ કરેલું દૂધ માવા સ્વરૂપે બજારમાં ઊંચી કિંમતે વેંચી શકાય છે.

૨૮થી ૩૦ કિલોનું વજન ધરાવતી પુખ્તવયની બકરી પોતાના સમગ્ર શરીરનું વજન જમીનના અઢીથી ત્રણ ઈંચના ભાગ ઉપર કેન્દ્રિત કરી ચાલતી હોઈ, ઘાસના મૂળને સખત રીતે દાબી દે છે અથવા તોડી નાંખે છે. તે પ્રકારે તેના લંબગોળ મોઢાના આગળના ભાગે રહેલાં તીક્ષ્ણ દાંતોથી તે જમીન સરસાં ચોટેલાં ઘાસને મૂળ સહિત ઉખેડી નાંખે છે. આથી મેદાન કે ડુંગરોના ચરિયાણમાં ફરતી બકરી નુકસાન કરતી દેખાય છે અને શહેરોમાં લાંબા વાંસના છેડે દાતરડાથી વૃક્ષોને બોડાં કરતી ભરવાડોની બકરી તો પર્યાવરણની દુશ્મન જણાય છે. પરંતુ બકરીની ખોરાક મેળવવાની મર્યાદાને વ્યવસ્થામાં ફેરવી શકાય અને બકરીઓને બાંધી રાખી એક લાકડાના ખોખામાં ખોરાક આપવામાં આવે તો દિવસ દરમિયાન ૪થી ૬ કિલો ખોરાક સામે બકરી ૫૦૦ ગ્રામથી ૧.૫ કિલો જેટલી લીંડી (છાણિયું ખાતર) આપે છે, જેના ઉપયોગથી ૪ વ્યક્તિના ઘરવપરાશ જોગ બાયોગૅસ મળી શકે છે, અને છાણની સ્લરી એક ઉત્તમ પ્રકારનું ઑર્ગેનિક મેન્યુર બની જમીન સુધારણાનું કામ કરે છે. સુધારેલી જમીન ઉપજાઉ થતાં પ્રાકૃતિક ગતિચક્રને પોતાના મૂળ સ્તરમાં આગળ વધવા બળ મળે છે.

ગરમી અને ઠંડી સહન કરી શકતી બકરીને ચોમાસાની ઋતુમાં સંરક્ષણ આપવાની જરિયાત રહે છે. પોતાના લાંબા વાળના કારણે તેના શરીર ઉપર ફંગસ વિકસિત થાય છે, જે તેના શરીરનો તૈયાર ખોરાક ખાઈ લે

છે અને બકરીને ૧૫-૨૫ દિવસના ટૂંકા ગાળામાં મૃત્યુ પમાડે છે. પરંતુ વર્ષ દરમિયાન એક વખત ડીવર્મનો કોર્સ આપી બકરીનું આંતરિક કલેવર તંદુરસ્ત અને મજબૂત રાખી શકાય છે.

મહારાષ્ટ્રમાં કલ્યાણ અને થાણાની માફક ગુજરાતમાં સુરત અને અમદાવાદ બકરાંની લે-વેચનું રાષ્ટ્રીય સ્તરનું બજાર છે. એકલા રાણીપ (અમદાવાદ)માં જ રોજ ૬થી ૮ હજાર બકરાંની લે-વેચ થાય છે. રાજસ્થાનની પતેરી, કાઠિયાવાડની કાળીશિંગથી માંડી દેશી સફેદ બકરીના વેપાર માટે જાણીતા અમદાવાદના બજારમાંથી બકરા દક્ષિણ ભારત સુધી પહોંચે છે. રૂ.૯૦૦થી ૨,૫૦૦ના ભાવે વેચાતી બકરીમાંથી રૂ.૧૮૦નું ચામડું મળે છે. રૂ.૪૬થી ૭૨ના ભાવે મૂંડી, ફેફડાં અને હાડકાં વેચાય છે અને સરેરાશ ૧ કિલોના રૂ.૧૩૨ના ભાવે ૧૨થી ૧૫ કિલો મટન મળે છે. આમ બકરીની ૧ ટ્રક વેચનારને ટ્રકે રૂ.૧.૫ લાખનો ચોખ્ખો નફો મળે છે. જ્યારે મટન વેચનારને રોકાણ ઉપર ૪૦થી ૪૮ ટકા નફો મળે છે. આ ઉપરાંત બકરીના વાળમાંથી મજબૂત અને ટકાઉ દોરી બને છે, જેનો કલાત્મક ઉપયોગ શહેરમાં જોવા મળે છે. આજે બકરીના વાળની દોરી (વાણ)ની કિંમત ૧ કિલોના રૂ.૭૦ છે.

અનિયમિત વરસાદ, ગ્રામક્ષેત્રે વધતું સ્થાંતર જમીનના કદમાં ઘટાડો, જમીન ઉપરના કુલ લીલા પડવાસમાં દેખાતી તંગી જેવા પર્યાવરણલક્ષી પરિવર્તનોના કારણે હવે બકરી જેવા નાના કદના બહુઉપયોગ ધરાવતા સરળ પ્રાણીની આવશ્યકતા વિકસી છે. વૈશ્વિક જરૂરિયાત જણાતાં ૨૦૦૧થી ૨૦૦૫ દરમિયાન ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ઇઝરાયલ, ભૂતાન જેવા પહાડી પ્રદેશો ઉપરાંત વિશ્વ ગ્રામનાં ૧૨૭ સંકુલોમાંથી ઉત્તમ કોટીની ૫,૦૦૦ બકરીઓ એકત્ર કરી તેમાંથી વર્ણસંકર જાત 'સાનેન' ઉત્પન્ન કરાઈ છે. હિન્દુસ્તાનના પશ્ચિમ પ્રદેશોના ઉષ્ણતામાન અને ભૂસ્તરને અનુરૂપ 'સાનેન' જાતની બકરીઓનું ઉત્પાદન રૂરલ એગ્રીકલ્ચર ઇન્સ્ટીટ્યુટ નારણ્યનગાંવ (તા.જુન્નર, જિ.પુના-મહારાષ્ટ્ર)માં છે. આ બકરી પોતાના દૂધ-ઉત્પાદનમાં, રોગપ્રતિકારમાં, બચ્ચાંના ઉત્પાદનમાં અને પોતાના માંસના વજનમાં ઉત્તમ રહી છે. આ જાતની ઓલાદ દક્ષિણ ભારત ઉપરાંત

બાંગ્લાદેશમાં પણ ગૃહઉદ્યોગરૂપે પ્રસ્થાપિત થઈ છે.

દૂધ-ઉત્પાદનની પડતર કિંમત રૂ.૩૨થી રૂ.૩૮ સુધી પહોંચી  છે અને બજારમાં ભેળસેળયુકત સિન્થેટિક મિલ્ક જાણીતું બન્યું છે, ત્યારે બહેનો સ્વાવલંબન અને આરોગ્ય માટે બકરીને ગૃહઉદ્યોગ તરીકે પ્રચલિત કરે તે આવશ્યકતા છે. એગ્રોવેસ્ટ, સિટિવેસ્ટ અને ઘરનાં વાડામાં ઊગતાં ઝાડ-પાન ઉપર જીવી શકતી બકરીના ઉછેર સાથે રોજગારને જોડી શકાય તો અનેક કુટુંબો ઘર બેઠાં સ્વમાનભેર રોજગાર મેળવી શકે અને 'અબુખાંની બકરી' નામે સાહિત્યની વાત આમ માણસના જીવનમાં સુખાકારી આપનાર બની રહે.

●---------●●●--------●●●---------●

શિશુવિહાર, ભાવનગર -૩૬૪૦૦૧, મો. ૯૮૭૮૪૬૩૪૮૯

**(અનુસંધાન પાના નં. ૩૧૭ ઉપરથી)**

માટે ન્યુરલ નેટવર્કનો ઉપયોગ કરીને ઊંડાણપૂર્વક શીખે છે. હજારો વર્ષથી હજારો માણસોએ આ રમત રમતાં રમતાં જે લાખ્ખો પ્રકારની ચાલ રચી છે તે અને તે સિવાયની કરોડો ચાલ અત્યારે એક સોફ્ટવેર પાસે આવી ગઈ છે. આ સોફ્ટવેર અને તેની અંદર વપરાયેલી વિવિધ ટેક્નૉલૉજી માત્ર આ રમત પૂરતી જ સીમિત રહેશે એવું તમને લાગે છે? અરે, આની મદદથી આપણે અનેક અસાધ્ય રોગોને નાથી શકીશું, યુદ્ધો અટકાવી શકીશું, પ્રકૃતિનું સંરક્ષણ કરી શકીશું અને જે કામ કરતાં આપણને દશકા લાગે છે તેને કલાકોમાં કરી શકીશું.

AlphaGo આપણી નાનકડી પણ મજબૂત શરૂઆત છે.

## સૂર્યપ્રકાશ' નો વધુ લાભ કઈ રીતે લઈશું?

હીરજી ભીંગરાડિયા
krushidampati@gmail.com

---

આપણને દેખીતી રીતે ગરમ લાગતો 'તડકો' એ તડકો નથી પણ 'શક્તિ' છે. એ બાબત પૃથ્વી પર વસનારા જીવોએ અને ખાસ કરીને જેનું મગજ વિકસ્યું છે અને બુદ્ધિ ચલાવી શકે છે, તેવી મનુષ્ય જાતિમાંથી એનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હોય તેવી સંખ્યા કેટલી? સૂર્યમાંથી નીકળતા એ અવિરત શક્તિધોધને કેમ માણી લેવો, તેને આપણા રોજીંદા ઉપયોગમાં કેમ વણી લેવો, તેનો વધુમાં વધુ કસ જીવન-જરૂરિયાતના ઉત્પાદનમાં કેમ ગંઠી લેવો તે વિષે ગંભીરતાથી વિચાર્યું છે ક્યારેય?

સૂર્યશક્તિને રોજીંદા વપરાશના કામમાં મદદરૂપ થવા રૂપાંતરિત કરવાનાં કેટલાક સોલાર ઉપકરણો બનાવવા બદલ વાંહો થાબડવા જેવું વિજ્ઞાનીઓનું કામ રહ્યું છે. પણ ખેતીવાડીના ક્ષેત્રમાંયે એ વિષયના રસજ્ઞોએ આ બાબત ઊંડાણથી વિચારવું પડશે તેવું નથી લાગતું? ખરું કહીએ તો સૂર્યપ્રકાશનો ખરો ઉપયોગ તો કરી જાણે છે વનસ્પતિ! એની આવડત તો જૂઓ! પોતાના પાંદડાંના લીલા રંગની ઝાળમાં સૂર્યપ્રકાશને એવો તો ફસાવી દે છે કે મૂળિયાંએ ચૂસેલો કાચો ખોરાક અને હવામાંથી ભેગા કરેલા અંગારવાયુની સાથે રાંધણું કરી, ખોરાકને પોતાને ખાવાયોગ્ય ન બનાવી દે ત્યાં સુધી છૂટો નહીં કરવાનો, બોલો! સૂર્યપ્રકાશ એટલે વનસ્પતિનો 'રસોયો' જ સમજોને!

પણ એ તો થઈ વનસ્પતિ જગતની તાકાતની વાત! એમાં આપણું શું? આપણે પણ કંઈક આપણાપણું ન દેખાડવું પડે? વનસ્પતિની ભેરે ચડી, તે સૂર્યપ્રકાશનો વધુમાં વધુ કેમ ઉપયોગ કરી શકે તેવા કોઈ ઇલમો યોજી શકીએ તો તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય! વનસ્પતિની પોતાની સૂર્યશક્તિ વાપરવાની ત્રેવડ અને એમાં ભળે આપણો ખેડૂતોનો ઇલમ! પરિણામ? પરિણામમાં—ઉત્પાદન મળે અઢળક! સૂર્યપ્રકાશને ખેત ઉત્પાદનમાં વણી લેવાની વાત લાગે છે જટ ગળે ન ઉતરે એવી, ખરુંને મિત્રો! પણ આ નવી લાગતી વાતને બરાબર ઊંડાણથી સમજીએ તો જરાય અચરજ પમાડે એવી નહીં લાગે.

સૂર્ય સમગ્ર જીવસૃષ્ટિનો પિતા ગણાયો છે. આપણા પ્રત્યેની કૃપારૂપી સૂર્યપ્રકાશના ઉમદા કિરણોનું પ્રદાન આપણા ખેતી વ્યવસાય પર અમાપ છે. પણ તે પ્રકાશનો થઈ શકે તેટલો વધુ ઉપયોગ કરવાનું ગોઠવી શકીએ તો હજુએ મબલખ ઉત્પાદન મેળવી શકવાના પૂરા ચાંસ રહેલા છે.

સૂર્ય પ્રકાશ બાબતે આપણે 'સારાવાળા' છીએ= આપણો ભારત દેશ વિષુવવૃત્તની નજીક આવેલો હોઈ સૂર્યભગવાનનાં કિરણોનો લાભ ભરપૂર મળે છે. તેમાંયે ગુજરાત-મહારાષ્ટ્રની લાઇનના અને દક્ષિણના રાજ્યોને કાશ્મીર અને પંજાબની અપેક્ષાએ ખૂબ વધારે-રોજના ઓછામાં ઓછા દસ કલાક સૂર્યપ્રકાશ મળવો તે સામાન્ય બાબત છે. ખેતી અંગેની એકદમ આધુનિક અને આગોતરી સૂઝ ધરાવતા મહારાષ્ટ્રના કૃષિ વિજ્ઞાની સ્વ. દાભોલકરજી કહી ગયા છે કે આટલી સૂર્યશક્તિ કેવળ એક ચોરસફૂટ પર એટલી ઊર્જા પાથરે છે કે એના દ્વારા એક જણનું એક ટંકનું ભોજન તેમાંથી બની શકે, બોલો!

એને જરા ગણિતમાં જોઈએ તો= સામાન્ય કામ

કરનારો માણસ રોજની ૨૫૦૦ કિલો કેલરી શક્તિ વાપરે છે. પૃથ્વી પર પડતાં એ આખા દિવસના સૂર્યપ્રકાશને પૂરેપૂરો ઝીલવામાં આવે તો એક ચોરસફૂટની જગ્યા ઉપર રહેલું બે લીટર પાણીએ પોતાની ગરમી દ્વારા વરાળ થઈ હવામાં ઊડાડી મૂકે છે. એને વિજ્ઞાનની ભાષામાં ૧૨૦૦ કીલો કેલરી ગણવામાં આવે છે. બેશક, એ ત્યારે બને  જ્યારે બે ચોરસફૂટ જગ્યા ઉપર લીલા રંગનાં પાન એ સૂર્યકિરણોને ઝીલવા હાજર હોય! સૂર્યનાં કિરણોમાં સાત રંગ હોય છે. વનસ્પતિના પાંદનો રંગ લીલો હોય છે એટલે લીલા રંગ સિવાયના અન્ય રંગના કિરણોને પાંદડાં માહ્યલાં હરિતદ્રવ્યો પોતાની ઝાળમાં ફસાવી ચસમાવી લે છે અને આ રીતે વનસ્પતિ સૂર્યશક્તિના સહારે હવામાંના કાર્બન ડાયોક્સાઇડ તથા મૂળ વડે શોષાયેલ પાણી દ્વારા શર્કરા-ગ્લુકોઝ તૈયાર કરે છે.

જેટલો સૂર્યપ્રકાશ આવે છે તે તમામનો સો એ સો ટકા ઉપયોગ કરી શકીએ તો રોજની ૧૨૫૦ કીલો કેલરી શક્તિ દર ચોરસફૂટે તૈયાર થાય. ચએ ગણતરીએ એક ટંકનું એટલે કે અર્ધા દિવસનું ભોજનૃ પણ તે અઘરું છે. આટલા મોટા આવતા શક્તિધોધનો માત્ર એક જ ટકો જો લીલાં પાંદડાં દ્વારા ઉપયોગમાં લઈ શકીએ તો પણ રોજની સાડાબાર કીલો કેલરી એકઠી કરી શકીએ અને તેટલામાંથી મોટાભાગના ઝાડ-પાન ત્રણ ગ્રામ સુકું વજન મેળવે છે.

પાકનું બાળપણ અને વૃદ્ધાવસ્થા બાદ કરી પુખ્તતાના માત્ર એકસો દિવસ ગણીએ તો પણ રોજના ત્રણ ગ્રામના હિસાબે ૩૦૦ ગ્રામ સૂકું વજન વનસ્પતિ બનાવી શકે છે. તેના ૧/૩ ભાગ એટલે કે ૧૦૦ ગ્રામ વજન પોતાના શ્વસન આદિ કાર્યશક્તિમાં ખર્ચે છે. બીજો ૧/૩ ભાગ—મૂળ, લાકડું, જેવા પોતાના શરીરના બંધારણમાં વાપરી છેલ્લો બાકી રહેતો ૧/૩ ભાગ-યાને કે ૧૦૦ ગ્રામ વજન ઉત્પાદનના રૂપમાં આપે છે. પછી તે અનાજ હોય, ફળ હોય કે લીલાં શાકભાજી હોય. કયો પાક કેટલા લાંબા આયુષ્ય વાળો છે તે પ્રમાણે તેની જિંદગીના યુવાનીના દિવસો દરમ્યાન વધુમાં વધુ સૂર્યપ્રકાશ વાપરી જાણે તેટલું તે વિક્રમી ઉત્પાદન મેળવવામાં સક્ષમ બને છે.

કોણ કેટલું વજન આપે?= જો અનાજ હોય તો તેમાં ૯૦ ટકા ધાન્ય અને ૧૦ ટકા પાણી હોય, એટલે કે ચોખા, જુવાર, ઘઉં, બાજરી, મકાઈ વગેરે ધાન્યપાકોમાં ૧૦૦ દિવસ બાદ દર ચો.ફૂટે ૧૦૦ ગ્રામ વજન મુજબ ૧૦ ચો. ફૂટમાંથી ૧ કીલો વજન આપવાની ત્રેવડ સૂર્યશક્તિ ધરાવે છે.

મગફળી જેવા તેલીબિયાંના પાકમાં ૫૦ ગ્રામ તેલમાં ૧૦૦ ગ્રામ અનાજ જેટલી કાર્યશક્તિ મળે છે. તેથી તેવા બીજા પાકના મળતાં વજનની સરખામણીએ તૈલીપાકમાં અર્ધું જ વજન મળે. એટલે ૧૦ ચો.ફૂટના બદલે ૨૦ ચો.ફૂટમાં ૧ કીલો શીંગદાણા મળે અને દ્રાક્ષ જેવામાં ૧૦૦ ગ્રામ સૂકા વજનમાં ત્રણગણું પાણી ઉમેરીએ તેવો લચીલો પદાર્થ હોય છે. એટલે ૧ ચો.ફૂટમાં ૪૦૦ ગ્રામ લીલી દ્રાક્ષ તૈયાર થઈ શકે. ટામેટા, કાકડી, તરબૂચ વગેરેમાં ૯૦ ટકા પાણી હોય છે. વળી, તે બધાના છોડવા-વેલા પોતાના શરીર માટે બહુ ઓછું વજન વાપરવાવાળા હોવાથી બાકીનું વધારાનું વજન ઉત્પાદનના ફાળે જ ખર્ચતા હોવાથી એ બધા પાકો વર્ષભરમાં ૫-૬ કીલો વજન આપી જાણે છે. તે જ રીતે શેરડી જેવા પાકો ૧ ચો.ફૂટે અઢી કીલો મુજબ વર્ષે દહાડે એકરે ૧૦૦ ટન શેરડી ઉત્પન્ન કરી શકે.

આપણે કૃષિક્રાંતિ લાવનારાઓએ, કંઈક આગવું વિચારનારા પ્રયોગશીલ ખેડૂતોએ આપણા વિસ્તારને અનુકુળ લેવાતા પાકોમાં વધુને વધુ સૂર્ય પ્રકાશ પાકના પાંદડાંઓ કેમ શોષી શકે એવા નુસ્ખા અને પદ્ધતિઓ શોધી કાઢીને વ્યાપકપણે વપરાતા થાય તેમ ન કરવું જોઈએ ? ચાલો વિચારીએ! વિચારશું તો ઉપાયો જરૂર મળી રહેવાના મિત્રો!

સૂર્યપ્રકાશનું માપ કેમ કાઢવું?= પ્રકાશની તીવ્રતા માપવા માટેનું પરિમાણ છે—'ફૂટ કેંડલ'. એક હજાર સળગતી મીણબત્તીઓ એક ફૂટની ફેરી પર જેટલો પ્રકાશ આપે તેને એક હજાર ફૂટકેંડલ પ્રકાશ કહેવાય. કેલીફોર્નિયામાં

દ્રાક્ષ પર થયેલ સંશોધનની વિગતમાં એવું જણાવાયું છે કે દ્રાક્ષના પાન ૭૦૦૦ ફૂટકેંડલથી વધારે પ્રકાશ વાપરી શકતા નથી. આપણે ત્યાં મહારાષ્ટ્ર-ગુજરાત જેવા પ્રદેશોમાં પડતો સૂર્યપ્રકાશ આશરે ૧૧૦૦૦ ફૂટકેંડલ જેટલો છે. એટલે મહારાષ્ટ્રના ખેડૂતોએ, ખાસ કરીને ત્યાંના પ્રયોગ-પરિવારે દ્રાક્ષ પાસે વધુ પ્રકાશ વપરાવવાના કાર્યક્રમો આરંભ્યા અને અગાઉ જ્યાં દ્રાક્ષની વેલીનાં પાન મંડપ ઉપર માત્ર આડા, ઊભા અને ત્રાંસા-એમ ત્રણ થરે ગોઠવી દીધા પછી, હજુ પણ કેટલોક સૂર્યપ્રકાશ જમીનપર પરાવર્તિત થઈ પાનની નીચેની સપાટીને મળે તેવી વ્યવસ્થા ગોઠવી અને એક એકરે જ્યાં ૧૬ ટન દ્રાક્ષ મળતી હતી તેની જગ્યાએ ૩૦ ટન લેવાના પ્રયોગો સફળ બનાવ્યા.

શું આપણે આવું ન કરી શકીએ? કેમ નહીં? આપણે આવું જરૂર કરી શકીએ. કેવી રીતે તે જોઈએ...

(૧) ચાલુ ખેતીપાકોના વાવેતર વખતે ચાસની યોગ્ય દિશા પસંદ કરીને= મોસમી પાકોમાં કેટલાક થોડા ઊંચા-ઊભા વધતા અને બે ચાસ વચ્ચે વધુ અંતર રાખી વવાતા પાકો જેવા કે—તલ, કપાસ, એરંડા જેવા પાકોમાં વાવેતર વખતે આપણે પૂર્વ-પશ્ચિમ ચાસની દિશા રાખી હોય તો આખા ચાસને સૂર્યપ્રકાશ વધારે વખત મળી શકે કે ચાસની દિશા ઉત્તર-દક્ષિણ રાખી હોય તો? કઈ રીતે રાખવાથી વધુમાં વધુ વખત સૂર્યપ્રકાશ ચાસના છોડના દરેક ભાગો પર પડશે તેનું નિરીક્ષણ કરી વાવેતર કરવું જોઈએ. નહીં કે ખેતરનો પનો જે દિશાએ લાંબો હોય તે દિશાને ઉત્તમ ગણીને! કેટલાક ચોમાસે વવાતા, શિયાળે વવાતા, અને ઉનાળે વવાતા ટૂંકાગાળાના છતાં ચાસથી વાવેતર થતું હોય તેવા પાકોમાં આ મુદ્દાનું ધ્યાન રખાયું હોય તો દસ-બાર ટકા ઉત્પાદન આપમેળે માત્ર યુક્તિથી જ વધુ મળવાની શક્યતા છે.

(૨) નાના પાકોને મોટા પાકોની બગલમાં ઉછેરીને= વનસ્પતિ જગતમાં જોવા મળતી અનેક વિવિધતાઓ માંહ્યલી એક એ પણ છે કે કોઈ ઝાડ-છોડને વધુ સૂર્યપ્રકાશ ફાવે છે તો કોઈને ઓછો! કેળ અને અનાનસ થોડા આછા પ્રકાશમાં પણ સારું ઉત્પાદન આપી શકે છે. લીંડીપીપરને પણ ઓછો પ્રકાશ ફાવે છે. આવા નાના પાકોને બીજા વૃક્ષપાકોની બગલમાં નીચે વાવીને-ઊંચા વધતાં અને નીચા રહેતાનું મિશ્ર વાવેતર કરીને સૂર્યપ્રકાશનો વધુ લાભ લેવાનું ન ગોઠવી શકીએ?

આદુ, હળદર અને આંબા હળદર પણ તલક છાંયડો વધુ પસંદ કરે છે. બગીચાનાં ઝાડનાં ખામણાંમાં આવા છોડના વાવેતરથી આપણે બમણો પાક ન લઈ શકીએ? જમીન ઉપર ઉગતા ઘાસને પણ પ્રમાણમાં ઓછા સૂર્યપ્રકાશની જરૂર પડતી હોય છે. બે વૃક્ષોની લાઇનો વચ્ચે જ્યાં જમીન નબળી હોય અને બીજો આંતરપાક લેવો ન પોસાય તેમ હોય ત્યાં ઘાસને છૂટથી થવા દેવું જોઈએ. તેનો ઉપયોગ જરૂર હોય તો ચારા તરીકે અને નહીં તો વાઢીને ત્યાંને ત્યાં પાથરી દેવાય તો પણ જમીનની ફળદ્રુપતામાં વધારો કરી શકાય છે. આવી જગ્યાઓમાંથી નિંદામણ માની ઘાસને મૂળસમેત ઉખાડી ન લેવું

(૩) વાવેતરના ઊંચા-નીચા માળ ગોઠવીને= પ્રાયોગિક ધોરણે કેટલાંક નવાં પ્લાન્ટેશન એવાં ન કરી શકાય કે જેમાં ઊંચા વધતાં સાગ જેવા, મધ્યમ ઉંચાઇએ વધતાં શૃપ ટાઇપના સીતાફળ અને દાડમ જેવા અને બન્નેના ખાલામાં ચવચ્ચેની જગ્યામાં નીચા રહેતા અને જમીન પર પથરાતા કઠોળ, શાકભાજી કે ઘાસચારાના પાકો ઉગાડીએ! આવી ઊંચી, મધ્યમ અને નીચી વિવિધ ત્રણથરી ઊંચાઈએ રહેતા પાકોની મિશ્રખેતી કરી હોય તો આવું જ કંઈક થાય ને? ઉપરથી આવતો સીધો પ્રકાશ ઉપલા માળવાળા સાગ જેવાં ઝાડ વાપરે, તેથી નીચે આવેલો પ્રકાશ શૃપટાઇપના ફળવાળા દાડમ જેવા પાક વાપરે અને બધામાં થી ગળાઈ ગળાઈને આવેલો સૂર્યપ્રકાશ નીચલા માળના શાકભાજી, કઠોળ કે ઘાસચારાના પાકો વાપરે. સૂર્યપ્રકાશની ખેતી માટે આ ત્રણ માળનો પ્રયોગ કરવા જેવો છે. પ્રયોગ રૂપે કંઈક જરૂર કરી જોઈએ અને અનુભવની આપ-લે કરીએ.

(૪) વૃક્ષ-વેલાનાં પાંદડાંને વધુ સપાટી મળે એવું

કરીએ= વૃક્ષોનું વાવેતર ક્યારેય એટલું બધું ઘાટું—નજીક નજીક અંતરથી ન કરીએ કે જેથી તે ગીચ બની જાય. થોડું વધુ અંતર રાખી રોપણ કર્યું હોય તો દરેક વૃક્ષની ઘટા ગોળ-પૃથ્વીના અર્ધગોળાકાર જેવી થઈ શકે. જમીનની સાવ સીધી સપાટ સપાટી કરતાં ઝાડની ગોળાઈવાળી સપાટી બનવાથી તેનું ક્ષેત્રફળ વધારે ચોરસફૂટ થાય. એટલે એકંદર રીતે ઉત્પાદનમાં એટલો વધારે સૂર્યપ્રકાશનો લાભ મળી શકે.

વેલાવાળા પાકો-તુરિયાં, કારેલાં, ટીંડોરાં, કંકોડાં, ગલકાં, દૂધી વગેરેના વેલાને સીધા જમીનની સપાટી ઉપર પથરાવા દેવા ઉપરાંત વચ્ચે વચ્ચે સૂકાં ઠરડાંના ટેકા ખોડી, વેલાને તેના પર ચડાવીએ તો સૂર્યપ્રકાશ મેળવતાં પાંદડાંનું ક્ષેત્રફળ વધી જાય, એટલે ઉત્પાદન આપણને સવાયું-દોઢું સહેજે મળે! તમે નિરખજો! કૂવાના ગાળના ઢગલા ઉપર પથરાઈ ગયેલાં કે શેઢાની વાડ્યનાં ઝાળાં માથે ચડી ગયેલાં શાકભાજીના વેલાને વધુ ફળો લાગવા એ આ રીતે વધુ ઝીલી લેવાતા સૂર્યપ્રકાશનું જ કારણ હોય એવું તમે પણ ચોક્કસ અનુભવી શકશો. ટામેટા અને મરચી જેવા ઢુંગલું થઈ નમી પડતાં છોડને આડો પડી જતાં અટકાવી, ઊભોને ઊભો રહે તે માટે ચાસ પર લોખંડનો તાર બાંધી કપડાના લીરા કે સુતળીથી બાંધી લટકાવી દેવાથી સૂર્યપ્રકાશ મેળવતી સપાટી વધારી શકાય છે અને એનો બહુ મોટો લાભ ઉત્પાદનમાં મેળવી શકાય છે.

(૫) પાંદડાંનો રંગ વધુ વખત લીલો રહે તેવી અનુકુળતા કરીને=છોડ કે ઝાડને ખાતર, પાણી અને સંરક્ષણ એવી રીતે પૂરાં પાડવા કે છોડ કાયમ માટે પૂરેપૂરો નિરોગી અને ખડતલ રહે. સંપૂર્ણ સ્વસ્થ છોડના પાનનો રંગ હંમેશાં વધુમાં વધુ વખત લીલો રહી શકતો હોય છે. અને લીલો રંગ સૂર્યપ્રકાશને ફસાવવાનું અને ખોરાક બનાવવામાં વાપરી જાણવાનું બહુમૂલું કામ કરી જાણે છે. એટલે આપણા ખેતીપાકો વધુ વખત હરિયાળા-લીલા રહે એવું કરવાની મહેનત લઈએ.

અને છેલ્લે= પૃથ્વી પર આવનારી સૂર્યશક્તિને દિવસ દરમ્યાન વાપરી લેવામાં ચએકઠી કરી લેવામાં ન આવે તો રાત્રી પડતાં તે અનંત વિશ્વમાં ઉત્સર્જિત થઈ વિલીન થઈ જાય છે. એથી જ્યાં જેટલો સૂર્યપ્રકાશ પડે છે ત્યાં તેટલાને કેમ વધારેને વધારે વાપરી જાણવો તે વિખરાઈ જતાં ધનને સાચવી લેવા જેવી તાકીદની બાબત છે. તેની તાકાત તો રોજના ૩ ગ્રામ સૂકા વજનની ગણતરીએ વરસભરમાં ૧૯૮૦ ગ્રામ સૂકું વજન આપી શકવાની છે. આપણે કયા કયા પાકો દ્વારા અને કઈ કઈ પદ્ધતિઓથી સૂર્યપ્રકાશને પકડી રાખવો તે આપણે વિચારી નક્કી કરવાનું રહ્યું.

●---------●●●--------●●●---------●

પંચવટી બાગ, માલપરા જિ.ભાવનગર
ચમો. ૯૩૨૭૫ ૭૨૨૯૭

તને પી ગયો છું ગજાથી વધારે,
મને તું ચડી છે નશાથી વધારે.

કણું કાઢવાનું સ્મરણ આજ અમને,
હજી ખૂંચતુ છે કણાથી વધારે.

હવે તો પતન એનું નિશ્ચિત થવાનું,
ધજા ફરકે છે જે હવાથી વધારે.

ઘણા આવે, ઊભા રહે, પાછા ચાલે,
નથી કાંઈ હું ઉંબરાથી વધારે.

પછી એ ગઝલનું થશે પોસ્ટમોર્ટમ,
મળી દાદ જેને બધાથી વધારે.

ફક્ત ગોઠવણથી જીવી ના શકાયું,
ઘણું છે બીજું 'ગાલગા'થી વધારે.

**-માધવ આસ્તિક**

# ૦૬. અભિવ્યક્તિ

## બાહુબળથી અદકેરું આત્મબળ

**રણછોડ શાહ**
amityschool1986@gmail.com

---

સામાન્ય રીતે બાળપણમાં પડેલ ટેવો જીવનપર્યંત રહે છે. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં' આ સનાતન સત્ય છે. જીવનઘડતરનો આ અત્યંત નાજુક અને અગત્યનો તબક્કો છે. આ ઉંમરે મનમાં રોપાતાં વિચારોરૂપી બીજ જ ત્યારબાદ વૃક્ષ સ્વરૂપે વિકસે છે. સાચે જ અને સાચું જ કહેવાયું છે કે કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે. નાનપણમાં રોપવામાં આવેલા સ્વચ્છતા, સત્ય અને સ્વાવલંબનના ગુણો જ યુવાનવયે ઉપયોગી બને છે. શાળા અને કુટુંબની એ જવાબદારી છે કે બાળકમાં ઉત્તમ ગુણોનું આરોપણ થાય તેની કાળજી રાખે. આ ઉંમરે જ નિર્ભયતા, આત્મવિશ્વાસ અને સાહસનાં બીજ રોપાઈ જવા જોઈએ. જો તેમ કરવામાં ચૂક થાય તો મોટપણે તે ગુણો વિકસાવવાનું ખૂબ મુશ્કેલ બને છે.

એક હાથી પાસેથી યુવાન પસાર થઈ રહ્યો હતો. તેણે હાથીનું કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યું તો જોયું કે હાથી બહુ દૂર સુધી ચાલીને જઈ શકતો નથી. યુવાનને થયું કે આટલું કદાવર જાનવર કેમ લાંબુ અંતર ચાલી શકતો નથી. હાથીની નજીક જઈને તેણે જોયું તો હાથીનો પગ પાતળી દોરીથી એક ખીંટી સાથે બાંધી દેવામાં આવ્યો હતો. તેથી હાથી વધારે દૂર સુધી હાલી-ચાલી શકતો ન હતો. અરે! તે તેને બાંધવામાં આવેલા કમ્પાઉન્ડની બહાર ફરવા પણ જઈ શકે તેમ શક્ય નહોતું. એટલું જ નહીં પરંતુ હાથી તે દોરી તોડી શકવા સમર્થ હોવા છતાં પણ તે પ્રયત્ન કરતો નહોતો. યુવાનને આ જોઈને આશ્ચર્ય થયું!

યુવાને હાથીને તાલીમ આપતા ભાઈને ત્યાં ઊભેલા જોયા. તેમને પૂછ્યું, 'આ હાથી આટલી પાતળી દોરી પણ તોડી શકતો નથી? દોરીને કારણે તો તેનું હરવા-ફરવાનું મર્યાદિત થઈ ગયું હોવા છતાં પણ તે દોરીના ત્રાસમાંથી છૂટવા માંગતો નથી?' તાલીમ આપનાર ભાઈ બોલ્યા, 'દોસ્ત, આ જ તો તકલીફ છે. સાચી વાત તો એ છે કે હાથી નાનો હતો ત્યારે આ દોરીથી તેને બાંધવામાં આવ્યો હતો. તે ઉંમરે તે જરૂરી હતું. વળી, તે નાનો હતો ત્યારે કદાચ દોરી તોડી શકે તેવી શક્તિ ધરાવતો ન હતો. પરંતુ તે મોટો થયો પછી પણ તે તોડવા સમર્થ નથી તેવું તેના મનમાં જડબેસલાક બેસી ગયું હતું. આ તેની મર્યાદા બની ગઈ.'

'પાંખ હોવી, એટલું કંઈ પૂરતું હોતું નથી,
જોમ સાથે ઊડવાની ચાહ હોવી જોઈએ.'

—શીતલ ગઢવી

યુવાન તો આશ્ચર્યચકિત થઈ ગયો. આટલા કદાવર હાથી માટે તો આટલી પાતળી દોરી તોડવાનું કામ તો રમત વાત હતી. પરંતુ તેની માન્યતા એવી દૃઢ થઈ ગઈ હતી કે તે દોરી તોડી શકશે જ નહીં અને તેથી તે દોરી તોડવાનો પ્રયત્ન પણ કરતો ન હતો. નાના બાળકોને પોલીસની, બાવાની, કોઈ પ્રાણીની કે ભૂતની બીક બતાવી ધારેલું કામ કરાવી લેતાં મોટેરાંઓ એ સમજવા જ તૈયાર નથી કે આ બીક તો જીવનભર ઘર કરી જાય છે. કેટલાંય યુવાનો—યુવતીઓ વંદા, ગરોળી કે કૂતરાંને જુએ તો ત્યાંથી ભાગી જાય છે. નાનપણમાં બનેલ કોઈ પ્રસંગે તેમને ભયભીત બનાવ્યાં હોવાથી મોટી ઉંમરે પણ તે બીક તેમનાં મનમાંથી દૂર થતી નથી. બાળપણમાં જ બાળકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને

સ્વાવલંબન જેવા ગુણો સ્થાપિત કરવા જોઈએ.

એક ઉદ્યોગપતિ મોટા દેવામાં ડૂબી ગયા. તેમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો તેમને મળતો ન હતો. લેણદારો કડક ઉઘરાણી કરી રહ્યા હતા. તે બગીચામાં બેઠો બેઠો વિચારી રહ્યો હતો કે તેની કંપનીને બંધ થતી કેવી રીતે અટકાવી શકાય? ત્યાં જ અચાનક એક વૃદ્ધ માણસ તેની પાસે આવ્યો અને બોલ્યો, 'તમે કોઈ તકલીફમાં હોય તેમ લાગો છો.' ઉદ્યોગપતિની મુશ્કેલી સાંભળ્યા બાદ વૃદ્ધે કહ્યું, '''હું તમને મદદ કરી શકું તેમ છું. તે વૃદ્ધે દસ લાખ ડોલરનો ચેક લખ્યો અને ઉદ્યોગપતિના હાથમાં મૂકતાં બોલ્યો, '''લો, આ ચેક. આજથી બરાબર એક વર્ષ બાદ તમે મને આજ જગ્યાએ મળજો. ત્યારે મને ચેકની રકમ પરત કરજો.' આટલું કહી વૃદ્ધ ત્યાંથી જતો રહ્યો. ઉદ્યોગપતિએ તેની શરત સ્વીકારી એક વર્ષ બાદ રકમ પરત કરવાનું વચન આપ્યું.

ઉદ્યોગપતિએ જોયું તો તેને દસ લાખ ડોલરનો ચેક મળ્યો હતો. ચેક ઉપર દુનિયાના સૌથી વધુ ધનિકોમાંના એક તેવા વોરેન બફેટની સહી હતી. ઉદ્યોગપતિની આર્થિક સમસ્યા ઉકલી ગઈ. ચેકને બેંકમાં જમા કરાવવાને બદલે તે ચેક પોતાની પાસે સાચવી રાખ્યો. તેણે વિચાર્યું કે જો કોઈ કટોકટી ઊભી થશે તો તેની પાસે ચેક તો છે જ. બદલાયેલ પરિસ્થિતિમાં તેણે પુનઃ કાર્યની શરૂઆત કરી. ઉત્સાહપૂર્વક સખત મહેનત સાથે પોતાનું કામ ફરીથી શરૂ કર્યું. તેને વધારે પ્રમાણમાં અને મોટા મોટા ઓર્ડર્સ મળવા લાગ્યા. થોડાક જ મહિનામાં તે દેવું ચૂકતે કરી શકાય તેટલું ધન કમાઈ ગયો. ટૂંક સમયમાં તે ધનવાન બની ગયો.

વચન આપ્યા પ્રમાણે એક વર્ષ બાદ તે ચેક લઈને બાગમાં ગયો. તેને પેલા વૃદ્ધને ત્યાં બેઠેલો જોયો. ઉદ્યોગપતિ વૃદ્ધને ચેક આપવા જતો હતો ત્યાં જ એક નર્સ દોડતી આવી અને વૃદ્ધને પકડી લીધો. તે ઉદ્યોગપતિ તરફ જોઈ બોલી, ''તમને વૃદ્ધે કોઈ તકલીફમાં તો નથી મૂકયા ને? તે હંમેશા ગાંડાની હોસ્પિટલમાંથી ભાગી જાય છે અને લોકોને કહે છે કે તે વોરેન બફેટ છે!' નર્સ વૃદ્ધને લઈને ત્યાંથી જતી રહી. ઉદ્યોગપતિએ આશ્ચર્યચકિત થઈ આંચકો અનુભવ્યો. સમગ્ર વર્ષ દરમિયાન તે એમ જ વિચારીને કાર્ય કરતો હતો કે તેની પાસે દસ લાખ ડોલરનો ચેક છે!

જીવનમાં સંપત્તિ કરતાં આત્મવિશ્વાસ મોટો ભાગ ભજવે છે. દોલત કરતાં હિંમત ઘણી વધારે ઉપયોગી બને છે. સાધન કરતાં સાધના ચડિયાતી છે. ભૌતિક બાબતો બહારથી પ્રાપ્ત થાય. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ તો અંતરના ઊંડાણમાંથી આવે. હાર્યા વિના, હિંમતથી આગળ વધતી વ્યકિત વિજયપતાકા લહેરાવી જ શકે છે. ગમે તેવા અંધકારમાંથી આત્મવિશ્વાસને અજવાળે આગળ વધી જ શકાય છે.

'એક દિન તમન્નાને જિંદગી કે આંચલ મેં સર રખ કર પૂછા

'મૈં પૂરી કયોં નહીં હોતી?' જિંદગીને મુસ્કરાકર કહા,
'જો પૂરી હો જાય વો તમન્ના નહીં હોતી...'

આચમન :'જેવી કરે છે કરણી, તેવી તુરંત ફળે છે.
બદલો ભલાબૂરાનો અહીંનો અહીં મળે છે!
ઊંચે ચડે છે જ્યારે સૌને જે તુચ્છ ગણતાં,
પટકાય જ્યારે નીચે, ત્યારે ખબર પડે છે!

— અજ્ઞાત

એમિટી સ્કૂલ, ભરૂચ.
મો., ૯૯૭૯૮૬૧૬૩૧

## વસંત ઋતુનાં આહાર-વિહાર અને ઔષધ
### વૈદ્ય પ્રદીપ આસ્તિક

---

વસંત ઋતુ આબાલ-વૃદ્ધ સૌ કોઈને મનગમતી ઋતુ છે. આપણા કવિ-લેખકોએ તો આ ઋતુ પર વિશાળ સાહિત્ય સર્જન કર્યું છે. તેનું કારણ આ ઋતુનું અત્યંત ખુશનુમા વાતાવરણ છે. અતિ ઠંડી નહીં કે અતિ ગરમી નહીં, ખુલ્લું સ્વચ્છ આકાશ, નવપલ્લવિત થયેલાં વૃક્ષો, બાગ-બગીચા, ખીલેલા ફૂલોની તેમ જ આમ્રમંજરીની મનમોહક સુંગધ, ભ્રમરોનું મધુર ગુંજન, તેમ જ કોયલનો મીઠો ટહુકાર આ દરેક અનુભવોથી આપણે વસંતઋતુના આગમન વિષે જાણી શકીએ છીએ.

આપણે ત્યાં ફાગણ અને ચૈત્ર માસમાં વસંત ઋતુનો પ્રભાવ જોવા મળે છે. મનુષ્યોની પ્રકૃતિ અને સ્વભાવની માફક દરેક ઋતુની પ્રકૃતિ અને સ્વભાવ પણ અલગ-અલગ હોય છે. એ મુજબ વસંતઋતુની પ્રકૃતિ અને સ્વભાવ સ્નિગ્ધ છે. તેમ જ સમગ્ર સજીવ સૃષ્ટિમાં આ વસંત ઋતુ મધુરપણું ઉપજાવે છે. પરિણામે વસંતઋતુમાં કફનો પ્રકોપ થાય છે. તેમાં પણ કફની પ્રકૃતિ ધરાવતાં લોકો તો કફથી થતાં અનેક રોગોથી હેરાન-પરેશાન થઈ જાય છે. હેમંત અને શિશિર ઋત દરમિયાન લેવાયેલ પોષક આહાર જો અપક્વ અવસ્થામાં કાચા આમ સ્વરૂપે શરીરમાં સંગ્રહાયેલ હોય તો વસંતઋતુના તાપને લીધે પીગળે છે. આથી આ ઋતુમાં કફનાં અનેક દર્દોનો સામનો કરવો પડે છે.

શરદ ઋતુ અને વસંત ઋતુ અંગે આયુર્વેદના ગ્રંથોમાં લખાયું છે કે શરદ ઋતુ એ રોગોની માતા છે. તો રોગોનો પિતા એ વસંતઋતુ છે. જેથી સ્વસ્થ રહેવા ઇચ્છતા સૌ કોઈએ આ બે ઋતુ દરમિયાન તો પોતાના આહાર-વિહાર આયુર્વેદના આચાર્યોએ સૂચવ્યા મુજબ રાખવા જોઈએ.

આ ઋતુમાં આરોગ્ય સાચવવા માટે અહીં દર્શાવેલ આહાર-વિહારનું પાલન કરી કફના દર્દોથી દૂર રહી શકાય છે.

(૧) સવારમાં શરીરને પૂરતા પ્રમાણમાં તકડો મળે તે રીતે ત્રણ-ચાર કિલોમીટર ચાલવું જોઈએ. આથી શરીરમાં વધેલા કફનો ઉપદ્રવ શાંત થાય છે. 'ભાવપ્રકાશ' નામના ગ્રંથમાં તો 'વસંતે ભ્રમણામ્ પથ્યમ્' કહી ચાલવાનું મહત્ત્વ સ્વીકારાયેલું છે.

(૨) વસંત ઋતુમાં કફનાં દર્દોથી પરેશાન ન થવું હોય તો બપોરના સુવાની આદત છોડવી જોઈએ તે સાથે જ ખોરાક પણ સરળતાથી પાચન થઈ શકે તેવો લેવો જોઈએ.

(૩) આહારમાં ગળ્યો, ચીકણો અને પચવામાં ભારે એવો ખોરાક ન લેવો જોઈએ. બાળકોની કફ પ્રકૃતિ હોય તેમને પણ આ ઋતુમાં ચોકલેટ, પીપરમેન્ટ, આઇસ્ક્રીમ, દહીં તેમ જ મેંદાની બનેલ વાનગીઓ ન આપવી જોઈએ.

(૪) આ ઋતુમાં ઉપવાસ-એકટાણા અચૂક કરવા જોઈએ. કફનો ઉપદ્રવ વધુ હોય તો વૈદ્ય-ડૉકટરની દેખરેખ નીચે વમન-વિરેચન કરી શકે તેવાં ઔષધોનું સેવન કરવું જોઈએ.

(૫) પીવાના પાણીમાં ચપટી સૂંઠ નાંખી, તેને ગરમ કરી આ પાણી જ દિવસ દરમિયાન પીવાથી અસાધ્ય ગણાતા કફના રોગો પણ મટે છે.

ટૂંકમાં, વસંતઋતુ દરમિયાન ચીકણો, ગળ્યો, ખાટો અને ભારે ખોરાક ન લેવાથી વસંત ઋતુમાં સૌનું આરોગ્ય જળવાઈ રહે છે.

## ૦૭. કલાવિથિકા

**યુ.જી. કૃષ્ણમૂર્તિ અને 'ધ નેચરલ સ્ટેટ...'**
**વિજય સોની**

---

સંત એ છે કે જે ચાબુક મારીને તમને પરમ સત્ય (જો હોય તો) બતાવે છે. હવે એ સત્ય શું છે? એ તમારે પામવું પડે છે? એ મળી શકે છે? કોઈ બીજા દ્વારા પામી શકાય છે કે એકલા પામી શકાય છે? એ સત્ય શાશ્વત છે? એક ને મળે એ જ માર્ગે બીજાને મળી શકે?

આ બધા પ્રશ્નો આપણને ઉદભવતા હોય અને એને માટે આપણે અનેક લોકોને વાંચવાનું ...માથા-પચ્ચીસી કરવાનું થયું હોય તો આપણે યુ. જી. કૃષ્ણમૂર્તિને પણ વાંચવા જોઈએ. પીટર મેવરિકે (મેવરિક એટલે સ્વતંત્ર વિચારયુક્ત માણસ, એ પણ આ પુસ્તક સાથે બંધબેસતું છે) યુ.જી. કૃષ્ણમૂર્તિના વિચારને જોડીને સંપાદન કર્યા છે. જો કે આવી કોઈ શાશ્વતતાના... પરમ સત્યનાં ફીનોમિનનને યુ.જી. કૃષ્ણમૂર્તિ નકારે છે. એ કહે છે કે આપણે માત્ર લિવિંગ ઓર્ગેનિઝમ છીએ બીજું કશું જ નહીં (આવું ફિટઝોફ કાપ્રા પણ એમના પુસ્તક 'ધ હીડન કનેક્શન'માં કહે છે) તમે વિચારી જુઓ કે જો કશુંય પામવા લાયક ન હોય અને કંઈ પણ ટ્રેંસેન્ડટલ (પારલૌકિક) ન હોય તો માણસ કેટલી હળવાશ અનુભવે? કેટલા બધા બાવાઓની દુકાન બંધ થઈ જાય? પણ આટલાં વર્ષોમાં આપણે આપણી કોન્સિયસ (ચેતના) સાથે ખેલ કરીને એટલી બધી કોમ્પ્લેક્સ (સંકુલ) કરી નાખી છે કે હવે કશુંય શોધવાનું ન હોય તો અડવું અડવું લાગે છે!

એક વાર શેતાન અને એનો પડખિયો ચાલતાં ચાલતાં જતા હતા ત્યારે શેતાનના આસિસ્ટન્ટે શેતાનને કહ્યું કે "જુઓ, પેલો માણસ સત્યની નજીક પહોંચી ગયો છે. એને રોકો નહિતર એ પહોંચી જશે..." શેતાને કહ્યું, "રહેવા દે, તું ચિંતા ન કર. હું એને મળેલા સત્યને ઓર્ગેનાઇઝ્ડ કરી નાખીશ... ઇન્સ્ટીટ્યુશનલાઈઝ્ડ કરી નાખીશ..." પછી શેતાને એ નિર્મળ સત્યને ધર્મોમાં ફેરવી નાખ્યું. આમ ક્રમશઃ ધર્મો-ઈશ્વરો અને સાધુબાવાઓની શરૂઆત થઈ હશે. આ અનુ-કોરોના કાળમાં દર ત્રીજો વ્યક્તિ ફિલોસોફર થઈ ગયો છે અને એણે એના જીવન વિશે પાળી રાખેલા ચોક્કસ ભ્રમ તૂટી પડ્યા છે. માણસની રોજ-બ-રોજની વાતોમાં જીવનની નિઃસારતાની, દાળમાં કરેલા વઘાર જેવી વાસ આવ્યા કરે છે. ત્યારે મારા ધ્યાનમાં યુ. જી. કૃષ્ણમૂર્તિ ચડી ગયા. માનવીય મૂલ્યો અને શાશ્વતતા વચ્ચે ફરક હશે અને હશે જ... ઓશો અને જે.કૃષ્ણમૂર્તિ કરતા યુ.જી. થોડા વધુ વાસ્તવિક અને અપથ્ય (સરળતાથી ન પચે એવા) મને લાગ્યા છે. વળી એ હંમેશાં ડીનાયલ મોડમાં હોય એવું લાગે. (હું, મારા ઘરમાં તમને એમ કહું કે તમારે અહીં બેસવાનું નથી તો પછી તમારે ક્યાં બેસવાનું છે એ પણ મારે કહેવું પડે...)

યુ.જી. કૃષ્ણમૂર્તિ બીજા બાવાઓની જેમ ઉપદેશ આપતા નથી, એ કશું પણ કહીને આપણને શીખવાડવાના પક્ષમાં નથી. એ માત્ર આસપાસના આવરણો કે આપણે જે બોજ ઉપાડીને ચાલીએ છીએ એને ફેંકી દેવાનું કહે છે.

ક્રિયાઓ-માન્યતાઓ-વિભાવનાઓ વગેરે જેને લીધે આપણને ભાર અનુભવાય છે, યુ.જી. એનાં ભુક્કા બોલાવી દે છે. એમ કરતાં ક્યારેક એ ગુસ્સે થઈ જાય છે. કડવું બોલે છે. જે.કૃષ્ણમૂર્તિ માટે એમણે એકવાર કહ્યું હતું કે 'એ માણસ

વીસમી સદીની સૌથી મોટી બનાવટ છે' ઓશોને એ 'પોર્નાવતાર' કહેતા. 'ઓશો એ એવો માણસ છે જે છોકરા-છોકરીને સંભોગ વડે પરમ સ્થિતિને પામી શકાય છે એવું જૂઠ શીખવે છે.'

મિત્રો... યુ.જી. ક્યારેક ઝેન બુદ્ધિઝમની નજીક લાગે છે. એ કહે છે જે શોધવું પડે છે એ સત્ય છે જ નહીં... તમને શોધવા લાયક જે કંઈ પવિત્ર લાગે છે એ વાસ્તવમાં ચેતનાની મલિનતા છે. એ કહે છે, "હું જ્યારે યુવાન હતો ત્યારે મારા ઘરે જાતજાતના સાધુ સંતો આવતા... એ લોકો દંભી હતા. એમને જોઈને મને અસ્તિત્વવાદીઓની જેમ નોસિયાનો અનુભવ થતો. ... હું માણસોના ભૂત-વર્તમાન-ભવિષ્ય જોઈ શકતો. હું મારા શરીર પર ક્યાંય હાથ ઘસતો તો ફોસ્ફરસ જેવું કંઈક એમાંથી ચમકતું. કંઈક વિચિત્ર મારી સાથે બની રહ્યું હતું પણ મેં એને મોક્ષની પરમ અનુભૂતિ કે પરમ સત્ય જેવી ટર્મ સાથે જોડ્યું નહીં. મને કોઈ ઇચ્છા રહી ન હતી. કોઈપણ ઇચ્છા નહીં. મારા મનમાં કોઈ વિચાર જન્મતો પછી એ તરત જ તૂટી પડતો. મારા શરીરમાં એક ન્યુક્લિયર એક્સપ્લોઝન જેવું બનતું હતું. શરીરનો પ્રત્યેક કોષ જાણે નવજીવન પામતો હતો. મારું આખું શરીર ખળભળી ઊઠતું. એ ભયંકર શેટરિંગ અનુભવ હતો. મારા શરીરની કેમિસ્ટ્રી બદલાઈ જતી હતી. મારી સેન્સીસ (ઇન્દ્રિયો) કોઈપણ જાતના કોર્ડીનેશન વગર કામ કરતી હતી. મારી પાંપણ ઝપકતી ન હતી. મારા સાંભળવામાં, સ્વાદમાં, સૂંઘવામાં પણ બદલાવ આવી ગયો હતો. મારી ચામડી રેશમ જેવી મુલાયમ અને ચમકતી હતી. મારે જ્યારે જરૂર પડતી ત્યારે જ મારું મન કામે લાગતું, સ્મૃતિઓનું પણ એવું જ હતું. એની જરૂર પડે ત્યારે એ કામે લાગી જતી. હું વિચારને કણકણ વેરાતાં જોઈ શકતો હતો. માત્ર જીવન હતું, બીજું કશું જ નહીં. મારા શરીરના દરેક ભાગમાંથી પ્રાણતત્ત્વ કોઈ એક ફોકલ પોઇન્ટ પર આવીને સ્થિર થઈ જતું હતુ." આમ યુ.જી. પોતાનું ટ્રાન્સફોર્મેશન વર્ણવે છે.

'નેચરલ સ્ટેટ' કે 'સહજ અવસ્થા' એટલે શું? યુ.જી. કહે છે, 'એ હું વર્ણવી નહીં શકું. બસ માત્ર તમને સિમિલી (similie) તરીકે એટલું કહી શકું કે એનું પ્રફુલ્લન થાય છે. તમે એને સાચવી નહીં શકો. કન્સેપચ્યુલાઈઝ નહીં કરી શકો. તમે છો એની કરતાં કંઈ પણ બીજું બનવાની આખી પ્રક્રિયા એ ધર્મોએ ઘડી કાઢી છે. એમાં ડૉક્ટરીન્સ-સ્ક્રીપચર્સ કે પરંપરાઓ આવી ગઈ. એ બધું નિપજાવીને માણસને પોતાની જાતથી કે ન્યુક્લિયસથી દૂર કરી દીધો. (અહીં મને બ્રિટિશ ફિલોસૉફર ઍલેન ડી બૉટોન યાદ આવે છે. બૉટોન 'રીલીજિયસ એથીઇસ્ટ'માં કહે છે કે આપણે એક ઝાટકે આપણાં ડૉક્ટરીન્સ-સ્ક્રીપચર્સને કે એની પાછળ દોડી આવતી બીજી લલિતકળાઓને એથીઇઝમ (નાસ્તિકતા)ના નામે રદબાતલ કરી દઈએ તો આપણે ઘણી બધી વસ્તુ ચૂકી જઈએ છીએ. વર્તમાન આધુનિક મનુષ્યને એવું કોરું સપાટ એથીઇઝમ ચાલશે નહીં).'

યુ.જી. આપણી આખી વિચાર પ્રક્રિયા કે વિચારોની ઉત્ક્રાંતિને rubbish ગણીને કહે છે કે વિચારનું કાર્ય માત્ર કોમ્યુનિકેશન કરવાનું છે. એની પાસે બીજું કામ (જેમ કે એના વડે ફિલોસૉફી-ધર્મ તત્ત્વ વિચાર) કરાવીને માણસે મહા-કમઠાણ ઊભી કરી દીધી છે. યુ. જી. કહે છે માણસો અને પ્રાણીઓમાં ઝાઝો ભેદ નથી. પ્રાણીઓ પણ માણસની જેમ વિચારી શકે છે. બસ માત્ર માણસે એના વિચાર માળખાને એટલી બધું કોમ્પ્લેક્સ કરી મૂક્યું છે કે એ એનું મૂળ કામ ભૂલાઈ ગયું છે. વિચારની કેવળ કન્ટીજન્ટ (પ્રાસંગિક) વેલ્યૂ છે.

આવા અનેક વિચાર તણખા પ્રગટાવીને યુ.જી. કૃષ્ણમૂર્તિ આપણને એમની મૌલિકતાનો પરિચય આપે છે... આભાર... દોસ્તો.

## ૦૮. યુવાસૂઝ

### હરેન પંચાલઃ કોલેજ ગયા વગર બન્યો કૃષિઓજારોનો સંશોધક

**નિશા જન્સારી**
gujarati@thebetterindia.com

---

મૂળ રાજપીપળાના વતની હિરેન પંચાલનો અત્યારે ધરમપુરમાં ખેતીનાં ઓજારોનો વર્કશોપ છે. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તેમના દ્વારા બનાવેલ આ હાથ ઓજારો એટલાં લોકપ્રિય બનવા લાગ્યાં છે કે, તેઓનાં ૫૦૦૦થી વધારે ઓજાર વેચાઈ ચૂક્યાં છે. તેમણે ખેતીનાં કામ સરળ કરવા, મહેનત ઘટાડવા અને સલામતી માટે લગભગ ૩૫ જેટલાં ઓજારો વિકસાવ્યાં છે. ભારતનાં અલગ-અલગ રાજ્યોની સાથે-સાથે અમેરિકા, જર્મની સહિતની જગ્યાઓએ પણ તેમણે તેમનાં આ ઓજાર વેચ્યાં છે.

આ અંગે ધ બેટર ઈન્ડિયા સાથે વાત કરતાં હિરેનભાઈએ કહ્યું, 'હું ક્યારેય કૉલેજનું પગથિયું નથી ચઢ્યો. હું હોમસ્કૂલિંગમાં માનું છું. પૂના પાસે વિજ્ઞાનઆશ્રમ નામની સંસ્થા છે, જ્યાં જીવન જરૂરિયાતની સ્કીલને પ્રેક્ટિકલ રીતે શીખવાડવામાં આવે છે. અહીં ટ્રેનિંગ બાદ મારા જીવનમાં બહુ મોટો વળાંક આવ્યો. અહીંથી કંઈક નવું, વધારે ઉપયોગી કરવાની પ્રેરણા મળી. મને દરેક વસ્તુ અનુભવથી શીખવી ગમે છે. ત્યાર બાદ મેં ૫ વર્ષ સુધી ગૂજરાત વિદ્યાપીઠ સાથે પણ કામ કર્યું. ત્યાર બાદ એક વર્ષ જર્મની રહ્યા બાદ હું પાછો આવ્યો અને નર્મદા જિલ્લાનાં ૭૨ ગામોના ખેડૂતો સાથે 'સજીવખેતી' પ્રચાર-પ્રસારનાં કામોમાં જોડાયો.'

વધુમાં ઉમેરતાં તેમણે કહ્યું, 'ગાંધીજી અને વિનોબાના રસ્તે છેલ્લા ૫૦ વર્ષથી કામ કરતા 'પ્રયાસ' એન.જી.ઓ.માં મહેન્દ્રભાઈ- ભારતીબેન ભટ્ટ સાથે કામ કરતાં મને અહીંનાં લોકોને નજીકથી ઓળખવાની તક મળી. તેમની સાથે હું અહીંનાં ૭૨ અંતરિયાળ ગામોમાં ફર્યો. અહીં પર્વતીય વિસ્તારોમાં પાણીની સમસ્યા બહુ છે તો સાથે-સાથે લોકો માટે, ખેતી માટે નાના-નાના ટુકડાઓ જેટલી જમીન છે. ગરીબીના કારણે તેઓ ટ્રેક્ટર કે અન્ય આધુનિક સાધનો ખરીદવા સક્ષમ નથી. અહીં મેં જાતે જૈવિક ખેતી શરૂ કરી, જેથી લોકોને પ્રેરણા મળે. અને હું મારી જરૂરિયાત માટે કોઈ સાધન બનાવતો અને કોઈ બીજાને જરૂર પડે તો આપતો, તો સતત તેની માંગ વધવા લાગી. એટલે મને ખબર પડી કે, આની તો ખરેખર બહુ જરૂર છે.'

આ અંગે વધારે ઊંડા ઉતરતાં ખબર પડી કે, ખેતીમાં બહેનોનો ફાળો પણ એટલો જ છે, જેટલો ભાઈઓનો. આપણે ખેતરમાં જઈએ તો, નીંદવું, વાઢવું, લણવું જેવાં કામ બહેનો જ કરતી જોવા મળે છે. સતત ઊભા પગે બેસી આ બધાં કામ કરવાથી અહીં મહિલાઓમાં ઘણી સમસ્યાઓ જોવા મળે છે. નાની ઉંમરે કમર દુખવાની સમસ્યા, ઢીંચણની સમસ્યા, ગર્ભાવસ્થામાં વહેલી પ્રસૂતિ જેવી અનેક સમસ્યાઓ જોવા મળે છે. આ બધું જોઈને તેમને લાગ્યું કે, આ લોકો માટે કંઈક એવાં સાધનો બનાવી આપવાની જરૂર છે, જેનાથી તેમનું કામ સરળ બને. આ રીતે જેમ-જેમ તેમને લોકોની જરૂરિયાતો સમજાવા લાગી, તેમ-તેમ અલગ-અલગ સાધનો બનાવતાં ગયા.

ધ બેટર ઇન્ડિયા સાથે વાત કરતાં હિરેનભાઈએ કહ્યું, 'હવે મને એમ લાગ્યું કે, મારે હવે બનાવટની ખાસ ટ્રેનિંગ લેવાની જરૂર છે, જેઓ આ કામમાં વર્ષોથી જોડાયેલા છે અને મેં આવા લોકો શોધ્યા. તેમને મળી તેમની સાથે રહ્યો. હું ક્યારેય એન.જી.ઓ. બનાવવા નહોતો ઇચ્છતો. હું હંમેશથી એમ જ વિચારતો હતો કે, એવી જ વસ્તુ બનાવું કે, લોકો સામેથી તેને ખરીદે.'

વતન રાજપીપળા હોવા છતાં ધરમપુરમાં કામ કરવા અંગે તેમણે કહ્યું કે, 'આ એક એવો વિસ્તાર છે, જ્યાં આજે પણ આદિવાસી લોકોની વસ્તી બહુ વધારે છે અને લોકો નાની-નાની જગ્યામાં ખેતી કરી ભરણપોષણ કરે છે. ગુજરાતમાં ઘણા વિસ્તારો એવા પણ છે જ્યાં ખેડૂતો બુલેટથી હળ ચલાવે છે, પરંતુ અહીં આજે પણ લાકડાના હળથી જ ખેતી કરે છે. એટલે આ લોકો માટે કંઈક કામ કરવાની સૌથી વધારે જરૂર હતી. તેમના માટે એવાં સાધનો બનાવવાં ખૂબ જ જરૂરી છે, જેનાથી તેમની મહેનત ઘટે અને આવક વધે.'

આજથી બે વર્ષ પહેલાં હિરેનભાઈ પાસે ન તો પૈસા હતા ન તો કોઈ મદદ કરવાવાળું. વર્કશોપમાં તેઓ એકલા હાથે જ કામ કરતા. શરૂઆત બાળકોનાં ટૂલ્સથી કરી, કારણ કે જો તમે દેશને સારા ખેડૂત આપવા ઇચ્છતા હો તો, સૌ પ્રથમ તો બાળકોને શીખવાડવું પડશે કે, ખેતી શું છે. આ ટૂલ્સ કિચન ગાર્ડનિંગ માટે પણ ખૂબ જ પ્રચલિત થયાં. બાળકોને માટી મળે અને સારાં ટૂલ્સ મળે તો તેમને ખૂબ જ મજા આવે.

અત્યાર સુધી હિરેનભાઈએ માર્કેટિંગ પાછળ એક રૂપિયો નથી ખર્ચ્યો. તેમને વૉટ્સએપ અને ફેસબુક દ્વારા લોકો સુધી પહોંચાડવાનું શરૂ કર્યું. અને એક વ્યક્તિ ખરીદે પછી તે લોકો જાતે બીજાને કહે છે, આમ તેમનો પ્રચાર થવા લાગ્યો. આમ તેમણે આ ટૂલ્સના દેશભરમાં ૫૦૦ સેટ વેચ્યા, એક સેટમાં ૫ સાધનો આવે છે. તો વિદેશોમાં પણ તેમણે ૩-૪ જગ્યાએ ટૂલ્સ મોકલ્યાં. તેમાંથી જે કમાણી થઈ તેમાંથી વર્કશોપ વિકસાવ્યો અને આજે તેમની પાસે કુલ ૩૫ ટૂલ્સ છે.

અત્યારે હિરેનભાઈના વર્કશોપમાં ૫ લોકો કામ કરે છે અને આ સિવાય પણ બીજા ૮ લોકોને તેઓ રોજગારી આપે છે. જેમાં લુહાર, સુથાર, વેલ્ડર, કલર કામ કરતા પેઈન્ટર અને હેલ્પરને રોજગારી મળી રહે છે. તેઓ ઋતુ અને જરૂરિયાત પ્રમાણે લોકોને સાધનો બનાવી આપે છે. જેથી લોકોમાં તેમનાં સાધનોની માંગ પણ બહુ છે. તેમનું બનાવેલ હોસ્ટેલનાં બાળકો માટે ઓછા પાણીમાં વાસણ ધોવાનું યુનિટ ધરમપુર અને કપરાડા તેમ જ બીલીમોરાનાં ૧૫ છાત્રાલયોમાં મૂકવામાં આવ્યું છે. તેમણે ગોબરપાવડો, ઘાસ કાઢવા સાઈડસિકલ, શાકભાજીનાં ખેતરમાં નિંદામણ માટે ૪, ૬ અને ૭.૫ ઇંચનાં ડી-વિડર, નર્સરી, વાડા અને ગાર્ડન માટે ખુરપીઓ, નિંદામણ માટે પુશ એન્ડ પુલ વિડર, નકામું ઘાસ કાપવા સ્લેશર, નાનુ નિંદામણ કાઢવા રેક વિડર, નિંદામણ અને ઊંડા ઘાસ માટે ૨ ઇંચના વિડર અને કોદાળી વિડર તેમ જ રેક, જમીનમાંથી ઢેફાં દૂર કરવા પંજેટી, ક્યારેય ટીપાવવાની જરૂર ન પડે તેવી કુહાડી, નારિયેળની છાલ છૂટી પાડવા કોકોનટ ડી-હસકિંગ, સરગવાની સિંગ/લીંબુ/ચીકુ/કેરી વગેરે સરળતાથી ઉતારવાની બેડનો, વિવિધ પ્રકારનાં ધારિયાં, ચણા તેમ જ મગફળી છોડમાંથી છૂટાં પાડવાનાં સાધનો તેમ જ ઓછા વજનવાળી ત્રિકમ સહિત અનેક સાધનો બનાવ્યાં છે હિરેન પંચાલે.

આ સિવાય તાજેતરમાં જ તેમણે મિત્ર એલેન ફ્રાન્સિસની મદદથી UN SDSN-Youth Solutions report નામની ઓનલાઈન સ્પર્ધામાં ભાગ લીધો અને તેમાં મીટ્ટીધનની ફાઇનાલિસ્ટ તરીકે પસંદગી થઈ.

અત્યારે હિરેનભાઈ સાથે બીજા પણ કેટલાક લોકો જોડાયા છે, જેઓ તેમને માર્કેટિંગ કેવી રીતે કરવું તેમાં મદદ કરે છે. તાજેતરમાં જ હિરેનભાઈને સ્ટાર્ટઅપ ઇન્ડિયાનું સીડ ફંડ મળ્યું છે. દેશની કૃષિ મિનિસ્ટ્રી દ્વારા આ ફંડ એ લોકોને આપવામાં આવે છે, જેમનું સ્ટાર્ટઅપ હોય, આ ઉપરાંત તેઓ બીજા લોકોને રોજગાર આપતા હોય. જેમાં ગુજરાતમાંથી તેઓ એક માત્ર જ હતા, જેમને આ ફંડ મળ્યું હોય.

આસપાસ ભરાતી સ્થાનિક હાટમાં હિરેનભાઈ તેમનાં સાધનો વેચવા જાય છે. જ્યાં એક વાર એક ભાઈ તેમની પાસેથી એક ટૂલ લઈ ગયા અને ઘરે ગયા પછી તેમને એટલું બધું ગમી ગયું કે, બીજા દિવસ તેઓ ૬૨ કિ.મી. ફરીથી બાઈક ચલાવીને ૫૦ રૂપિયાનું ટૂલ લેવા આવ્યા. આવા અનેક અનુભવો પરથી તેમને લાગ્યું કે ખરેખર તેમનું કામ આજે લેખે લાગી રહ્યું છે.

તો કેરળમાં તો એક ભાઈને તેમનાં સાધનો એટલાં બધાં ગમ્યાં કે, તેઓ ઘરની બહાર જ તેમનાં સાધનો મૂકતા. સાવ અજાણ્યા હોવા છતાં, તેઓ તેમના માટે પ્રચાર કરતા અને આ પછી તો તેમને બહુ ઓર્ડર પણ મળ્યા. તેઓ અત્યાર સુધી કોઈ ડીલર સુધી સામેથી નથી ગયા. જે પણ વ્યાપારી સામેથી આવે, જેને આમાં રસ હોય તે જ આવીને સામેથી લઈ જાય છે અને વેચે છે. જેથી તેઓ ગ્રાહકોને પણ સમજાવી શકે કે, આ ટૂલ્સનો ઉપયોગ શું છે.

અત્યારે ઘણી યુનિવર્સિટીઓ અને એન.જી.ઓ. પણ તેમની સાથે જોડાઈ છે. અત્યાર સુધીમાં ૪-૫ વાર વિદ્યાર્થીઓ અહીં આવી ચૂક્યા છે, જેઓ અહીં આવીને તેમનું કામ જાણે છે, સમજે છે અને શીખે છે. આ સિવાય તેઓ લોકોને સમજાવે છે કે, તમે આ સાધનો જુઓ અને સમજો અને તેની ઉપયોગિતાને પણ સમજો. જેથી તમે તમારી આસપાસનાં વર્કશોપમાં પણ તેને બનાવડાવી શકો છો.

હિરેનભાઈના આ સ્ટાર્ટઅપનું નામ છે 'મીટ્ટીધન', આ પાછળનો તર્ક આપતાં તેઓ જણાવે છે કે, મૂળ તો દરેક વસ્તુ માટીમાંથી જ આવે છે અને માટીમાં જ સમાય છે એટલે પૈસો એ ધન નથી પરંતુ માટી જ ધન છે. તેમના આ કામમાં તેમને પરિવારનો ખૂબ જ સહયોગ મળ્યો છે. હિરેનભાઈના મિત્રો કોઈ મોટી કંપની બનાવવા ઇચ્છે છે આના માટે, પરંતુ હિરેનભાઈ કંઈક અલગ જ વિચારે છે. તેમના માટે પૈસા કરતાં વધારે મહત્ત્વની લોકોની જરૂરિયાતો સંતોષવાનું છે. તેઓ એક કેરેવાન બનાવવા ઇચ્છે છે, જેમાં એક નાનકડો વર્કશોપ હોય. જેને લઈને દેશભરનાં ગામડાંમાં ફરી ત્યાંના લોકોની જરૂરિયાતો જાણવી અને તેના લાયક સાધનો બનાવી આપવાં.

જો તમને આ લેખ ગમ્યો હોય અને હિરેનભાઈને સંપર્ક કરવા ઇચ્છતા હો અથવા ઓજારો ખરીદવા ઇચ્છતા હો તો તેમને ૦૯૯૧૩૨ ૨૨૨૦૪ પર કૉલ કે વૉટ્સએપ કરી શકો છો. અથવા Mittidhan ફેસબુક પેજ પર સંપર્ક કરી શકો છો.

(સાભારઃ https://gujarati.thebetterindia.com/gujarat-based-hiren-panchal-made-35-types-farming-tools/)

## મને ખુબ જ ગમતો મારો લેખ – 'મારી લોકભારતી!!!'

**જુગલકીશોર વ્યાસ**
jjugalkishor@gmail.com

---

મારી લોકભારતી (૧૯૬૧-૬૫)

લોકભારતી ક્યારેય 'સંસ્થા' લાગી નથી. એ એક 'જીવતુંજાગતું શીક્ષણ' હતી. આજે એક વીદ્યાર્થી તરીકે ઈ.સ.૧૯૬૨થી '૬૫ સુધીના સમયખંડ દ્વારા જ્યારે પણ એને યાદ કરવાનું થાય છે ત્યારે એ કોઈ મકાનોથી રચાયેલી સંસ્થા જણાતી નથી. મેદાનો અને રસ્તાઓ એની સાથે જોડાયેલાં વૃક્ષોને લીધે ક્યારેય સપાટ અને નીર્જીવ લાગ્યાં નથી. ખેતરો સુકાં ભઠ્ઠ હોય છે ત્યારે પણ એમાંથી લેવાયેલા પાકોની હરીયાળી અને એને છેડે બેઠેલાં મોતીનું સુખ હજીય તાજું હોઈ ઢેફાંય આંખને અળખામણાં રહ્યાં નથી.

સંસ્થાને તો મકાનો હોય છે. અમારે એ મકાનો નહોતાં પણ જાણે આંગણાં જ હતાં. ફળીયાં હતાં. બારીઓએ ક્યારેય અમને ઓરડાની અંદર પુરી રાખ્યાં નથી. છાત્રાલયોને દીવાલો હતી, સામાન મુકવાનાં કબાટો પુરતી. કબાટોને તાળાં નહોતાં એટલે એને કબાટ કહેતાંય જીવ ચાલે નહીં. એ ખાનાંને બારણાં હતાં તે તો અમારી અસ્તવ્યસ્તતાની સરખામણી બાજુવાળાની અસ્તવ્યસ્તતાની સાથે ન થઈ જાય એટલા માટે! ને અસ્તવ્યસ્તતાનો પનારોય પડતો કોની સાથે? ફક્ત બે-ત્રણ જોડી કપડાં; ઈસ્ત્રી જેણે જોઈ નથી ને ગળીનો વૈભવ જેણે ભોગવ્યો નથી એવાં કપડાં...!!

એ કબાટમાં પુસ્તકો ને નોટોય જગ્યા રોકતાં. બીજું કેટલુંક પરચુરણ ને એવું બધું મળીને અમારાં કબાટ-ખાનાંઓમાં સાંકડમોકડ બધું રહેતું.

'છાત્રાલય'થી સંબોધાતું એટલા પુરતું એ 'મકાન' હતું; બાકી સુવા-બેસવાની જેમ ભણવાનુંય એ જ સ્થાન હતું. વર્ગખંડો અલગ નહોતા. અલગ હોય તો એને 'ક્લાસ રુમ' કહેવા પડે ને પાછા! રહેવાનું ને ભણવાનું એ બે કાંઈ અલગ કંપાર્ટમેન્ટ થોડાં હતાં?! રહેવું અને ભણવું એ ક્રીયાપદોમાં 'જમવું' પણ ભળી જતું. છાત્રાલયોમાં રસોડાનો પણ સમાવેશ હતો! રહેવું, ભણવું, જમવું ને ઉંઘવું; સ્વપ્નાં સેવવાં ને સતત વીકસતાં રહેવું એ બધું જ આ ક્રીયાપદો ભેગાં મળીને અમારી પદાવલી-જીવનની સાર્થક વાક્યરચના-ગોઠવી આપતાં....

ભણવાનું ક્યારેય રહેવા-કારવવાથી જુદું નહોતું. સુવાના બીસ્ત્રા વાળીને, સહેજ-સાજ સંજવારી કાઢી લેતાં, શીક્ષકને બેસવાનું ટેબલ (ખુરશી નહીં) આઘુંપાછું થઈ ગયું હોય તો તેને ત્યાંથી બ્લેક-બોર્ડ પાસે લાવી મુકતાં જ એ ઓરડો ક્લાસરુમ બની જતો! અમારે ટીચર્સ કે પ્રોફેસરો નહોતા. અમારે તો ભણવા માટે મનુભાઈ પંચોળી 'દર્શક' હતા; બુચભાઈ-મુળશંકરભાઈ હતા; રતીભાઈ અંધારીયા હતા ને શુક્લભાઈ હતા. બધા 'ભાઈ' હતા. સર કે સાહેબ તો કોઈ જ નહોતું.

અમેય પહેલો ક્રમ લાવવા માટેની પુર્વ તૈયારી કરતા, પરંતુ એ બધું રોજીંદા ક્રમનો ભાગ માત્ર હતું. પરીક્ષાના દીવસોમાં ઉજાગરા કર્યાનું યાદ નથી. પાઠ્યપુસ્તકોની સાથે કવીતાનું વાચન પણ ચાલતું રહેતું. પ્રવાસ વર્ણનો ને જીવન-ચરીત્રો, વાર્તાઓય વંચાતાં રહેતાં.

અમને વહેલું ઉઠવાનું આકરું લાગતું. ગૃહપતીને એ બાબતે ક્યારેય માફી મળતી નહીં! સવારે સાડા પાંચે કડકડતી ઠંડીમાં કે વરસતા વરસાદમાં એમનું આવવું અમારી ઉંઘને ક્યારેય ભાવતું કે ફાવતું નહીં, પણ અમારી ઉંઘની પુરેપુરી વીદાય પછી જ એમની વીદાય થવાની હોઈ ગૃહપતી સામેના રોષનું હથીયાર ઉંઘને ભગાડવાના સંઘર્ષમાં વપરાઈ જતું...

એક વાર જાગી ગયા પછી પંચેન્દ્રીયાનંદ વ્યાપી વળતો! લોકભારતીના આકાશમાં આછા આછા અંધારાને

દુર કરવા પુર્વ તરફનું ઉઘડી રહેલું અજવાળું જોવાની મઝા પડી જતી. ને ક્યારેક વળી ઉતાવળે દાતણ ગોતી લેવા ભાગદોડ કરતો, ઉંધું બાંડીયું પહેરેલો સાથીદાર એ વહેલી સવારને મરકાવી મુકતો!

જીભને બાવળનો તુરો વૈભવ વળગી રહેતો ને ઝટ છુટવાનું નામ લે નહીં, ને નાકને તો વળી આજુબાજુની કંઈ કેટલીય ગંધ સાથે પનારો પડતો રહેતો. વહેલી સવારે ગૃહકાર્યો કરતાં કરતાં મહેંદીનાં ફુલોની મહેંક વાડેથી લગભગ ડસી જતી. પારીજાતની નમણી ને નાજુક ગંધ જો મહેંદીની પહેલાં પધારી શકી ન હોય તો મહેંદીની ગંધના આક્રમણ સામે એનું કાંઈ ગજું જ નહીં ને! આમ વહેલી સવારની હવાનો સ્પર્શ, ગૃહકાર્યોમાં લીધેલી મહેનતના પારીશ્રમીક જેવી સ્વેદનામાં ભળી જઈને અલૌકીક અનુભવ કરાવી રહેતો.

'લોકભારતી'ને સરકારી મદદ મળી રહેતી, પણ મદદ લેવા માટે કોઈ જ પ્રકારની સૈદ્ધાંતીક બાંધછોડ કરવાની ન હતી. મદદ કરનારને મદદ કરવા જેવું લાગે તો કરે, નહીંતર મદદ વીના જ ચાલી જતું. અભ્યાસક્રમ એમની રીતનો સ્વીકારવાની શરતોનો અસ્વીકાર કરીને નાનાભાઈ ભટ્ટે કેન્દ્ર સરકારનું લાખ રુપીયા (એ જમાના)નું અનુદાન સાવ સહજતાથી પાછું મોકલી આપ્યું હતું.

અમારા એ નાનાભાઈનાં ત્રણ વીરાટ પગલાંનું ત્રીજું પગલું 'લોકભારતી' હતી. ભાવનગરની 'દક્ષીણામુર્તી'નું પ્રથમ પગલું ભર્યું ત્યારે ભાવનગરના મહારાજાએ તદ્દન બીનશરતી મદદ હોંશે હોંશે ને પુરા વીશ્વાસથી કરી હતી. બીજું પગલું આંબલામાં 'ગ્રામદક્ષીણામુર્તી' રુપે ભર્યું ત્યારે આજુબાજુનાં ગામડાં સહીતની આંબલા ગામની પ્રજાએ એને ઉપાડીને પુજ્યું હતું. આ ત્રીજું પગલું 'લોકભારતી' સાવ નોંધારી લાગતી'તી તોય અનેક જગ્યાએથી એને મદદ મળતી જ રહી. જમીનમાં થતા પાકો, બાગાયત, ગૌશાળા ઠીક ઠીક ઉત્પાદનો આપી રહેતાં. દરેક વીદ્યાર્થી પણ દરરોજના ચારેક કલાક શારીરીક શ્રમ આપે જ. એ શ્રમનું વળતર એને મળે તે એની શીક્ષણ ફી ગણી લેવાતી. મા-બાપને એના ભણતરનો બોજ એટલો ઓછો રહેતો.

અન્ય કોલેજોમાં જતા યુવાનો ખીસામાં પૈસા રાખે, કેટલાકનાં ખીસામાં વ્યસનોનાં મારણોય ભર્યાં હોય, જેથી સમય મળ્યે ધુમાડા કઢીને પ્રદુષણ વહેંચી શકાય. ખીસામાંનો દાંતીયો એ એનું સૌંદર્યપ્રસાધન! લોકભારતીની અમારી 'કોલેજ'માં અમારે કોદાળી-પાવડો-દાતરડાં રહેતાં! એમાંથી અમારો શીક્ષણખર્ચ નીકળી જતો. અમે ધુમાડાને બદલે પરસેવો કાઢતા! એ પાછો આંબા-ચીકુ-નાળીયેરનાં ખામણાંમાં સીંચાતો. એન.સી.સી.નાં વીદ્યાર્થીની છાતીનું માપ કાઢવામાં આવે એ રીતે મનુભાઈ-દર્શક અમારી હથેળીયુંમાં પડેલાં આંટણને તપાસતા, ને ધન્યવાદ એ આંટણને આધારે આપતા; કુમળી હથેળીયું ગેરલાયકાત ગણાઈ જવાની દહેશત રહેતી!

છાત્રાલયોની આજુબાજુમાં નહાવા-ધોવાનાં નળ અને ઓરડીઓ હોય. ઉનાળામાં પાણીની તંગીને કારણે અને શીયાળામાં જરુરી ગરમાવાની તંગીને કારણે નહાવાનું કષ્ટદાયક રહેતું! છતાં ઉનાળે નહાવામાં ઉત્સાહ રહેતો. શીયાળાની ઠંડીના બહાને ઓરડીમાં નહાવાનું ગોઠવી લીધું હોય એટલે પછી કોણ કેટલું નાહ્યું (કે પછી ન નાહ્યું) એનો હીસાબ આપવો પડતો નહીં. માથું ભીનું દેખાય એટલે ચાલી જતું! શીયાળામાં જેની તંગી નહોતી રહેતી એ પાણીને ઉનાળા માટે બચાવી લીધાનું ગૌરવ અમે જાતે લઈ લેતા.

શરીરશ્રમ અને સ્નાન પછીનો તરતનો કાર્યક્રમ પેટને ઠાંસીને સજા કરવાનો રહેતો. સાંજે પણ જમવાનું હોય છે એનો ખ્યાલ ન રહે એટલી હદે જમવામાં તલ્લીન થઈ જવાતું. અર્જુનને દેખાતી પક્ષીની આંખ જેવી જ અમને અમારી થાળી દેખાતી!

લોકભારતીનાં રસોડાં કાંઈ કોલેજોની કેન્ટીનો, ક્લબો કે મેસ નહોતાં; દરેક છાત્રાલયમાં જ એનું રસોડું હતું. સગવડ ગણો તો સગવડ ને તકલીફ ગણો તો એ, પણ એ રસોડાને રસોઈ માટે મહારાજો નહોતા. મહારાજને નામે એક ભાઈ અને મદદનાં-સફાઈનાં કામો માટે એક બહેન એમ બે જ વ્યક્તી. મહારાજને અમારું નાનકડું લશ્કર મદદ માટે આપવામાં આવતું, જે દર અઠવાડીયે બદલાતું રહેતું. શાક-સમારણ કાર્ય, ભાખરી-રોટલીનું વણાટ કાર્ય ને બાજરીના

રોટલાનું ઘડતર અમારા હાથે થતું, (બદલામાં એ અમને ઘડતો રહેતો અને એમ ભવીષ્ય માટે બહુ ઉપયોગી-બહુ આયામી તાલીમ પણ મળી રહેતી!) તેથી દર અઠવાડીયે એમાં આકાર-વૈવીધ્યને મોકળાશ રહેતી! રસોઈમાં ફરીયાદો નહીવત્ રહેતી એમાં અમારી તીવ્ર ભુખ ઉપરાંત રસોઈ કામમાંની અમારી સક્રીય ભાગીદારી પણ કારણભુત રહેતી!

જમવા અને ભણવા વચ્ચે થોડો સમયાવકાશ રાખવામાં આવતો. ચીક્કાર ભરેલા પેટે આ ખાલી સમયનો સદુપયોગ અમે ભરપેટ કરતા. કેટલાક વામકુક્ષીમાં વ્યસ્ત રહેતા તો કેટલાક આવનારા જ્ઞાનપ્રાપ્તીના સમયની તૈયારીઓ પણ કરતા. આ સીવાયની પણ કેટલીક પ્રવૃત્તીઓ નવરાશના આ સમયમાં થતી. ક્યાંક કોઈ બુશર્ટ-બાંડીયાને બટન ટાંકતું હોય તો કોઈ લેંઘાને ઝડકો ભરતું જોવા મળે. કોઈ ઘરે ટપાલ લખતું હોયતો કોઈ વળી રાષ્ટ્રીય હીતની ચીંતા કરતું ને અન્યને કરાવતું જોવા મળે! કેટલાકને આ સમય જ નહાવાનો હોય-આગામી વર્ગોમાં આવનારી ઉંઘના નીવારણાર્થે સ્તો!

લોકભારતીની બપોર આખી ભણવા માટેની. ઋતુઋતુની હવા, એ હવા મુજબ હોંકારો ભણતાં વૃક્ષો અને ટહુકતાં પક્ષીઓ; ક્યાંક દુરદુરથી આવતો કુવા ઉપરનાં યંત્રોનો અવાજ, કશા જ કારણ વીના કે પછી કાંઈ કામ નથી એટલેય, હવામાં એકાદ વડચકું ભરી લેતાં કુતરાં, બાજુના જ વર્ગોમાંના કોઈ એકાદ આખા વર્ગનું ઓચીંતાનું ફુટી નીકળતું ને સંભળાઈ જતું સામુહીક અટ્ટહાસ્ય... વગેરેને જો ખલેલ કહેવી હોય તો તે આ ભણતરના સમયની ખલેલ હતી. બાકી તો ફક્ત પીત્તળનો ઘંટ એની ફરજના ભાગ રુપે નીયત સમયે દખલ રણકાવતો રહે. આ બધી કહેવાતી દખલો વચ્ચે પાઠ્યપુસ્તકોને ઉકેલતાં રહેવાની મજા લોકભારતીનાં ભણતરને ભાર વીનાનું કરી દેતી.

અહીં પાઠ્યપુસ્તકો હતાં પણ અમારા અભ્યાસક્રમો પાઠ્યપુસ્તકોમાં પુરાઈ રહેતા નહી. અમારું ભણવાનું આગળ કહ્યું તેમ, રહેવા-કારવવાની વચ્ચે જ હતું. જે જીવાતું હતું (છાત્રાલયજીવન) તેનેય ભણતરનો ભાગ બનાવી દેવાયો હતો. એનાથીય વળી બીજી બાબત એ પણ હતી કે પાઠ્યપુસ્તકોમાં હતું તેને શીખીને જીવનમાં કસોટીએ ચડાવી જોવાનું હતું. "વીદ્યાવીસ્તાર" (EXTENTION) એ અમારે એક સો ગુણનો પ્રાયોગીક કક્ષાનો વીષય હતો. જે ભણ્યા હોઈએ એને આજુબાજુનાં ગામડાંઓમાં કસી બતાવવાનું હતું! અમારું શીક્ષણ ગામડાંના જીવન વચ્ચે સ્થાન ધરાવતું હતું. જીવતરના પાઠો ભણવાના હતા, તો ભણતરમાંના છપાએલા પાઠોને ગામડે ઉપયોગમાં લઈ જવાના ને લઈ જોવાના હતા! પાઠ્યપુસ્તકની કવીતા અને ગામડાંમાં ગવાતાં પરભાતીયાંનો મેળ ત્યાં જઈને અને જરુર પડે રાત-દીવસ ત્યાં રહીનેય બેસાડવાનો હતો. ખેતીવાડીના પાકોની ફેરબદલી, મીશ્રપાકોનાં પરીણામો, નવાં ખાતર-બીયારણોની ચકાસણી વગેરે અનેક બાબતોને ખેતરોમાં જઈને બતાવવા-ચકાસવાની હતી.

લોકભારતીના વીદ્યાર્થીને તો વહેલી સવારથી રાત સુધીમાં જીવનમાં કામ લાગે એવું કેટકેટલું શીખવા મળી રહેતું!

મોટાભાગની પ્રવૃત્તીઓનું સંચાલન વીદ્યાર્થીમંડળ દ્વારા જ થાય. ગૃહકાર્ય અને શ્રમકાર્યનાં આયોજનો, ભોજનની સમગ્ર વ્યવસ્થા અને તેના હીસાબો, રસોઈ કરવી, પીરસવું, સફાઈકામ, વર્ગોની વ્યવસ્થા, સમયપત્રક, પ્રાર્થના અને તેની પછીનાં રોજરોજનાં નવાં નવાં વ્યાખ્યાનો, મનોરંજન કાર્યક્રમો, પ્રવાસ વગેરેમાં વીદ્યાર્થીઓ જ આગળ હોય; અધ્યાપકો, કાર્યકરો તો જાણે મદદમાં હોય તેમ પાછળ રહીને જરુર પુરતું માર્ગદર્શન આપે!

અમારે પરીક્ષાઓ હતી પણ સાવ બોજ વીનાની જાણે. પરીક્ષામાં નીરીક્ષણ (સુપરવીઝન) લગભગ જોવા ન મળે! નીરીક્ષક ઉત્તરવહીઓનો ઢગલો લઈને એક બાજુ બેસે. વીદ્યાર્થીઓ જાતે આવીને લઈ જાય. પ્રશ્નપત્રો પણ ક્યારેક એ રીતે જ વહેંચી દેવામાં આવે! પરીક્ષા આપવા માટેની બેઠક દરેકની નીશ્ચીત ન પણ હોય! મનગમતી જગ્યાએ બેસી શકાય. છુટાછવાયા બેસીને ટાઢે કોઠે ઉત્તરવહીઓ લખવાની! બેઠાં બેઠાં કંટાળીને નીરીક્ષક (સુપરવાઈઝર) ક્યારેક ક્યારેક ચક્કર લગાવે. ચોરી ન જ થાય એવું કાંઈ નહીં. થાય પણ ખરી. પણ અધ્યાપકને દરેક વીદ્યાર્થી સાથે એટલો બધો જીવંત સંપર્ક હોય કે એકંદરે 'બ' (બી ક્લાસ)

લાવતો વીદ્યાર્થી ઓચીંતાનો 'અ' કક્ષા લાવે ત્યારે એની સાથે મળીને સ્પષ્ટતાઓ થાય. નાનીમોટી પરીક્ષામાં તો વીંછીનો આંકડો (ડંખ) જ કાઢી નાખ્યો હોય તેવું નીર્ભય વાતાવરણ રહે એટલે ચોરીની શક્યતા જ નહીંવત્ હોય.

હકીકતે 'લોકભારતી'ની પરીક્ષાઓ વીદ્યાર્થીને શું નથી આવડતું તેની ફોજદારી તપાસ માટેની નહીં પરંતુ તેને જે આવડે છે તેનું મુલ્યાંકન કરનારી બાબત ગણાતી. નીરીક્ષકો વીદ્યાર્થીને કાંઈ ન સમજાયું હોય તો સ્પષ્ટ કરી આપનારા હોય. જુદા જુદા વીષયોમાં અન્ય સર્જનાત્મક પ્રવૃત્તીઓ પણ વીદ્યાર્થીઓની કક્ષા સમજવા માટે અને જે તે કક્ષાથી ઉપર ઉઠવા માટે થતી, જેમાં ચર્ચાસભાઓ, નીબંધ-સ્પર્ધાઓ, જેમાં માર્ક્સ નહીં પણ ગુણવત્તા મુજબની કક્ષા નક્કી થતી તે, કેટલાંક તો નાટ્યરુપાંતરો ને એની ભજવણી સુધ્ધાં, દળદાર હસ્તલીખીત અંકોનાં સંપાદનો, તહેવારોની ઉજવણીમાં વણી લેવાતા અનેક વીષયો વગેરે બાબતો એવી હતી જે પરીક્ષા સીવાય પણ જ્ઞાનને ચકાસતી રહે ને વધારતી પણ રહે.

અધ્યાપકો અમારું સર્વસ્વ હતા. એ શીક્ષકોય હતા અને ગૃહપતીઓય હતા. તેઓ જ પરીક્ષકો હતા ને તેઓ જ માવતર હતા. મુળશંકરભાઈ (મુ.મો.ભટ્ટ)ને સૌ 'ભાઈ' કહે પણ એ વીદ્યાર્થીઓની માતા હતા. નાનાદાદા (નાનાભાઈ ભટ્ટ)ને ફક્ત તસ્વીરમાં જોયા હતા.પણ સદા તેઓ અમારી આંખ સામે જ રહ્યા. કંઈ પણ ખોટું કરવાનો વખત આવે ત્યારે આ નાનાદાદા, ભાઈ અને બુચદાદા નજર સમક્ષ આવીને ઉભા જ હોય!!

'લોકભારતી' છોડ્યા પછીય આટલાં વર્ષો દરમીયાન આ બધા ગુરુજનોએ અમારી કંઈ કેટલીય નબળાઈઓને તણખલાની જેમ એક બાજુ કરી દેવાની તાકાત આપ્યાં કરી છે!

નાનાદાદા અને બુચદાદાની નીયમીતતા એક અચરજ હતું! ૪૦ વર્ષથીય વધુ અધ્યાપનકાર્ય કરનાર બુચદાદા (ન. પ્ર. બુચ) લખે છે કે તેઓ ૪૦ વર્ષમાં એક પણ દીવસ એક મીનીટ પણ મોડા વર્ગમાં આવ્યા નથી!!

મનુદાદા (દર્શક) ડોલતા ડોલતા આવે. મોડાય પડી જાય. પણ એવી તો મઝા પડે કે એમના વર્ગમાં વર્ગ પુરો થવાનો ડંકો ઘણી વાર ન સંભળાય! પછીના વર્ગના અધ્યાપક વર્ગ લેવા આવી ગયા હોય ને મનુભાઈ એકાગ્ર ચીત્તે ભણાવતા હોય તો તેઓ શાંતીથી પાછલી હરોળમાં બેસી જાય!

અમારા સમયના અધ્યાપકો જીવનશીક્ષકો હતા. પોતે જેવું ભણાવતા તેવું જ તેઓ જીવતા. અમે તેમની જીવનશૈલીએ ઘડાયા. એમની જ તાકાતે અમે ક્યારેય, ક્યાંય પાછા પડ્યા નહીં. અમારા ગૃહપતી ને અમારા અધ્યાપકનાં કાર્યો જુદાં હોવા છતાં બંનેનાં કાર્યો એકમેકમાં ભળી જતાં. જેઓ જીવનના પાઠો શીખવતા તેઓ જ પાઠમાંથી જીવન શોધી આપતા.

લોકભારતીની પ્રાર્થના પછીનાં વ્યાખ્યાનો અને સવાર અને બપોરની પ્રાસંગીક વ્યાખ્યાનસભાઓમાં દેશ-વીદેશના વ્યાખ્યાતાઓ આવતાં એ બધું અમારે માટે ધન્યતાના પર્વ સમું હતું. આ ત્રણેય તત્ત્વોએ અમને સૌને લોકભારતીની બહારની દુનીયા (ભૌતીક દુનીયાના વીચારતત્ત્વની દૃષ્ટીએ અને આધ્યાત્મીક દુનીયાના વીચારતત્ત્વની દૃષ્ટીએ પણ)નો અવીસ્મરણીય અનુભવ કરાવ્યા કર્યો છે.

નાનાદાદાએ ક્યાંક સાચું જ નોંધ્યું છે: "કેળવણીના કેન્દ્રમાં નથી અભ્યાસક્રમ કે નથી અધ્યાપક; નથી મકાન કે નથી ઉપસ્કર; નથી પરીક્ષા, નથી માર્ક, નથી નંબર, નથી પાઠ્યપુસ્તકો; જીવતો-જાગતો વંશ-પરંપરાના સંસ્કારો લઈને આવેલો, અમુક સંજોગોમાંથી પસાર થયેલો એવો વીદ્યાર્થી કેળવણીના કેન્દ્રમાં છે અને હોવો જોઈએ."

અમારું એ ગૌરવ છે કે અમે પણ એક તબક્કે 'લોકભારતી'ના વીદ્યાર્થી હતા. લગભગ સાડાપાંચ દાયકા બાદ આજે પણ એ જ પદ પર હોવાનો અહેસાસ એ અમારી ધન્યતા છે!!

---

(ઉપરોક્ત લેખમાં દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ પ્રયોજાયા છે)

## પ્રેરણાદાયી દાદા

**હસમુખ બોરાણિયા**

---

એક દીકરી. ગરીબ ઘર. માતા-પિતા ગામડાંમાં ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવે. દીકરી ભણવામાં હોશિયાર.

ગામમાં ધોરણ-૧૨ સુધીના અભ્યાસની સગવડ એટલે ત્યાં સુધી અભ્યાસ કર્યો. ધોરણ-૧૨માં ૯૦ ટકા ગુણ મળ્યા હતા. આનંદ... આનંદ... આનંદ... પરંતુ આ આનંદ થોડા જ સમયમાં ઓસરી ગયો. કારણ આગળ ભણતર માટેની ગામમાં કોઈ સગવડ નહોતી. બહાર ગામ ભણવા જવાની ઘરમાં કોઈ સગવડ નહોતી.

એક દિવસ વહેલી સવારે મા-દીકરી હાથમાં દાતરડું પકડીને મહેનત મજૂરીએ નીકળ્યાં. આ સમયે એક ખાદીધારી દાદા સવાર-સવારમાં ચાલવા નીકળ્યા હતા. યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી ચાલ્યા આવતા દાદાએ આ મા-દીકરીને જોયાં ને સીધો જ પ્રશ્ન કર્યોઃ 'જે હાથમાં પેન-પુસ્તક શોભે તે ઉંમરે હાથમાં દાતરડું કેમ, બેટા?'

દીકરીએ દાદાને નમસ્તે કહીને જવાબ આપ્યોઃ 'દાદા! ભણવું તો છે, પણ સગવડ જોઈએ ને? આગળ ભણવાની મારી ઈચ્છા છે, મા-બાપની ભણાવી શકવાની ત્રેવડ જોઈએ ને?'

જવાબ સાંભળીને દાદા વિચારે ચડ્યા. તરત જ જવાબ આપ્યો. 'સાંજે સર્વોદય સંસ્થામાં આવી જજો. બધું થઈ પડશે.'

સાંજે મા-દીકરી સર્વોદય સંસ્થામાં ગયાં. દાદાએ સંસ્થામાં બધી વાત કરી રાખી હતી. દીકરી સંસ્થાની હાઈસ્કૂલમાં જ ભણતી હતી. બધાં દીકરીના તેજને ઓળખતાં હતાં. આગળ અભ્યાસની સગવડ થઈ. દીકરી ખૂબ ભણી-ગણીને માધ્યમિક શાળામાં શિક્ષિકા બની!

આવું પ્રેરણાદાયી કાર્ય કરનાર દાદા એટલે શ્રી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુરના નિયામક, પીઢ સ્વાતંત્ર્ય સેનાની સ્વ. ગુણવંતરાય પુરોહિત!

અભ્યાસની જરૂરિયાતવાળી દરેક દીકરીને આવા દાદા મળી જાય તો?

આ તકે હિન્દીનું એક વાક્ય યાદ આવે છે. જે સાભાર રજૂ કરું છું.

'ઈન્સાન હર ઘર જન્મ લેતા હૈ, પર ઈન્સાનિયત કહીં-કહીં જન્મ લેતી હૈ!'

●---------●●●--------●●●---------●

૯૧, જલારામનગર-૧, હનુમાન પરા માર્ગ- અમરેલી- ૩૬૫૬૦૧, મો. ૯૯૭૯૨૩૭૨૫૯

## કિન્નરોના દેશમાં – ૨

ભાણદેવજી

---

### (સાંગલાઘાટી)

કિન્નોરપ્રદેશના એક વિસ્તાર રિક્યાંગ-પિયો અને કાલ્પાની યાત્રા પરિપૂર્ણ કરીને હવે અમારે સાંગલાઘાટીની યાત્રીએ જવું છે. રિક્યાંગ-પિયો અને સેના-વસાહત પાર કરીને અમે ભારત-તિબેટ મહામાર્ગ પર આવી ગયા. હવે અમે આ રાજમાર્ગ પર પાછા વળી રહ્યા છીએ. પાંવારીથી અમે કર્છમ સુધી આ રાજમાર્ગ પર આવ્યા. અહીં સતલજ નદી પર એક મોટું જળવિદ્યુત મથક બન્યું છે. અહીં સતલજ પર એક મોટો સરસ પુલ પણ બન્યો છે. આ પુલ દ્વારા સતલજને પાર કરીને અમે સામા કિનારે પહોંચ્યા. આ રસ્તો અમને સાંગલાઘાટીમાં દોરી જાય છે. અહીંથી જ સાંગલા-વૅલીનો પ્રારંભ થાય છે.

આ ઘાટીને 'બાસ્પાઘાટી' પણ કહે છે. આ ઘાટીનું સૌથી મોટું અને પ્રસિદ્ધ ગામ સાંગલા છે, તેથી આ ઘાટીને 'સાંગલાઘાટી' કહે છે. આ ઘાટીમાંથી 'બાસ્પા' નામની સુંદર મોટી નદી વહે છે, તેથી આ ઘાટીને 'બાસ્પાઘાટી' પણ કહેવામાં આવે છે. આ બાસ્પાનદી મહાનદી સતલજને કર્છમ પાસે મળે છે. તદનુસાર આ બાસ્પા કે સાંગલા-વૅલીનો પ્રારંભ અહીંથી થાય છે અને તેથી બાસ્પા કે સાંગલા-વૅલીમાં જવાનો માર્ગ રાજમાર્ગથી અહીંથી જ ફંટાય છે. જળવિદ્યુતમથક પણ અહીં કર્છમમાં જ બન્યું છે. જુઓ આ નાનકડું કર્છમ હવે કેવું મહત્ત્વનું કેન્દ્ર બની ગયું છે !

અમારી નાનકડી પણ જોરાવર મોટરગાડી હવે સાંગલાઘાટીના માર્ગ પર, બાસ્પા નદીના કિનારેકિનારે ચાલી રહી છે.

સાંગલાઘાટી ૯૫ કિ.મી. લાંબી ઘાટી છે. આ ઘાટીમાંથી પસાર થતી નદી બાસ્પાની બંને બાજુએ માનવવસાહતો, જંગલો અને સુંદર ખેતરો છે. આ ઘાટી સુંદર અને સમૃદ્ધ બંને છે. સૌંદર્ય તો આ ઘાટીને પ્રકૃતિ મહારાણીએ આપેલ છે અને સમૃદ્ધિ આ ઘાટીને સફરજનના બગીચાઓએ આપી છે. આ સમગ્ર ઘાટીમાં કિન્નર પ્રજા વસે છે. તેઓ વજયાન બૌદ્ધ ધર્મ અને હિન્દુ ધર્મના સંમિલનથી બનેલો મિશ્ર ધર્મ પાળે છે. તેથી જ આ સાંગલાઘાટીમાં બૌદ્ધ ગોમ્પાઓ પણ છે. ભગવાન બુદ્ધનાં મંદિરો પણ છે અને કામાખ્યા, બદરીનાથ આદિ હિન્દુ મંદિરો પણ છે.

આ ઘાટીનાં પ્રધાન ગામડાંઓ આ પ્રમાણે છે : કર્છમ, સાંગલા, કામરુ, બટસેરી, રક્ષમ અને ચિત્તકૂલ.

કર્છમથી ગણીએ તો ચિત્તકૂલ આ ઘાટીનું છેલ્લું ગામ છે.

અમે સમગ્ર ઘાટીને પસાર કરીને સીધા જ ચિત્તકૂલ પહોંચી ગયા. ચિત્તકૂલથી આગળ આ વિસ્તારમાં કોઈ ગામ કે વસાહત નથી. ચિત્તકૂલથી આગળ માત્ર આઈટીબીપીની વસાહતો છે. ચિત્તકૂલ અને હર કી દૂન વચ્ચે એક પહાડી પગદંડી છે. ટ્રેકિંગના રસિયા જીવો ક્વચિત્ હર કી દૂનથી અહીં સુધી ચાલીને આવે છે.

ચિત્તકૂલ આ ઘાટીનું સૌથી છેલ્લું ગામ છે, તેમ તે સૌથી ઊંચું અને સૌથી ઠંડું ગામ પણ છે. ચિત્તકૂલ એક નાનું ગામ છે. વસ્તી લગભગ ૫૦૦ની છે. ઠંડીનું પ્રમાણ વધારે હોવાથી અહીં બહુ ઝાડપાન નથી અને ચિત્તકૂલથી આગળ છેક તિબેટની સરહદ સુધી વનરાજી વિનાનો સૂકો પ્રદેશ છે. આ ગામ ચિત્તકૂલ આ ઘાટીની પ્રધાન નદી બાસ્પાના કિનારે

વસેલું છે.

સાંગલા-કામરુમાં સફરજનના મબલખ બગીચા છે. અહીં તેવા અને તેટલા પ્રમાણમાં સફરજનના બગીચા બની શક્યા નથી, કારણ કે અહીં સાંગલા-કામરુના પ્રમાણમાં ઠંડી વધારે છે. ગામમાં ખેતીનો એક પાક લઈ શકાય છે. શિયાળામાં બરફ છવાઈ જાય છે.

અહીં થોડાં ખાનગી અને સરકારી અતિથિગૃહો બન્યાં છે, તેથી યાત્રીઓ માટે અહીં રાત્રિનિવાસની વ્યવસ્થા થઈ શકે છે.

ચિત્તકૂલમાં અહીંનાં સ્થાનિક દેવી 'માથી'નું મંદિર છે. આ ગામમાં બૌદ્ધો વસે છે અને છતાં આ માથી માતાની પૂજા-ઉપાસના થાય છે, એટલું જ નહીં, અહીં આ દેવીને પશુબલિ પણ ચડાવવામાં આવે છે.

અમે આ માથીદેવીના મંદિરમાં ગયા. કોઈ વળી આ દેવીને 'ચિત્તકૂલદેવી' કે 'ચિત્તકૂલનાં દેવી' પણ કહે છે.

મંદિર બંધ હતું. અમે મંદિરના પ્રાંગણમાં લટાર મારી અને તપાસ પણ કરી કે અહીં મંદિરના કોઈ કર્મચારી કે પૂજારી છે કે નહીં. કોઈ જણાતું નથી.

આખરે અમે બૂમ પાડી :

'કોઈ છે? અહીં મંદિરમાં કોઈ છે?' અમારી આ બૂમ સાંભળીને બાજુના મકાનમાંથી વચ્ચેની નાની વંડી કૂદીને એક યુવાન અમારી પાસે આવ્યો.

આ એક કિન્નર યુવાન છે. ફૂટડો અને તેજસ્વી યુવાન છે. અમારા બોલાવવાથી અમારી મદદ માટે આવ્યો છે. વાણી, વ્યવહાર અને ચહેરા પર સૌજન્ય છલકે છે.

'નમસ્તે!' કહીને અમારી પાસે ઊભો રહ્યો. થોડી વાર અટકીને કહે છે :

'કહો, હું આપની શી સેવા કરું?'

સૌથી પહેલાં તો અમે સૌ મંદિરના પ્રાંગણમાં બેઠા. આ પ્રાંગણ વિશાળ અને સ્વચ્છ છે અને મોટી શિલાઓથી મઢેલું છે. હિમાલયમાં લગભગ પ્રત્યેક ગામને પોતાનું મંદિર હોય છે અને મંદિરને વિશાળ પ્રાંગણ પણ હોય છે. આ પ્રાંગણને ગ્રામજનો મોટા સરસ પથ્થરોથી મઢી દે છે. આ પ્રાંગણમાં જ ગામની ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ-ઉત્સવો થાય છે.

આ યુવાન આ જ ગામના રહેવાસી છે. મંદિરની બાજુમાં જ તેનું ઘર છે. તેનાં માતા-પિતા અને ધર્મપત્ની અહીં જ રહે છે. તેઓ પોતે ભારતીય સેનામાં એક સૈનિક છે. હાલમાં તેઓ સિક્કિમમાં પોતાની ફરજ બજાવે છે અને અત્યારે રજા પર છે તેથી પોતાને વતન-પોતાની જન્મભૂમિમાં આવેલા છે. અભ્યાસ માટે અને પછી નોકરીના ભાગરૂપે આટલી નાની વયમાં તેમણે ભારતના અનેક વિસ્તારનાં દર્શન કર્યાં છે, અનેક પ્રદેશનું જીવન તેમણે જોયું છે અને અનેક સ્વરૂપનું જીવન તેઓ જીવ્યા છે.

મેં તેમને એક કઠિન પ્રશ્ન પૂછ્યોઃ

'તમને કયું સ્થાન સૌથી વધુ પસંદ પડ્યું? કયા સ્થાનમાં તમને સૌથી વધારે શાતા વળે છે? કયું સ્થાન તમારા હૃદયને ગમે છે?'

તેમના ચહેરા પર ભાવ પથરાઈ ગયો. તેમણે સાવ સહજ સ્વાભાવિક રીતે જ ઉત્તર આપ્યો :

'આ મારી જન્મભૂમિ ચિત્તકૂલ મને સર્વશ્રેષ્ઠ લાગે છે. સૌથી વધારે શાતા અહીં વળે છે. મારા હૃદયને સૌથી વધુ આ ચિત્તકૂલ ગમે છે. જન્મભૂમિ આખરે જન્મભૂમિ છે!'

મેં તેમને આ મંદિર વિશે પૂછ્યું. તેમણે તે પ્રશ્નનો ઉત્તર પણ સરળ રીતે આપ્યો. તેમણે અમને સમજાવ્યું :

'આ અમારા ગામનાં ગ્રામદેવી કે ઇષ્ટદેવી છે. તેમને અમે ચિત્તકૂલદેવી કે માથીદેવી પણ કહીએ છીએ. આમ તો અમે બૌદ્ધ ધર્મના અનુયાયીઓ છીએ, પરંતુ દેવીની ઉપાસના પણ કરીએ છીએ.'

આવા દૂરદૂરના પહાડો અને અરણ્યની વચ્ચેના આ કિન્નોર-વિસ્તારમાં બૌદ્ધ ધર્મ કેવી રીતે પહોંચી ગયો? ભગવાન બુદ્ધ અને તેમની પ્રેરણાથી બૌદ્ધ સાધુઓએ માત્ર ભારતમાં જ નહીં, પરંતુ દૂરદૂરના દેશોના દૂરદૂરના વિસ્તારો

સુધી બૌદ્ધ ધર્મ પહોંચાડ્યો છે. તદનુસાર આવા ચિત્તકૂલ જેવાં અતિ દૂરનાં ગામો સુધી ભગવાન બુદ્ધના 'બોધ'નો સંદેશો પહોંચી શક્યો છે.

અમારો સત્સંગ પૂરો થયો.

અમે તેમને પૂછ્યું કે અત્યારે આ દેવીનાં દર્શન થઈ શકે કે કેમ? તેમણે નમ્રતાપૂર્વક પરંતુ દઢતાથી ઉત્તર આપ્યોઃ

'ના, એ શક્ય નથી. મંદિર તો સવારે અને સાંજે નિયત સમયે જ ખૂલે છે.'

અમે તેમનો આભાર માનીને આગળ ચાલ્યા. જેમને માત્ર શાંતિ જ ગમે છે તેમને માટે ચિત્તકૂલ આદર્શ સ્થાન છે, પરંતુ જેમને ધાંધલધમાલ જ ગમે છે તેમને માટે આ સ્થાન નથી; પરંતુ જરા ઊંડાણથી જોઈએ તો સૌને – હા, સૌને શાંતિ જ ગમે છે ને!

અહીં બાસ્પા નદીનો પ્રવાહ છે. ચારે બાજુ પહાડો છે. બગીચાઓ બહુ નથી, પરંતુ ખેતરો તો છે જ! આ ચિત્તકૂલ એક સુંદર સ્થાન છે. ચિત્તકૂલ જ શા માટે? સમગ્ર સૃષ્ટિ જ એક સુંદર સ્થાન છે!

અમે ચિત્તકૂલની વિદાય લઈને સાંગલા તરફ પ્રયાણ કર્યું. સાંગલા આ ઘાટીનું સૌથી મોટું અને સૌથી સમૃદ્ધ ગામ છે. અમે સાંગલામાંથી પસાર થઈને પહેલાં કામરુ પહોંચ્યા. કામરુ એક અલગ ગામ છે, પરંતુ હવે તો બંને સાવ લગોલગ આવી ગયાં છે.

કામરુ એક ઘણું પ્રાચીન ગામ છે. આ કિન્નોર પ્રદેશની સૌથી પ્રાચીન રાજધાની કામરુ છે. કામરુ પછી રાજધાની સરાહનમાં ગઈ છે અને સરાહન પછી રાજધાની રામપુર ગઈ છે.

આ ગામનું નામ કામરુ કેવી રીતે પડ્યું છે? અહીં આ ગામમાં કામાખ્યાદેવીનું ભવ્ય અને સુંદર મંદિર છે. કામાખ્યા દેવી કામરૂપથી અહીં આવ્યાં છે. તદનુસાર આ સ્થાન નાનું કામરૂપ છે અને કામરૂપમાંથી 'કામરુ' બન્યું છે.

આ ગામનું સ્વરૂપ કેવું છે?

એક ઊંચી, સાંકડી પહાડી પર આ ગામ વસ્યું છે. જમીનની ખેંચ હોવાથી મકાનો ખીચોખીચ બન્યાં છે. દૂરથી જોઈએ તો આખું ગામ એક મધપૂડો લટકતો હોય તેવું લાગે છે.

સાંગલા ગામમાં નદી પર એક પુલ છે. આ નદી સાંગલા ગામમાંથી પસાર થઈને ઊછળતી-કૂદતી બાસ્પા નદીને મળે છે. આ પુલ પાસેથી જ રસ્તો કામરુ તરફ જાય છે. રસ્તો કામરુ ગામના પહાડની ગોદ સુધી જાય છે. પછી આગળ ચડવા માટે પગરસ્તો છે. રસ્તાની બંને બાજુ, કામરુ ગામની ચારેય બાજુ, અહીંતહીં સર્વત્ર સફરજનના મબલક બગીચા છે. સફરજન પ્રમાણમાં નાનું ફળઝાડ છે. તદનુસાર થોડી જમીનમાં પણ સફરજનનાં ઘણાં ઝાડ ઉગાડી શકાય છે. અહીંનાં જમીન અને હવામાન સફરજનની ખેતી માટે ખૂબ અનુકૂળ છે. અમે જોઈએ છીએઃ સફરજનનાં વૃક્ષોને પાંદડેપાંદડે ફળ લાગેલાં છે. અરે! આ વૃક્ષ પર લીલાં પાન કરતાં લાલ રંગનાં સુંદર, ચળકતાં સફરજન વધુ જણાય છે. આટલા નાનકડા ઝાડમાં આટલાં ફળો લાગી શકે? નજરે ન જોઈએ તો માન્યામાં ન આવે તેવી વાત છે! મોટરમાર્ગની બંને બાજુ અને પછી પગદંડીની બંને બાજુ સફરજન જ સફરજન છે. અરે! મકાનોનાં નાનાં ફળિયાંમાં પણ સફરજન જ સફરજન છે. બંને બાજુથી સફરજનની ડાળીઓ પગદંડી પર આવી ગઈ છે. ચાલતી વખતે અમારા મસ્તકમાં સફરજનો ભટકાય છે. જાણે કહી રહ્યાં છે – 'અમને તોડી લો! અમને ખાઈ જાઓ!' પણ એ તેમની વાત અમે માનતા નથી. અમે સાંભળ્યું છે કે એક નાના સરખા ગામ કામરુમાંથી દર વર્ષે ૫૦ હજાર પેટી સફરજન બહાર જાય છે. કામરુ પાસે સાંગલાના રસ્તા પર અમે એક સ્થાને લગભગ પચીસ ટ્રકની લાઈન ઊભેલી જોઈ. અહીં આટલા બધા ટ્રક શા માટે? અહીંથી સફરજન લઈ જવા માટે! અહીં આ વિસ્તારમાં કોઈની પાસે એક એકર જમીન હોય તો અને તેમાં સફરજનનાં વૃક્ષો ઉગાડવામાં આવે તો આ સફરજન તેમને એટલી આવક આપે કે એક કુટુંબનું ગુજરાન ખુશીથી ચાલી શકે! આ સફરજનના કારણે આ બાસ્પા-વેલીની જ

નહીં, આ કિન્નોરપ્રદેશની જ નહીં, પરંતુ સમગ્ર હિમાચલપ્રદેશની આર્થિક સમૃદ્ધિ ઘણી વધી ગઈ છે. તે પાદરી મહાશયનો કેટલો આભાર માનવો, જેઓ અમેરિકાથી સૌથી પહેલાં સ્ટીમર દ્વારા સફરજનના દશ છોડ લાવેલા અને દસમાંથી સાત બળી ગયા અને ત્રણ બચીને અહીં સુધી પહોંચ્યા હતા. આ ત્રણ છોડના વંશજોએ હિમાચલપ્રદેશના લોકોને આર્થિક રીતે ન્યાલ કરી દીધા છે.

પગદંડીના માર્ગે ચડતાં-ચડતાં આખરે અમે મંદિર પાસે પહોંચ્યા.

પાંચ માળનું પ્રધાન મંદિર છે. આ મંદિરને કામરુનો કિલ્લો કહેવામાં આવે છે. કાંઈક અંશે કિલ્લા જેવો જ આકાર છે. જ્યારે કામરુ આ પ્રદેશની રાજધાની હતું ત્યારે અહીં રાજાનો કિલ્લો હતો અને હવે આ કામરુદેવીનો કિલ્લો છે. આ પાંચ માળમાંથી ત્રણ માળ જમીનની બહાર છે અને બે માળ જમીનની અંદર છે! અહીં કામરુમાતાના મંદિર ઉપરાંત ભગવાન બદરીનાથનું મંદિર છે. આ પાંચ માળના મંદિર ઉપરાંત ભગવાન બદરીનાથ અને કામરુદેવીનાં અન્ય મંદિરો પણ છે જ.

મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ચોકીદારનો અડ્ડો છે. માંડમાંડ અંદર પ્રવેશ મળે છે. મંદિરના પ્રાંગણમાં પણ સફરજનનાં વૃક્ષો છે અને તેમને ઘેઘૂર ફળો લાગેલાં છે. ચોકીદારે આમાંથી થોડાં સફરજન ચૂંટીને અમને ધરાર આપ્યાં. આ સફરજન હિમાચલપ્રદેશનું જાણે રાષ્ટ્રીય વૃક્ષ બની ગયું છે!

મંદિરો બધાં જ સાવ બંધ છે. ભગવાન બદરીનાથ અને કામરુદેવીને અમે બહારથી પ્રણામ કર્યા.

આ બૌદ્ધ લોકો છે. કામાખ્યા તાંત્રિકોનાં દેવી મનાય છે અને બદરીનાથ ભગવાન વૈષ્ણવોના ઇષ્ટદેવ છે. જુઓ! અહીં બૌદ્ધ ધર્મ, તંત્રમાર્ગ અને વૈષ્ણવ ધર્મનો કેવો સુભગ સમન્વય થયો છે!

સમન્વય! ધાર્મિક, સામાજિક,પ્રજાકીય, સાંસ્કૃતિક - આ સર્વ ક્ષેત્રોમાં સતત સમન્વય સિદ્ધ કરતા રહેવું એ ભારતીય પ્રજાની એક મૂલ્યવાન લાક્ષણિકતા છે.

અમે પુનઃ સાંગલા પાછા આવી ગયા છીએ. સાંજ થવા આવી છે, પરંતુ અમારું પરિભ્રમણ અને અમારું દર્શન ચાલુ જ છે. ચાલતા રહો! ચાલતા રહો! બેસી ન પડો! ચાલતા રહેનારનું ભાગ્ય તેની સાથે જ ચાલે છે. ચાલતા રહો! અને તદનુસાર અમે પણ ચાલતા રહીએ છીએ.

અહીં સાંગલામાં પણ એક મંદિરસંકુલ છે. પ્રધાન મંદિરો બે છે - બુદ્ધમંદિર અને સૌલિંગનાગ મંદિર !

આ પ્રદેશની પ્રજા બૌદ્ધધર્મી પ્રજા છે. તદનુસાર સર્વત્ર બુદ્ધમંદિર હોય તે તો બરાબર છે અને સમજાય છે, પરંતુ આ વિસ્તારમાં ઠેરઠેર નાગમંદિરો પણ છે. આ નાગમંદિરો શું છે? કેવી રીતે? કોણ છે આ નાગદેવતા? નાગદેવતાનાં નામ અને સ્વરૂપો પણ જુદાંજુદાં છે—સોલિંગનાગ, ગુપ્તનાગ આદિ. આ પ્રદેશમાં કોઈ કાળે નાગપ્રજા વસતી હશે? તેમના આ કોઈ આગેવાનો છે કે પછી નાગ એટલે સર્પ? ગહન સંશોધન માગી લે તેવો વિષય છે! પરંતુ અમારી પાસે સંશોધનનો સમય નથી. અમે આગળ ચાલ્યા.

અમે બાસ્પાઘાટીમાં વિચરી રહ્યા છીએ. તદનુસાર અમારે એકાદ વાર તો બાસ્પાનદીના કિનારે જવું જોઈએ. અહીં સાંગલામાં તે શક્ય છે. અહીં મંદિરસંકુલથી એક પગવાટ બાસ્પાનદીના કિનારા તરફ જાય છે. અમે પગવાટ પર ચાલ્યા. રસ્તો પાકો બાંધેલો છે, પરંતુ ઊબડખાબડ છે. બંને બાજુ મકાનો છે, વૃક્ષો છે અને વાંકીચૂકી અનેક પગદંડીઓ છે. કેવી રીતે પહોંચવું? પરંતુ પૂછતા નર પંડિતા! અમે પણ પૂછતાં-પૂછતાં પંડિત બની ગયા અને રસ્તો પામતા ગયા. ચાલશે તે પહોંચશે તદનુસાર અમે પણ ચાલતા જ રહ્યા અને આખરે નદી કિનારે પહોંચ્યા. પ્રચંડ વેગ સાથે વહેતી આ સોહામણી નદી બાસ્પા છે. અહીં બાસ્પા પર એક સરસ પુલ છે. અમે પુલ પર ઊભા રહ્યા. પુલ પર ઊભા રહીને ધસમસતા વહેતા જતા નદીપ્રવાહને નીરખતા રહ્યા, સાંભળતા રહ્યા!

આ પુલ પાર કરીને સામા કિનારાનો રસ્તો ક્યાં જાય

છે? કોને પૂછવું? કોઈક તો મળી જ જાય ને! જેમની પાસે પ્રશ્નો છે તેમને ઉત્તરો આપનારા મળી જ જાય છે! સામેના કિનારેથી એક દસ-બાર વર્ષનો પહાડી બાળક આવી રહ્યો છે. અમારી નજીક આવ્યો. મેં તેને પ્રશ્ન પૂછ્યોઃ

'સામા કિનારે આ રસ્તો ક્યાં જાય છે?'

ઉત્તર મળ્યોઃ

'સામા કિનારે આ રસ્તો બે રસ્તામાં ફંટાય છે. જમણી બાજુનો રસ્તો રોહડુ જાય છે અને ડાબી બાજુનો રસ્તો કાશ્મીર જાય છે.'

'કાશ્મીર?'

'હા, કાશ્મીર!'

આટલું કહીને તે તો પોતાને માર્ગે ચાલ્યો ગયો, પરંતુ મારા ગળે આ વાત કોઈ રીતે ઊતરી નહીં. કાશ્મીર? અહીં કાશ્મીર હોઈ શકે જ નહીં! અહીં તો સામેની બાજુ તિબેટ હોઈ શકે, પરંતુ કાશ્મીર કેવી રીતે? વળી મારું મન વિચારે છેઃ ઉત્તર આપનાર બાળક છે! બિચારા બાળકને શું ખબર પડે કે કિન્નોરપ્રદેશની કોઈ સરહદ કાશ્મીરને સ્પર્શતી નથી અને અહીં બાસ્પાનદીના કિનારે કાશ્મીર હોઈ જ ન શકે!

અમે પુલ પર ઊભા રહીને બાસ્પાના વેગીલા જળપ્રવાહને અને સામેના કિનારાના સુંદર જંગલને જોઈ રહ્યા છીએ.

સામેના કિનારેથી એક સજ્જન આવી રહ્યા છે. પીઢ વ્યક્તિ છે, બાળક નથી. મેં તેમને પણ તે જ પ્રશ્ન પૂછ્યોઃ

'સામેના કિનારે આ રસ્તો ક્યાં જાય છે?'

તેમણે પણ તે જ ઉત્તર આપ્યોઃ

'જમણી બાજુનો રસ્તો રોહડુ તરફ અને ડાબી બાજુનો રસ્તો કાશ્મીર જાય છે!'

'કાશ્મીર? કાશ્મીર કેવી રીતે?'

તેઓ ઊભા રહ્યા. મારી સમસ્યા સમજી ગયા. પછી નિરાંતે તેઓ મને સમજાવે છેઃ

'તમે જે કાશ્મીર સમજો છો, તે કાશ્મીર અહીં ન જ હોય. તે કાશ્મીરની અહીં વાત પણ નથી. અહીં સામે કિનારે 'કાશ્મીર' નામનું એક નાનું ગામડું છે.'

'કાશ્મીર એક ગામડું છે? અહીં કિન્નોરપ્રદેશમાં?'

'હા, અમારા કિન્નોરપ્રદેશમાં 'કાશ્મીર' નામનું ગામડું છે. બહુ સુંદર ગામ છે, તેથી અમે તેનું નામ 'કાશ્મીર' રાખ્યું છે.'

હવે સમજાયું. અહીં કિન્નોરપ્રદેશમાં 'કાશ્મીર' નામનું એક નાનું, સુંદર ગામડું છે — હા, કિન્નોરપ્રદેશનું એક ગામડું - કાશ્મીર!

અમારું નદીદર્શન પૂરું થયું. અમે પાછા ફર્યા. હવે પગદંડી પર ચડવાનું છે. હાંફતાં-હાંફતાં માંડમાંડ ચાલીએ છીએ. અમે ફરીથી મંદિરમાં ગયા. પ્રાંગણમાં થોડી વાર બેઠા. થોડીવારમાં દસબાર બાળકોનું એક ટોળું આવ્યું. તેમણે પૂજારી પાસેથી અહીં દેવની સામે નૃત્ય કરવાની અનુમતિ માગી અને પૂજારીજીએ અનુમતિ આપી. નૃત્યનો પ્રારંભ થયો. બાળકો લગભગ સાત-આઠ વર્ષનાં છે. કોઈપણ પ્રકારનાં ગાયનવાદન વિના જ નૃત્ય ચાલ્યું, પણ શું નૃત્ય ચાલે છે! તાલબદ્ધ હાથ અને પગની લયબદ્ધતા, બધાંના હાથપગનો વિન્યાસ અને અંગવિન્યાસમાં અસાધારણ એકરાગ!

આટલાં નાનાં બાળકો આટલું સુંદર, આટલું લયબદ્ધ નૃત્ય કરે છે! તેમના હાથપગ અને સમગ્ર શરીરનો ત્વરિત અંગવિન્યાસ! આટલો ત્વરિત અંગવિન્યાસ! દસેક મિનિટ તેમનું નૃત્ય ચાલ્યું, પછી તેઓ પોતાના માર્ગે ચાલ્યાં ગયાં, સૌ પોતપોતાને ઘેર! જાણે તેઓ નૃત્ય દ્વારા દેવની પૂજા-ઉપાસના-પ્રણામ કરવા આવ્યાં હતાં!

મેં પૂજારીજીને પૂછ્યુંઃ

'અહીં કોઈ નૃત્યશાળા ચાલે છે? આ બાળકો નૃત્યશાળાનાં વિદ્યાર્થીઓ હતાં?'

પૂજારીજીને મારા પ્રશ્નથી નવાઈ લાગી. તેમણે ઉત્તર આપ્યોઃ

'અહીં નૃત્યની કોઈ શાળા નથી અથવા એમ ગણો કે આ સમગ્ર કિન્નોરપ્રદેશ નૃત્યની શાળા જ છે. અહીં કોઈ

બાળકને નૃત્ય શીખવવું ન પડે! તેઓ તો નૃત્ય શીખીને જ જન્મ્યાં છે!'

મને યાદ આવ્યું -

ખારવાનાં સંતાનોને તરતાં શીખવવું ન પડે. તદનુસાર આ કિન્નોર બાળકોને નૃત્ય શીખવવું ન પડે! કિન્નર અને નૃત્યસંગીત વચ્ચે અવિનાભાવ સંબંધ છે.

અમે આગળ ચાલ્યા. થોડું ચઢાણ ચડીને અમે સાંગલાના મુખ્ય માર્ગ પર એક નાના ચોકમાં આવ્યા. અહીંથી અમને ખૂબ સ્પષ્ટ રીતે કિન્નર-કૈલાસનાં દર્શન થયા. સામે જ કિન્નોર-પર્વતમાળા છે. તેમાંનું એક શિવલિંગ આકારનું છે. તે જ કિન્નર-કૈલાસ છે. રિક્યાંગ-પિયો અને કાલ્પાથી દર્શન કર્યાં તે કિન્નર-શિવલિંગ અને ચિત્તકૂલ, કામરુ અને અહીં સાંગલાથી દર્શન કર્યાં તે કિન્નર-કૈલાસ!

હવે સાંજ થઈ ગઈ. અંધારાનો પ્રારંભ થયો છે. અમારે ભોજન અને આરામના આશરે જવાનું છે. સવારે અમે સાંગલાથી પાછા ફર્યા.

સાંગલાથી હવે અમે કર્છમ તરફ અર્થાત્ સતલજ તરફ પાછા ફરી રહ્યા છીએ. સાંગલાથી ૯ કિ.મી. જેટલું અંતર કાપીએ એટલે 'ગોમડોખંડ' નામનું સ્થાન આવે છે. આ ગોમડોખંડ સ્થાન છે, પરંતુ ગામ નથી. સાંગલા તરફ જતી વખતે આ સ્થાન સાંગલા પહેલાં આવ્યું હતું, પરંતુ અમારા ધ્યાનમાં ન આવ્યું. અહીં નદી તરફ રસ્તાના સાવ કિનારે એક નાનું દુર્ગામંદિર છે. અમે મોટર ઊભી રાખી નીચે ઊતર્યા.

અહીં આ દુર્ગામંદિર બન્યું કેવી રીતે? આ બૌદ્ધોના પ્રદેશમાં દુર્ગામંદિર! હા, દુર્ગામંદિર અને બૌદ્ધોના પ્રદેશમાં દુર્ગામંદિર! આ રસ્તો અર્થાત્ કર્છમથી ચિત્તકૂલ સુધીનો રસ્તો જોખમી ગણાય છે. તેમાં પણ ગોમડોખંડ તો અકસ્માતક્ષેત્ર જ છે. અહીં આ સ્થાન પર પહાડ ઉપરથી શિલા પડવાથી એકી સાથે ૪૦ માનવોનો સ્વર્ગવાસ થયો! આ વિસ્તારમાં હાહાકાર થઈ ગયો. બધા હચમચી ગયા! એકીસાથે ૪૦ યુવાનો ચાલ્યા ગયા! આ અકસ્માતોથી અને જીવલેણ અકસ્માતોથી બચવું કેવી રીતે?

અહીં સરકારી બાંધકામવિભાગમાં કામ કરતી મહિલાઓનું એક મંડળ છે- 'પી.ડબ્લ્યુ. ડી. મહિલામંડળ.' તેમણે સૌએ સાથે મળીને આ દુર્ગામંદિરની રચના કરી. એક સાધુને પૂજારી તરીકે ગોઠવ્યા છે. સાધુના નિવાસ માટે દુર્ગામંદિરની સાવ સામે રસ્તા પર બે માળનું એક સાવ નાનું અને સાંકડું નિવાસસ્થાન અહીં કર્છમમાં કામ કરતી પાવર પ્લાન્ટ કંપનીએ બનાવી આપ્યું. આ સાધુ મંદિરમાં સવાર-સાંજ પૂજા કરે છે અને પસાર થતાં બધાં વાહનોમાં બેઠેલાં સર્વ યાત્રીઓને પ્રસાદ આપે છે અને કપાળમાં તિલક પણ કરે છે.

કોણ છે આ સાધુ ?

રામાનંદી સાધુ છે. નામ છે અર્જુનદાસ મહાત્યાગી. અમને પણ પ્રસાદ અને કપાળમાં તિલક મળ્યાં. નિરાંતે વાતે વળગ્યા. અમને જાણીને સાનંદાશ્ચર્ય થયું કે તેઓનૂં મૂળ વતન વાંકાનેર છે. મોરબીમાં પરશુરામ પૉટરીમાં કામ કરતા હતા. હવે તેઓ સાધુવેશમાં કિન્નોરપ્રદેશમાં બેઠા છે!

સાધુ કિસકે પહોને;
યોગી કિસકે મીત!

અમારી ગોષ્ઠિ પૂરી થઈ. અમે મોટરમાં બેઠા. મોટર આગળ ચાલી. કર્છમથી અમે ભારત-તિબેટ રાજમાર્ગ પર આવી ગયા. રાજમાર્ગ પર 'જ્યોરી' નામનું સ્થાન આવ્યું. ત્યાંથી આ રાજમાર્ગ છોડીને અમે ડાબી બાજુ વળ્યા. અમારી મોટરગાડી ઉપર ચડવા માંડી અને અમે હવે સરાહન તરફ જઈ રહ્યા છીએ. હવે અમે કિન્નોરપ્રદેશની બહાર આવી ગયા અને બુશૌર પ્રદેશમાં પ્રવેશ પામી ગયા.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## પુનિત મહારાજનું આફ્રિકામાં દાન...
### રમેશ તન્ના

---

જ્યારે પુનિત મહારાજે આફ્રિકામાં દાનમાં મળેલા લાખો રૂપિયા સ્થાનિક સમાજકાર્યો માટે પરત કર્યા...

આલેખનઃ રમેશ તન્ના

આ વાત ૧૯૫૫ના વર્ષની છે. જાણીતા સંત પુનિત મહારાજને આફ્રિકા આવવા માટેનું આમંત્રણ મળ્યું. તેઓ ગયા. મહારાજે સાંભળ્યું હતું કે આફ્રિકામાં વસતા ભારતવાસીઓમાં ધર્મભાવના બિલકુલ લુપ્ત થઈ ગઈ છે. સૌ નાસ્તિક બની ગયા છે. દારૂ પીતા અને માંસ ખાતા થઈ ગયા છે.

જો કે આફ્રિકા આવ્યા પછી પુનિત મહારાજને તરત જ ખાતરી થઈ ગઈ કે આ બધી વાતો અતિશયોક્તિથી ભરેલી છે. માંસ મચ્છી અને દારૂનું સેવન તો શહેરના સુધરેલા કહેવાતા લોકો ભારતમાં પણ ક્યાં નથી કરતા! (આ ત્યારની વાત છે, અત્યારની નહીં.)

આફ્રિકામાં પુનિત મહારાજની કથામાં લોકો ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊમટવા લાગ્યા.

આફ્રિકામાં વસતા ભારતીયો ભારતથી જતા પ્રવાસીઓનો પ્રેમપૂર્વક સત્કાર કરે છે. જાદુગર હોય, કથાકાર હોય, કવિ હોય, લેખક હોય, સમાજસેવક હોય કે સંત હોય - એમનોય ખૂબ આદરપૂર્વક સત્કાર કરે છે. એમની ફંડફાળાની ઝોળી ખૂબ જ ઊલટભેર છલકાવી દે છે. વતનના માણસોને વતનમાં ચાલતી પ્રવૃત્તિઓમાં આફ્રિકામાં વસતા ભારતીઓ ખૂબ રસ લેતા હોય છે.

પુનિત મહારાજનાં ભજનના સીધાસાદા છતાં હૈયાસોંસરા ઊતરી જાય એવા ચોટદાર શબ્દો જીવન જીવવાની ગુરુચાવી બતાવતા હતા.

પૂર્વ આફ્રિકાનાં મોટાં મોટાં શહેરોમાંથી ને જુદા જુદા ટાપુઓમાંથી મહારાજને આમંત્રણ આવવા લાગ્યાં. તેમના ચરણોમાં લાખો રૂપિયાના ઢગલા થયા.

પુનિત મહારાજે વિદાય વેળાએ ત્યાંના સ્થાનિક સેવાભાવી ભાઈઓને ભેગા કર્યા.

પોતાના અંતરની વાત એમની સમક્ષ વ્યક્ત કરતાં બોલ્યાઃ

'ભાઈઓ, હું અહીં સેવા લેવા નથી આવ્યો, આપવા આવ્યો છું. આ રકમ સારાં ધાર્મિક કાર્યોમાં, અહીં તમે રહો છો ત્યાં, તમારે જ હાથે વાપરવાની છે. જો તમારે મને કંઈ આપવું જ હોય તો તમારું મન આપો. મને આપેલા એ મનને મનમોહનનાં ચરણોમાં ચોંટાડી દો. પ્રભુનું નામસ્મરણ કરો. પ્રભુનાં દીનદુખિયાં સંતાનોની સેવા કરો. તમારી પાસેથી આ વચન લઈને હું ભારત પાછો ફરીશ ત્યારે મારા હૈયામાં ઊર્મિની છોળો ઊછળતી હશે કે કરોડોની કમાણી કરીને હું પાછો ફરી રહ્યો છું.'

એ બધી રકમની જાહેર સમિતિ બનાવી મહારાજ તો આફ્રિકાથી પાછા ફર્યા. પાછા ફરતી વેળાએ એક ચિરંજીવ છાપ લોકહૈયે અંકિત કરતા ગયા.

દરિયાપાર વસતા આશરે બે કરોડ ભારતીયોમાં ૭૫ લાખેક ગુજરાતીઓ છે. દર વર્ષે અનેક સંતો-સાધુઓ-ધાર્મિક વડાઓ વિદેશ જાય છે, ત્યાં વસતા ભારતીયો કે ગુજરાતીઓને દર વર્ષે કરોડો રૂપિયાનાં દાન મળે છે, પણ પુનિત મહારાજની જેમ કોઈએ ત્યાં ભેગું કરેલું દાન સ્થાનિક ઉત્કર્ષ માટે વાપર્યું હોય તેવું જાણ્યું નથી.

૨૦ વર્ષના ડાયસ્પોરા પત્રકારત્વમાં બહુ ઓછા કિસ્સા જાણ્યા છે કે જેમાં સ્થાનિક વિકાસ માટે એનઆરઆઈ કે એનઆરજીએ પૈસા આપ્યા હોય, કોઈ સંતે ભેગા થયેલા પૈસા ત્યાંના વિકાસ માટે આપ્યા હોય તેવી તો આ લગભગ પહેલી ઘટના હશે.

## ૧૨. મરક- મરક

**એક જ વાક્યમાં...**
**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

---

૧. આપણી પાસે બે જ પસંદગી છેઃ ૧) આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ અને ૨) નેચરલ સ્ટુપીડીટી.

૨. પ્રકાશની ગતિ અવાજની ગતિ કરતાં વધુ હોય છે, એટલે જ ઘણાં લોકો બોલે નહીં ત્યાં સુધી જ સુંદર લાગતા હોય છે!!

૩. સ્માર્ટ તો ફોન પણ હોય, તમારું કેમ છે?

૪. લોકોનું જીવનધોરણ એટલું ઊંચું જતું રહ્યું છે, નવું સ્મશાન બાંધવામાં મોંઘવારી નડે છે!

૫. આ વર્ષે સૌથી વધુ વખત બોલાયેલું વાક્યઃ ‘‘’મારો અવાજ બરાબર સંભળાય છે?’’’

૬. હવે તો લોકોને કહેવું પડશે કે એમનું મગજ પણ એક એપ્લીકેશન છે, ત્યારે જ એનો ઉપયોગ કરશે.

૭. કેટલીક ભૂલો એટલી મસ્ત હોય કે એક વખત કરવાથી સંતોષ ન થાય!

૮. મારે જો મારી જાતને મારી નાંખવી હોય તો તમારા અહંકાર પર ચડીને તમારા IQ ઉપર કૂદકો મારવાનો!

૯. એક ડાહ્યા માણસે એક વખત કહ્યું... ના. એણે કંઈ કહ્યું નહીં માત્ર સાંભળ્યું!!

૧૦. કેટલાંક લોકો માટે પુસ્તકો પણ ટીવી જ છે!!

૧૧. પૈસા આપીને IQ ટેસ્ટ આપવી એ એ જ ટેસ્ટનું આપ્યા પહેલાં આવેલું પરિણામ છે!

૧૨. આપણે એવા સમાજમાં જીવીએ છીએ જેમાં પોલીસ કરતા પિઝ્ઝા જલ્દી પહોંચે છે!!

૧૩. જો હું તમારી સાથે સહમત થાઉં તો આપણે બંને જુઠ્ઠા કહેવાઈશું!!

૧૪. જો ભગવાન બધું જ જોતા હોય તો આપણે આપણું સેન્સ ઓફ હ્યુમર સુધારવું જોઈએ!!

૧૫. સારો વક્તા નર્કનો રસ્તો પણ એવી રીતે દર્શાવે કે તમને જવાનું મન થઈ જાય!!

## ૧૩. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- તા.૦૩થી ૦૫ દરમિયાન ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નૉલૉજીના ગુજરાતભરનાં લોક વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડીનેટર્સનો એક ત્રિદિવસીય વર્કશોપ લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રના આયોજનમાં યોજાઈ ગયો. શ્રી અરુણભાઈ દવેએ પ્રારંભિક ભૂમિકા રજૂ કરી, ગુજકોસ્ટના ડાયરેક્ટરશ્રી નરોત્તમ સાહૂજીએ વર્ચ્યુઅલ મોડથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો. ચારુસેટ યુનિવર્સિટીના કુલપતિ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રસિદ્ધ ખગોળ વિજ્ઞાની ડૉ. પંકજ જોશીએ બહુ જ રસપ્રદ રીતે 'વિજ્ઞાન, ભવિષ્ય અને ગાંધી' વિષય અન્વયે ચાવીરૂપ વ્યાખ્યાન રજૂ કર્યું. ત્રણ દિવસનો વર્કશોપ પ્રવૃત્તિઓ અને મુલાકાતોથી સભર રહ્યો. વચ્ચે એક દિવસ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધાર અને કૃષિ અને બાગયત તાલીમ કેન્દ્ર-મણારની મુલાકાત પણ સફળ રહી. મિટ્ટીધન-ધરમપુરાના શ્રી હીરેન પંચાલનું કામકડાંનું નિદર્શન-પ્રદર્શન-રજૂઆત અને સિહોરના નિવૃત્ત શિક્ષક શ્રી મનુભાઈની લાકડાંનાં રમકડાં બનાવવાની પ્રત્યક્ષ પ્રવૃત્તિઓએ ભારે આકર્ષણ જન્માવ્યું.
- તા. ૦૩ અને ૦૫ના રોજ ગુજકોસ્ટ પ્રેરિત અને લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત ગુજરાતના લોક વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટરની કાર્યશાળાના ઉપક્રમે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓએ 'રમકડાં કાર્યશાળા'માં તાલીમ લીધી. શ્રી મનુભાઈ કેવડિયાના માર્ગદર્શન નીચે તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ લાકડાંમાંથી વિવિધ શૈક્ષણિક રમકડાં બનાવવાની મજા માણી.
- તા. ૦૪ના રોજ શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી વિક્રમભાઈ દેસાઈ ડેરી યુનિટમાં વૈજ્ઞાનિક ભલામણો અને તકનિકોના સંદર્ભે ચર્ચા કરવા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ જઈ આવ્યા.
- તા.૧૦ના રોજ લોકભારતીના વિભાગીય નિયામકશ્રીઓ-આચાર્યશ્રીઓ-વિભાગીય વડાશ્રીઓ અને સર્વે હિસાબનીશશ્રીઓની હિસાબીકાર્ય અપડેટેશન કાર્યશાળા યોજાઈ ગઈ. તેમાં નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ કાર્યશાળાની ભૂમિકા રજૂ કરી અને સંસ્થાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ શાહે એક અધ્યાપકની અદાથી સતત દોઢેક કલાક સુધી સૌને તાલીમ આપી. શ્રી કાંતિભાઈ ગોઠીએ આભારવિધિ કરી.
- તા.૧૧ના રોજ જી.સી.ઈ.આર.ટી.ની સલાહકાર સમિતિની એક બેઠક લોકભારતી મુકામે ડાયરેક્ટરશ્રી ટી.એસ.જોશી સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ, તેમાં શિક્ષણ તજજ્ઞશ્રીઓ અને રાજ્યના ડાયેટના કેટલાક આચાર્યશ્રીઓ સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યા.
- વેલ્થ ફર્સ્ટ પોર્ટફોલિયોના શ્રી આશીષભાઈ

કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના શ્રી પ્રતુલભાઈ શ્રોફને લઈને તા.૧૧ના રોજ લોકભારતીની પરિચય અને શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેઓએ બહુ જ વિગતે લોકભારતીનો પરિચય મેળવ્યો અને તેઓ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધારની મુલાકાતે માઈધાર પણ જઈ આવ્યા. તેઓ સાથે શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણી રહ્યાં.

- પીડીલાઇટ પુરસ્કૃત જળસંચય યોજનાના કો-ઓર્ડીનેટરશ્રી મનસુખભાઈ વીરુગામા લોકભારતી જળસંચય કામગીરીની મુલાકાતે તા.૧૧ના રોજ આવી ગયા. તેઓ સાથે લોકભારતી જળસંચય યોજનાના શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી ઘનશ્યામભાઈ હુંબલ રહ્યા.
- તા.૧૬ના રોજ ITOWEનાં શ્રી અમૃતાબહેન બધેકા અને શ્રી પાર્થભાઈ તેરૈયા GCERTના ડાયેટની બી.એડ્. કૉલેજોના તાલીમાર્થીઓની આગામી શિબિરોના આયોજન અર્થે આવી ગયાં.
- તા. ૧૭ના રોજ જીસીઈઆરટી દ્વારા આયોજિત નવી શિક્ષણનીતિ (એન.ઈ.પી.) ૨૦૨૦ અંતર્ગત કાર્યશાળામાં માઇક્રોસોફ્ટ ટીમ એપ દ્વારા ગુજરાતની ડી.ઈ.આઈ.ઈ.ડી. કૉલેજોના પ્રાધ્યાપકો સમક્ષ શ્રી ભાવનાબહેન પાઠકે પ્રકરણ-૬ 'સર્વ સમાવેશી શિક્ષણ-સર્વોલબ્ધ અધ્યયન' વિશે પીપીટી દ્વારા રજૂઆત કરી.
- તા. ૧૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ઝોનલ ઓફિસ, પુના દ્વારા આયોજિત સ્ટેટ લેવલ એન્યુઅલ એક્શન પ્લાનનો ઓનલાઇન વર્કશોપ યોજાઈ ગયો. જેમાં શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા જોડાયા.
- આપણા ઘઉં સંશોધન કેન્દ્રના ચાલતા ઘઉં સંશોધનના કાર્યના મોનીટરિંગ અર્થે ICAR અને સ્ટેટની ટીમ તા.૧૮ના રોજ આવી ગઈ. તેમાંથી એક ટીમ માઈધાર અને મણાર કેન્દ્રની પણ મુલાકાતે ગઈ.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન ૧૦૦ ખેડૂતોના જમીનના નમૂનાઓનું પૃથક્કરણ કરીને તેમને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં.
- તા. ૨૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. સંમેલનમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનો પરિચય કાર્યક્રમ તથા અધ્યાપકોએ પ્રાસંગિક વાતો કરી.
- તા. ૨૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧નું બીજું સત્ર સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સંસ્થાના પરિસર પર શરૂ કરવામાં આવ્યું.

- આપણે લોકભારતી અંગે એક આધુનિક પદ્ધતિએ ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ. તે અનુસંધાને ફિલ્મમેઇકર શ્રી વૈભવભાઈ પંડિત તા.૨૩મીના રોજ લોકભારતીની રૂબરૂ મુલાકાતે આવી ગયા અને સંબંધિતો સાથે વિચાર-વિમર્શ કર્યો તથા કેટલીક પ્રવૃત્તિઓ નીહાળી.
- તા. ૨૫ અને ૨૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બેટર કોટન ઇનિશિએટીવ (બીસીઆઈ)ના વિસ્તરણ કાર્યકરોની તાલીમ કેમ્પસ પર યોજાઈ ગઈ.
- તા. ૨૬ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી વિનીતભાઈ સવાણી ઇનપુટ ડિલરના

સર્ટીફિકેટ કોર્સ સંદર્ભે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જઈ આવ્યા.

- સમગ્ર માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મરચા, ચણા અને ઘઉંના પાકના ફિલ્ડ ડે અનુક્રમે કારિયાણી, ઠાંસા અને ગુંદરણા ગામે યોજાઈ ગયા.
- શ્રી અરુણભાઈ દવે તા. ૦૧થી ૦૫ ગુજરાતના ત્રીસેય લોકવિજ્ઞાન કેન્દ્રોના સંચાલકોની યોજાએલ તાલીમ શિબિરમાં વિજ્ઞાન ભવન ખાતે વ્યસ્ત રહ્યા. સતત આવ્યા કરેલા મહેમાનોની મુલાકાતો અને તેમની સાથેની યોજનાઓ બનાવવામાં સમય આપ્યો. તા. ૧૦મીએ ખડસલી ખાતે યોજાએલ ખેડૂત સંમેલનમાં 'ગાંધીજન તો તેને કહીએ' વિષય પર વ્યાખ્યાન આપી, મણાર કૃષિ કેન્દ્રમાં યોજાએલ ખેડૂત સંગોષ્ઠિમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે પ્રાસંગિક પ્રવચન આપ્યું. તા. ૧૧મીએ કે.આર.શ્રોફ ફાઉન્ડેશનના શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને શ્રી આશીષભાઈ સાથે લોકભારતી દર્શન કરીને માઈધાર મુલાકાતે ગયા. તા. ૨૨મીએ માઈધાર લાયબ્રેરી માટેનાં પુસ્તકો અને જરૂરી સામાન લઈને જઈ આવી વહીવટી કાર્યો પતાવ્યાં.

### આંબલા સમાચાર

- તા.૦૩ના રોજ શ્રી ધ્રુવભાઈ દવેનો સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર ઉત્સાહથી જોડાયા.
- તા.૦૩થી ૦૫ના રોજ મોજીલા શિક્ષણ પ્રોજેક્ટના કાર્યકર શ્રી મહર્ષિભાઈ તથા શ્રી કેતનભાઈ લોકભારતી ખાતે લોકવિજ્ઞાન કેન્દ્રમાં તાલીમ માટે જઈ આવ્યા.
- તા. ૧૦ના રોજ ભૂતપૂર્વ આચાર્યશ્રી ભાનુભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે પરિવાર સાથે આવી ગયા.
- તા. ૧૦ના રોજ શ્રી રવિભાઈ પંડ્યા હિસાબી કાર્યના અપડેટશન વર્કશોપમાં લોકભારતી ખાતે જઈ આવ્યા.
- તા. ૧૧ના રોજ નવા મંત્રી મંડળની રચના કરવામાં આવી. તા. ૧૨ના રોજ તેની શપથવિધિ કાર્યક્રમ પણ યોજાયો.
- તા.૧૭ના રોજ સમૂહપ્રાર્થનામાં ભાવનગરના જાણીતા શિક્ષણવિદ્ ડૉ. મનહરભાઈ ઠાકરે વકતવ્ય આપ્યું.
- તા.૧૮ના રોજ વિદ્યાર્થીઓનો મનગમતો કાર્યક્રમ ખજાનાની શોધ યોજાઈ ગયો. તેમાં ડૉ. મનહરભાઈ ઠાકર અને સંસ્થા પરિવાર જોડાયો.
- તા. ૨૧ના રોજ ગુજરાતી ભાષા દિન નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરેલ અને વિદ્યાર્થીઓને તેના વિષે સમજણ આપેલ.
- તા.૨૧ના રોજ સાંય પ્રાર્થના પછી શ્રીઅગરસંગભાઈ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાઈ ગયો. વિદ્યાર્થી તથા કાર્યકર પરિવાર સાથે ઉત્સાહથી જોડાયા.

### મણાર સમાચાર

- તા.૦૧ના રોજ ધો.૯ તથા ૧૧નાં છાત્ર-છાત્રાઓને કોવિડ-૧૯ની એસઓપી મુજબ વાલીઓ પાસેથી સંમતિપત્ર મેળવી છાત્રાલય અને વિદ્યાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો.
- મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત તા. ૦૫થી ૧૪ એમ ૧૦ દિવસ સુધી વિવિધ સ્પર્ધાઓનું

આયોજન કરવામાં આવ્યું. જેમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, રંગોળીપૂર્તિ, સુલેખન વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

- ‘સેફર ઇન્ટરનેટ ડે’ નિમિત્તે તા. ૦૯ના રોજ પરિસંવાદમાં શ્રી કંચનબહેન થડોદાએ ઓનલાઇન ભાગ લીધો. આ પરિસંવાદનો વિષય હતો ‘રીઈમેજીનીંગ અ સેફર વર્લ્ડ ફોર ચિલ્ડ્રન’.
- ધો.૧૦ એસ.એસ.સી. અને ધો.૧૨ એચ.એસ.સી.ના બોર્ડના વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.
- આ માસ દરમિયાન જિલ્લા તથા તાલુકા પંચાતની ચૂંટણીની કાર્યવાહી માટેની મીટિંગો તથા ચૂંટણી પ્રક્રિયામાં અહીંની લોકશાળાનો સ્ટાફ જઈ આવ્યો.
- તા. ૨૧ના રોજ રાત્રી કાર્યક્રમ અંતર્ગત ગરબીનું આયોજન કરવામાં આવ્યું. સૌ છાત્ર-છાત્રાઓ તથા કાર્યકરો રસપૂર્વક ગરબીમાં જોડાયાં.
- તા.૧૦ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તાજેતરમાં જ રીટાયર્ડ થયેલ શ્રી પાઠકસાહેબ અહીંની કૃષિ તથા બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલસાહેબ, શ્રી અરુણભાઈ દવે પણ જોડાયા. તેમની સાથે ખેડૂતોની મિટીંગ પણ ગોઠવવામાં આવી.
- આ વરસે લોક-૧ ઘઉંનું બ્રીડર સીડનું વાવેતર ૩૦ એકરમાં કરવામાં આવ્યું. તેનું છેલ્લું મોનીટરિંગ તા. ૧૮ના રોજ પૂર્ણ કરવામાં આવ્યું. જૂનાગઢ તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞોએ આ કામ પૂર્ણ કર્યું.
- અહીંની ગોશાળાના કેંપસમાં ૪૫ ઘન મીટરના નવા બાયોગેસ પ્લાંટનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. હાલ આપણી પાસે ૪૫-૪૫ ઘન મીટરના બે બાયોગેસ પ્લાન્ટ ચાલુ પરિસ્થિતિમાં છે અને તેના ગેસનો ઉપયોગ સામૂહિક રસોડાની રસોઈ બનાવવામાં થાય છે.
- તા.૨૭ના રોજ પીડીલાઈટ કંપનીના ડૉ. શુકલાજી તથા તેમની ટીમ કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગઈ.

## શ્રદ્ધાંજલિ

- કેળવણીકાર જુગતરામભાઈ દવે સ્થાપિત સ્વરાજ આશ્રમ, વેડછીના ઉત્તર બુનિયાદી વિદ્યાલય (લોકશાળા) અને પછી વેડછીના જ પ્રાથમિક શિક્ષક અધ્યાપન મંદિરનો અભ્યાસપૂર્ણ કરી, વેડછી વિસ્તારના પ્રથમ વિદ્યાર્થી તરીકે લોકભારતીના આરંભના બીજા બેચમાં પ્રવેશ મેળવી, સ્નાતકની પદવી પ્રાપ્ત કરનાર શ્રી મનુભાઈ ભાણાભાઈ ચૌધરીનું ૮૮ વર્ષની વયે તા. ૩૦-૦૮-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે. તેઓએ વેડછીમાં અને વાંસદા-નવસારીના ઊંડાણના ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં શિક્ષક-આચાર્ય તરીકે કામગીરી બજાવી, નિવૃત્તિ લીધી હતી.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

ત્રણ દિવસનો આ વર્કશોપ પ્રવૃત્તિઓ અને મુલાકાતોથી સભર રહ્યો. એક દિવસ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધાર
અને કૃષિ અને બાગયત તાલીમ કેન્દ્ર-મણારની મુલાકાત પણ સફળ રહી.
મિટ્ટીધન-ધરમપુરાના શ્રી હીરેન પંચાલનું કામકડાંનું નિદર્શન-પ્રદર્શન-રજૂઆત અને સિહોરના
નિવૃત્ત શિક્ષક શ્રી મનુભાઈની લાકડાંનાં રમકડાં બનાવવાની પ્રત્યક્ષ પ્રવૃત્તિઓએ ભારે આકર્ષણ જન્માવ્યું.

















TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-